FMPB
ફસલ

અંક-૫ મે ૨૦૨૪

પણ શું દેવ ખરેખર પૃથ્વી પર વસશે ? જો, આકાશ તથા આકાશોનું આકાશ તારો સમાવેશ કરી શકતું નથી, તો આ મારું બાંધેલું મંદિર તારો સમાવેશ કરે એ કેટલું બધુ અશક્ય છે ? - (૧ રાજાઓ ૮:૨૭)

## સર્વોચ્ચ ઈશ્વર આગળ હું કોણ ?

# સર્વ સમર્થ, જ્ઞાની, વ્યાપક ઈશ્વર



# મુખપૃષ્ઠ...

## હું તમારી બીકમાં ઊભો છું !



એક રવિવારની સવારે, ઈશ્વરવિદ્યા શાળાના પ્રશિક્ષક પોતાને એક નાના છોકરા સાથે ટ્રેનની બેઠક પર બેઠેલા જોવા મળ્યા. છોકરાની પાસે સન્ડે સ્કૂલના પાઠની પત્રિકા હતી. "તું સન્ડે સ્કૂલમાં જાય છે ?" તે પ્રશિક્ષકે મૈત્રીપૂર્ણ રીતે પૂછ્યું. "હા, સર," છોકરાએ જવાબ આપ્યો. પેલા માણસે છોકરા સાથે થોડી મજા કરવાનું વિચારીને પૂછ્યું, "મને કહે કે ઈશ્વર ક્યાં છે, અને હું તને એક સફરજન આપીશ." છોકરાએ તીક્ષ્ણ નજરે તેમની સામે જોયું. તેણે તરત જ જવાબ આપ્યો, "જો તમે મને જણાવશો કે તે ક્યાં નથી તો હું તમને સફરજનની આખી ટોપલી આપીશ."

માત્ર આપણા ઈશ્વરની જ આ લાક્ષણિકતા છે કે એ દરેક સમયે દરેક જગ્યાએ હાજર રહેવાની ગુણવત્તા છે (યર્મિયા ૨૩:૨૩-૨૪, કોલોસી ૧:૧૬-૧૭). તેથી જ સુલેમાન કહે છે પણ શું ઈશ્વર ખરેખર પૃથ્વી પર વસશે ? જુઓ, આકાશ અને આકાશોનું આકશ તેનો સમાવેશ કરી શકતું નથી, તો આ મારું બાંધેલું મંદિર તારો સમાવેશ કરે એ કેટલું બધુ અશક્ય છે ? ૧ રાજાઓ ૮:૨૭. તે સમય અને અવકાશથી બંધાયેલ નથી. આનો અર્થ એ નથી કે પ્રકૃતિ ઈશ્વરનો એક ભાગ છે અને તેથી તેની આરાધના કરવી જોઈએ. સર્જન ઈશ્વરથી અલગ છે, પણ તેનાથી સ્વતંત્ર નથી. આમ, આપણા ઈશ્વર સર્વમાન્ય ઈશ્વર છે. "સર્વ" શબ્દ ઈશ્વરના પાત્ર અને પ્રકૃતિ વિષે સત્ય દર્શાવે છે. ઈશ્વરની ત્રણ સર્વશ્રેષ્ઠ લાક્ષણિકતાઓ છે.

**સર્વશક્તિમાન** - તે અમર્યાદિત શક્તિ અથવા સત્તા ધરાવે છે... "...કેમ કે સર્વશક્તિમાન પ્રભુ, આપણો દેવ રાજ કરે છે." (પ્રકટીકરણ ૧૯:૬ NKJV). એનો અર્થ એ છે કે તેમની પાસે આપણી પ્રાર્થનાનો જવાબ આપવાની અને જીવનના તમામ જોખમોથી બચાવવાની શક્તિ, સત્તા અને ક્ષમતા છે. તેમના માટે કંઈ મુશ્કેલ નથી.

**સર્વવ્યાપક** - એકસાથે સર્વત્ર હાજર. સર્વવ્યાપકતાનું યર્મિયા ૨૩:૨૩-૨૪ માં વર્ણન કરવામાં આવ્યું છે : "શું હું કેવળ પાસેનો દેવ છું, ને આઘેનો દેવ નથી ? શું ગુપ્ત સ્થાનોમાં કોઈ પોતાને એવી રીતે સંતાડી શકે છે કે, હું તેને નહિ જોઉં ? એવું યહોવા કહે છે. શું હું આકાશમાં તથા પૃથ્વીમાં વ્યાપક નથી ?" અને નીતિવચનો ૧૫:૩, "યહોવાની દ્રષ્ટિ સર્વ સ્થળે છે" તેનો અર્થ છે કે તે અત્યારે પણ તમારી અને મારી સાથે છે.

**સર્વજ્ઞાની** - સંપૂર્ણ જ્ઞાન, બધું જાણનાર. માથ્થી ૬:૩૨ માં સર્વજ્ઞનું વર્ણન કરવામાં આવ્યું છે : "કારણ કે તમારા સ્વર્ગીય પિતા જાણે છે કે તમને આ બધી વસ્તુઓની જરૂર છે" (માથ્થી ૬:૩૨), રોમનો ૮:૨૭ અને ૧ યોહાન ૩:૨૦. તેનો અર્થ એ છે કે તે તમને અને મને વ્યક્તિગત રીતે, સંપૂર્ણ રીતે, અને દરેક ક્ષણની વિગતોને પણ જાણે છે.

શું એ સમજવું પ્રોત્સાહક નથી કે આવા ઈશ્વર આપણા ઈશ્વર છે અને તે આપણી સાથે છે. પણ આ બધા માટે આપણે કોણ છીએ ? ઈશ્વરની સર્વવ્યાપકતા વિશ્વાસીઓને પ્રોત્સાહિત કરે છે અને નિરાશ જનને આશા આપે છે. ઈશ્વરની સર્વજ્ઞતા અને તે આપણા પર કેવી અસર કરે છે તેની સક્રિય વિચારણા આપણને જીવન પ્રત્યે એક નવો દ્રષ્ટિકોણ આપશે. જબરજસ્ત લાગતા અવરોધો દૂર થશે. લાલચ ઓછી આકર્ષક હશે. આપણું વૈચારિક જીવન પણ શુદ્ધ થઈ શકે છે. તેમની હાજરી આપણને તેમના માટે જીવન જીવવા માટે માર્ગદર્શન, પ્રોત્સાહિત, દિલાસિત અને મજબૂત કરી શકે છે. આ સર્વસમર્થ ઈશ્વર આપણને આપણા પરિવારો અને સેવાકાર્યમાં આપણી તમામ વિકટ પરિસ્થિતિઓમાંથી પસાર કરવા માટે પૂરતા છે.

***- મર્સી સેલ્વિન (કમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ)***

તેણે પોતાના ખોબાથી પાણી માપ્યા છે,
ને વેંતથી આકાશ માપી આપ્યું છે,
ને કોણે માપામાં પૃથ્વીની ધૂળ
મવડાવી છે, ને કાંટાથી પર્વતોને તથા
ત્રાજવાંથી પહાડોને તોળ્યા છે ?

(યશાયા ૪૦ : ૧૨)

તેમાં કોઈ શંકા નથી કે આપણે એક
મહાન ઈશ્વરની સેવા કરીએ છીએ.
તે સર્વજ્ઞ, સર્વવ્યાપી અને
સર્વશક્તિમાન છે. આમીન !

- જેનિફર પ્રાઈસ

આકાશો મારું રાજ્યાસન છે,
ને પૃથ્વી મારું પાયાસન છે.
તમે મારે સારું કેવું ઘર બાંધશો ?
અને મારું વિશ્રામસ્થાન કેવું થશે ?

- યશાયા ૬૬:૧

તમારે હિંમતવાન બનવું જોઈએ,
તમે કોણ છો અને તમે શું કર્યું છે
તેના કારણે નહીં, પરંતુ ઈશ્વર કોણ છે
અને તેમણે શું કર્યું છે તેના કારણે !

- વેઈન એ. મેક


**ફસલ**

**અમારું દર્શન :**

'ફસલ' ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડનું અધિકૃત સમાચારપત્ર છે.

**અમારો ધ્યેય :**

એફએમપીબી ભારતના વણખેડાયેલા વિસ્તારોમાં વસતા લોકો સુધી પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા પહોંચાડનાર એક સ્થાનિક મિશનરી ચળવળ છે.

એફએમપીબી દેશભરમાં મંડળી સ્થાપનકાર્યમાં મંડળીના એક હાથ તરીકે કાર્ય કરે છે.

એફએમપીબી જુદાં જુદાં લોકજૂથો મધ્યે પહોંચી જઈને સુવાર્તાપ્રચારનું કાર્ય કરે છે.

એફએમપીબી પ્રાર્થના કરવા તથા પોતાના સેવાકાર્યને ટેકો આપવા માટે મંડળીઓ, સંસ્થાઓ, કુટુંબો અને વ્યક્તિઓને આમંત્રણ આપે છે.

એફએમપીબી- A/5, (3rd floor), હેબ્રોન એપાર્ટમેન્ટ,
ક્રિશ્ચિયન સોસાયટીની સામે, મણિનગર (પૂર્વ),
અમદાવાદ-૩૮૦૦૦૮. ગુજરાત. મો. ૯૯૧૩૦૦૭૨૦૫

**ફસલ**

*એફએમપીબીનું સત્તાવાર માસિક*

*Publisher & Editor*
**S. John Berlin**

| SUBSCRIPTION | INDIA | FOREIGN |
|---|---|---|
| Annual | Rs.100 | Rs.600 |
| Life | Rs.1500 | Rs.5,000 |

H.Q: 29, High School Road, Ambattur,
Chennai - 600 053
Tel: +91-44-2657 0404 Fax: 2657 3353
Cell: 9444394342
E-mail: info@fmpb.org
Web site: www.fmpb.co.in

**Layout and Preparation:**
Communication Dept., fmpb

# જનરલ સેક્રેટરીની કલમે...

વણખેડાયેલા લોકો સુધી પહોંચવાના સેવાકાર્યમાં પ્રિય સહભાગીઓ,

૧ મે સમગ્ર વિશ્વમાં મજૂર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પ્રથમ મજૂર દિવસ ૧ મે, ૧૮૮૯ ના રોજ આંતરરાષ્ટ્રીય કામદાર દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. શિકાગોમાં હેમાર્કેટ હુલ્લડોની યાદમાં ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી. ૧૮૮૬ માં થયેલા રમખાણોને હેમાર્કેટ અફેર તરીકે પણ ઓળખવામાં આવે છે.

સાર્વભૌમ ઈશ્વર તેમના સેવાકાર્યમાં શ્રમ કરનારા બધાને પુરસ્કાર આપે છે. ૧ કરિંથી ૧૫:૫૮ કહે છે કે, "એ માટે, મારા પ્રિય ભાઈઓ, તમે સ્થિર તથા દ્રઢ થાઓ, અને પ્રભુના કામમાં સદા મચ્યા રહો, કેમ કે તમારું કામ પ્રભુમાં નિરર્થક નથી એ તમે જાણો છો." આપણે જાણીએ છીએ કે આપણે ઈશ્વર માટે જે કંઈ કરીએ છીએ તે તેમની ઈચ્છા પ્રમાણે કરીએ છીએ, તે અજાણ્યું કે પુરસ્કાર વિનાનું નહી રહે, તેથી બાઈબલ આપણને મક્કમ રહેવા, પાછા ન પડવા અને ઈશ્વરના કાર્યમાં પોતાને સંપૂર્ણ રીતે સમર્પિત થવા માટેની સલાહ આપે છે. 'સંપૂર્ણપણે' શબ્દ અર્ધદિલથી અથવા આકસ્મિક કરાતા ઈશ્વરના સેવાકાર્યને રદબાતલ કરે છે. પ્રભુ આપણને તેમની દ્રાક્ષાવાડીમાં પ્રામાણિકતા અને વફાદારીથી કામ કરવામાં સહાય કરે.

**ઉચ્ચ અભ્યાસ સમિતિ :** ઉચ્ચ અભ્યાસ સમિતિ ૧૯ મી માર્ચે મળી હતી અને વધુ અભ્યાસ માટે અરજી કરેલ મિશનરીઓની અરજીઓની ચકાસણી કરી હતી.

**BAF બોર્ડ :** બેથેલ એગ્રીકલ્ચરલ ફેલોશિપ બોર્ડની બેઠક ૨૧ અને ૨૨ મી માર્ચ ૨૦૨૪ ના રોજ સાલેમમાં મળી હતી. બેથેલ કેમ્પસ અને સેવાકાર્ય શરૂઆતથી FMPB સાથે જોડાયેલા છે. બેથેલના સેવાકાર્ય માટે સતત પ્રાર્થના કરશો.



**બેંગલુરુ પ્રોફેશનલ ફોરમ :** અમે બેંગલુરુમાં ૨૩ મી માર્ચે બેંગલુરુ પ્રોફેશનલ ફોરમ સાથે બેઠક કરી હતી. અમે ફોરમ સાથે સંબંધિત વિવિધ બાબતો અને માલ્ટો પ્રાથમિક શાળાના સેવાકાર્યમાં તેમની સામેલગીરી વિષે ચર્ચા કરી હતી.

**ગીત સમિતિ :** તમિલનાડુ રાજ્ય પરિષદ ૨૦૨૪ માં જે ગીતો રજૂ કરવામાં આવશે તે નિયુક્ત સમિતિ દ્વારા પસંદ કરવામાં આવે છે અને ગીતોની રચના કરવામાં આવી રહી છે. કૃપા કરીને પ્રાર્થના કરો કે આ ગીતો નાશમાં જતા આત્માઓ માટે ખ્રિસ્તીઓમાં બોજ ઉત્પન્ન કરે.

**રાજસ્થાનની મુલાકાત :** મેં ક્ષેત્રીય આગેવાનો સાથે ૪ થી એપ્રિલથી ૭ મી એપ્રિલ દરમિયાન રાજસ્થાનના સેવા ક્ષેત્રો અને મિશનરીઓની મુલાકાત લીધી હતી. દિવસના સમયે વાતાવરણ ઉકળાટભર્યું હોય છે. આપણા મિશનરીઓ આ પ્રકારની હવામાન પરિસ્થિતિઓમાં ઈશ્વરની સેવા કરી રહ્યા છે. તે સૂકી ભૂમિમાં ઈશ્વરની સેવા કરતા મિશનરીઓ માટે પ્રાર્થના કરો.

**બુંદેલખંડની મુલાકાત :** ૮ મી અને ૯ મી એપ્રિલે અમે મધ્યપ્રદેશમાં બુંદેલખંડ પ્રદેશના સેવા ક્ષેત્રોની મુલાકાત લીધી હતી. જીવન આપતી સુવાર્તા આપણા મિશનરીઓ દ્વારા ગામડાઓમાં પહોંચાડવામાં આવી રહી છે. મિશનરીઓની સલામતી અને સેવાકાર્ય માટે પ્રાર્થના કરશો.

**ચેન્નાઈમાં આગેવાનોની મુલાકાત :** ૧૧મી એપ્રિલના રોજ મેં ચેન્નાઈમાં કેટલાક પ્રાર્થના જૂથના આગેવાનો અને પ્રાયોજકો તેમજ મોબિલાઈઝેશન સેક્રેટરીઓ સાથે મુલાકાત કરી હતી.

**શાખાઓ સાથે મીટિંગ :** અમે તેમના સેવાકાર્યની સમીક્ષા કરવા અને વર્તમાન સંદર્ભમાં આગળની યોજનાઓની ચર્ચા કરવા માટે SCAN, મહિલા અને યુવા સેક્રેટરીઓ સાથે બેઠકો કરી હતી. અમે સેવાકાર્યના માળખાને મજબૂત કરવા અને દરેક શાખાના પાયાના સ્તરે આગેવાનોના પોષણ પર ચર્ચા કરી હતી. અમારા આ સેવાકાર્યો તમારી પ્રાર્થનાઓ અને સમર્થનની કદર કરે છે.

## મે ૨૦૨૪ માં મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો માટે પ્રાર્થના કરશો

**ખાનદેશ અને ખંડવાની મુલાકાત :** મેના પ્રથમ સપ્તાહમાં ખાનદેશ અને ખંડવા પ્રદેશોના સેવા ક્ષેત્રોની મુલાકાત લેવામાં આવશે. ગરમ ઉનાળામાં મુસાફરી માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

**મેનેજમેન્ટ કમિટીની બેઠક :** મેનેજમેન્ટ કમિટીની બેઠક ૧૧મી મેના રોજ ચેન્નાઈમાં યોજાશે. મીટિંગ અને ચર્ચાઓ માટે પ્રાર્થના કરશો.

**તમિલનાડુ રાજ્ય પરિષદ ૨૦૨૪ :** તમિલનાડુ રાજ્ય પરિષદ બેથેલ, સાલેમમાં ૧૬ મી મેથી મે દરમિયાન યોજાશે. મને ખાતરી છે કે તમારામાંથી ઘણા લોકો કોન્ફરન્સ અને તેની વ્યવસ્થાઓ માટે પ્રાર્થના કરી રહ્યા છે અને રાષ્ટ્ર માટે પ્રાર્થના કરવા અને ઈશ્વર સાથેના આપણા સંબંધમાં વધારો કરવા માટે અન્ય પ્રાર્થના યોદ્ધાઓ સાથે જોડાવા માટે પણ તૈયાર થઈ રહ્યા છે. પ્રાર્થનાના દિવસે સાંધ્ય મેદાનમાં સવારની ભક્તિ, સાંજે સંધ્યા સભા, હરિયાળા અને વિશાળ પરિસરમાં રાષ્ટ્ર માટે મધ્યસ્થી, ક્ષેત્રીય વિશ્વાસીઓની રજૂઆતોના અનુભવો મેળવવાની અમે રાહ જોઈ રહ્યા છીએ. કૃપા કરીને પ્રાર્થના સાથે કોન્ફરન્સમાં ભાગ લો કે પાછળથી ઈશ્વરપિતા દ્વારા આપણી ભૂમિ પર વરસાદ વરસાવવામાં આવે.

**નોર્ધન ઝોનલ મીટીંગ કોલકત્તા :** નોર્ધન ઝોનલ આધ્યાત્મિક જીવન અંગેનું સંમેલન ૨૦ મીની સાંજથી કોલકત્તામાં યોજાશે. કૃપા કરીને મિશનરી પરિવારો અને વક્તાઓની મુસાફરી માટે પ્રાર્થના કરો કે સભા આશીર્વાદરૂપ બને.

**હેડક્વાર્ટર સ્ટાફ માટે રીટ્રીટ :** ૩૦ મી મેથી યેલાગીરીમાં હેડક્વાર્ટર સ્ટાફ માટે રીટ્રીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ રીટ્રીટ વર્ષમાં એક વાર ઈશ્વરપિતાની હાજરીમાં એકસાથે સમય પસાર કરવા માટે નિયમિત સેવાકાર્યમાંથી છૂટકારો આપે છે.

**મિશનરી બાળકો :** આપણા મિશનરી બાળકો કે જેઓ શાળાઓ અને કોલેજોમાં અભ્યાસ કરે છે તેઓ આ મહિનામાં મિશન ક્ષેત્રોમાં માતા-પિતા સાથે હશે. પ્રાર્થના કરો કે તેઓનો માતા-પિતા સાથેનો સમય આશીર્વાદિત બની રહે. આપણા મિશનરી બાળકોના શિક્ષણ અને ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ મળે એ માટે પણ પ્રાર્થના કરો.

**લોકશાહીનો તહેવાર :** ભારત નવી સરકારને ચૂંટવા માટે મતદાન કરી રહ્યું છે. હું માનું છું કે તમે બધા ચૂંટણી માટે પ્રાર્થના કરી રહ્યા છો. તમારી પ્રાર્થનાને સતત મજબૂત કરો, જ્યાં સુધી નવી સરકાર ન બને ત્યાં સુધી રાષ્ટ્ર માટે મધ્યસ્થી કરો. તમારી પ્રાર્થનાઓ અને સેવાકાર્યને શક્ય તમામ રીતે સમર્થન આપવા બદલ હું તમારા બધાનો આભાર માનું છું. કૃપા કરીને તમામ મિશનરીઓ માટે પ્રાર્થના કરો કે તેઓ વધુ સંખ્યામાં વણખેડાયેલા લોકો સુધી પહોંચે. હું માનું છું કે તમારો પૂરા દિલથી ટેકો અમને દર્શન હાંસલ કરવા માટે વધુ નજીક લઈ જશે.

ઈશ્વરપિતાના સેવાકાર્યમાં આપનો સાથી સેવક.



**રેવ. જ્હોન બર્લીન એસ.**



# સર્વશ્રેષ્ઠ ઈશ્વર માટેનું મંદિર !

રાજા સુલેમાને યરૂશાલેમમાં સર્વશ્રેષ્ઠ ઈશ્વર માટે એક ભવ્ય પ્રભુમંદિર બનાવ્યું હતું. જ્યારે તે સમર્પણની પ્રાર્થના કરે છે ત્યારે તે ઈશ્વરની મહાનતાની કબૂલાત કરે છે અને પોતાને પૂછે છે કે આ ઈશ્વર, જેમનો આકાશમાં સમાવેશ થઈ શકાતો નથી, તો તેણે બંધાવેલા મંદિરમાં તે કેવી રીતે સમાઈ શકશે ? (૧ રાજાઓ ૮:૨૭). તેમ છતાં મંદિરની ભવ્યતા ખૂબ જ અદ્દ્ભૂત હતી. રાજા સુલેમાને તેણે બનાવેલા મંદિર અને ઈશ્વર સાથે તુલના અને વિરોધાભાસ વ્યક્ત કરે છે. તેમ છતાં મર્યાદિત માનવ મન અનંત ઈશ્વરને સંપૂર્ણ રીતે સમજી શકતું નથી, જેમ જેમ આપણે અભ્યાસ કરીએ છીએ, તેમ તેમ ઈશ્વર આપણને તેમની મહાનતાની ઝલક સમજવામાં મદદ કરે છે અને શા માટે તે તેમની આરાધના કરવા માટે સ્થાનની અપેક્ષા રાખે છે.

## ઈશ્વર સર્વવ્યાપી છે

સર્વવ્યાપકતાનો અર્થ થાય છે કે ઈશ્વર દરેક જગ્યાએ હાજર છે, તેમની બધી રચનામાં દરેક સમયે સંપૂર્ણ રીતે હાજર છે અને બધી જગ્યા ભરે છે. તેનો અર્થ એ છે કે એવું કોઈ સ્થાન નથી કે જ્યાં તે ન રહેતા હોય - યશાયા ૫૭:૧૫, ગીતશાસ્ત્ર ૧૩૯:૧-૧૩, દુષ્ટ અને સારા પર નજર રાખવી - નીતિવચનો ૧૫:૩, ગહન - ગીતશાસ્ત્ર ૧૨૩:૧, આખી પૃથ્વી પર સર્વોચ્ચ - ગીતશાસ્ત્ર ૯૭:૯, ઈશ્વર સિંહાસન પર બેઠેલા, ઉચ્ચ અને ઉત્કૃષ્ટ - યશાયા ૬:૧, ઉચ્ચ અને પવિત્ર સ્થાનમાં રહે છે - યશાયા ૫૭:૧૫, સ્વર્ગ અને પૃથ્વીના દરેક ક્ષેત્રમાં હાજર - યર્મિયા ૨૩:૨૩-૨૪, સૃષ્ટિના છેવાડાના ભાગોમાં પણ - ગીતશાસ્ત્ર ૧૩૯:૭-૧૦, ખૂબ ઊંચા અને ખૂબ નીચા સ્થાનમાં રહે છે - યશાયા ૫૭:૧૫, સ્વર્ગની ઉપર બિરાજમાન છે અને આકાશ અને પૃથ્વી તરફ જુએ છે - ગીતશાસ્ત્ર ૧૧૩:૪-૬, તેના માટે કંઈ છુપાયેલ નથી - હિબ્રૂ ૪:૧૩.

## ઈશ્વર સર્વજ્ઞાની છે

ઈશ્વર દરેક સમયની દરેક ક્ષણો, ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય વિષે બધું જ જાણે છે. ઈશ્વરને ખબર ન હોય એવું કશું નથી. તેમણે કોઈની પાસેથી કે ગમે ત્યાંથી કંઈ શીખવાની જરૂર નથી - યશાયા ૪૦:૧૩, ગીતશાસ્ત્ર ૩૩:૧૩-૧૫, ૧૪૭:૪. તે બધુ જ અગાઉથી જાણતા હતા, શાશ્વત રીતે, સંપૂર્ણ રીતે વ્યાપકપણે. તે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યની તમામ બાબતોને સમજે છે.

ઈશ્વર ત્રિએકતાની અંદર સંપૂર્ણ આત્મ-જ્ઞાન ધરાવે છે. મેથ્યુ ૧૧:૨૬, યોહાન ૧૦:૧૫, ૧ કરીંથી ૨:૧૧. તેમની સમજણ વચ્ચે કોઈ અંતર નથી. તે દરેક વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન ધરાવે છે જેમ કે તે છે - અયૂબ ૩૭:૧૬, તેના માટે કંઈપણ છુપાયેલ નથી - ૧ યોહાન ૧:૫, તે તે જુએ છે જે માણસ જોઈ શકતો નથી - ગીતશાસ્ત્ર ૧૪૭:૫, અયૂબ ૩૬:૪-૫, અનંતકાલિક જ્ઞાન ધરાવે છે - યશાયા ૪૬:૯-૧૦, પ્રેરિતોનાં કૃત્યો ૧૫:૧૮, ઘનિષ્ઠ જ્ઞાન ધરાવે છે - રોમનો ૧૧:૩૩-૩૫, દરેક પર નજર રાખે છે અને તેમના હૃદય અને વિચારોને જાણે છે - નીતિવચનો ૫:૨૧, ૧૫:૩, ૧ કા.વૃ. ૨૮:૯.

## ઈશ્વર સર્વશક્તિમાન છે

ઈશ્વર સર્વશક્તિમાન છે, તેમની પાસે સર્વોચ્ચ શક્તિ છે, કોઈ મર્યાદા નથી અને બધી શક્તિઓનો સ્રોત છે. તેમ છતાં તે તેની બધી રચનાઓ માટે મર્યાદા નક્કી કરે છે, તે શક્તિ, શાણપણ, પ્રેમ, પવિત્રતા અને તેમની સાર્વભૌમ ઈચ્છા પૂર્ણ કરવાની ક્ષમતામાં અમર્યાદિત છે. તેમની શક્તિ અગમ્ય છે પરંતુ આપણે તેમની રચના દ્વારા તેમની શક્તિની ઝલક મેળવીએ છીએ - યશાયા ૪૦:૧૫, હિબ્રૂ ૧:૩. તેમના માટે બધુ જ શક્ય છે - માથ્થી ૧૯:૨૬, લૂક ૧:૩૭, અયૂબ ૪૨:૨, તેમના માટે કંઈપણ મુશ્કેલ નથી - યર્મિયા ૩૨:૨૭, આપણે જે પૂછીએ છીએ અથવા વિચારીએ છીએ તેના કરતાં ઘણું વધારે કરવા સક્ષમ છે - એફેસી ૩:૨૦.

ઈશ્વરની શક્તિ માનવ શાણપણ દ્વારા સમજી શકાતી નથી - ગીતશાસ્ત્ર ૧૪૭:૫, તેની સમજ અસ્પષ્ટ છે - યશાયા ૪૦:૨૮, શરૂઆતથી અસ્તિત્વમાં છે અને બ્રહ્માંડના અંત સુધી રહેશે - પ્રકટીકરણ ૧:૮,

## શા માટે સર્વશ્રેષ્ઠ ઈશ્વરની આરાધના માટે સ્થાનની જરૂર છે :

ઈશ્વરપિતાએ દરેક વસ્તુ મુખ્યત્વે તેમની આરાધના કરવા માટે જ બનાવી છે - કલોસ્સી ૧:૧૬-૧૭, તે અન્ય કોઈ પણ વસ્તુ સાથે તેમનો મહિમા વહેંચતા નથી - યશાયા ૪૨:૮, દેવદૂતો સાથે પણ નહિ - યશાયા ૧૪:૧૨-૧૫, હઝકીએલ ૨૮:૧૬-૧૭, યહૂદા ૧:૬. જેમ જેમ માણસે વિવિધ વસ્તુઓની આરાધના કરવાનું શરૂ કર્યું, ઈશ્વર પૃથ્વી પર તેમની દ્રશ્યમાન હાજરી ઈચ્છતા હતા જેથી લોકો તેમની હાજરીનો અનુભવ કરી શકે.

## A. સર્વશ્રેષ્ઠ ઈશ્વર અપેક્ષા રાખે છે કે માણસો ફક્ત તેમની જ આરાધના કરે :

ઈશ્વર તેમના લોકો પાસેથી હૃદય, મન અને શરીરના આદરણીય વલણમાં સન્માન, આદર, અંજલિની અપેક્ષા રાખે છે. તે અપેક્ષા રાખે છે કે આપણે આપણા પૂરા મનથી અને આપણી પૂરી શક્તિથી તેમને ભજીએ - પુનર્નિયમ ૬:૪-૫. શરૂઆતથી જ ઈશ્વરની સતત આરાધના કરવા માટે દૂતોને અભિષિક્ત કરવામાં આવ્યા હતા. જ્યારે મુખ્ય દેવદૂતે પોતાને ઈશ્વર સમકક્ષ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ઈશ્વરે તેને નીચે પાડી નાખ્યો. હઝકીએલ ૨૮:૧૧-૧૭ અને યશાયા ૧૪:૧૨-૧૫. કારણ કે માત્ર ઈશ્વરની જ આરાધના કરવાની છે. ગીતશાસ્ત્ર ૨૯:૧-૨, ૧ કા.વૃ. ૧૬:૨૯, યશાયા ૪૨:૮.

કાઈન અને હાબેલથી માનવ આરાધનાની શરૂઆત થઈ. તેઓએ તેમની પાસે જે શ્રેષ્ઠ હતું તે સાથે આરાધના કરી. નુહે એક વેદી બનાવી અને બલિદાન સાથે જળપ્રલય પછી ઈશ્વરની આરાધના કરી. ઈબ્રાહીમે ઈશ્વર માટે વેદી બનાવીને આરાધના કરી હતી - ઉત્પત્તિ ૧૨:૮, ૧૩:૧૮. ઈશ્વરે તેમના લોકોને અરણ્યમાં તેમની આરાધના કરવા મિસરની બહાર લાવવા કહ્યું - નિર્ગમન ૫:૧-૨૩. આજ્ઞા મળ્યા પછી ઈસ્રાએલીઓ અઠવાડિયાના સાતમા દિવસે આરાધના કરતા હતા. જ્યારે ઈસ્રાએલીઓ વચનની ભૂમિમાં પ્રવેશી રહ્યા હતા, ત્યારે ઈશ્વરે તેમના લોકોને કનાનીઓને દૂર કરવા કહ્યું જેઓ દુષ્ટ હતા અને બઆલની પૂજા કરતા હતા, કારણ કે ઈશ્વર અપેક્ષા રાખતા હતા કે તેમના બધા લોકો તેમની જ આરાધના કરે - પુનર્નિયમ ૯:૪-૫. આમ, તેઓ ઈસ્રાએલમાં એક સમુદાય તરીકે ઈશ્વરની આરાધના કરતા હતા.

ઈસુના શિષ્યો કે જેમણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે વ્યક્તિગત મુલાકાત કરી હતી, તેઓ અઠવાડિયાના પ્રથમ દિવસે - પુનરુત્થાન દિવસ - ત્રિએક ઈશ્વરની આરાધના કરવા સમુદાય તરીકે એકઠા થવાનું શરૂ કર્યું. ઈશ્વરની ઈચ્છા છે કે દરેક વ્યક્તિ આરાધના કરે અને તેમના મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા તારણની મફત ભેટનો અનુભવ કરે.

FMPB ઈશ્વરની ઈચ્છા પ્રાપ્ત કરવા માટે કામ કરે છે અને જેમણે વ્યક્તિગત રીતે ઈસુ ખ્રિસ્ત દ્વારા તેમના પાપોની ક્ષમાનો અનુભવ કર્યો હોય અને જેઓએ સુવાર્તા સાંભળી નથી તેવા લોકોના તારણ માટે પ્રાર્થના કરવા માટે જૂથો તરીકે જોડાવા અને વ્યક્તિઓના જીવનોને આશીર્વાદ આપવા માટે લેવામાં આવતી અસરોનો ભાગ બનવા માટે અમે બધાને આમંત્રિત કરીએ છીએ, તેઓ પણ આ સર્વશ્રેષ્ઠ ઈશ્વરની આરાધના કરી શકે.

## B. સર્વશ્રેષ્ઠ ઈશ્વર તેમના લોકોમાં તેમની ભૌતિક હાજરી ઈચ્છે છે :

સર્વશ્રેષ્ઠ ઈશ્વર દરેક જગ્યાએ હાજર હોવા છતાં તેમના લોકોમાં તેમની દ્રશ્યમાન હાજરી ઈચ્છે છે. ઈશ્વર તેમના લોકો માટે તેમની આરાધના કરવા માટે એક અલગ સ્થાન ઈચ્છતા હતા જેથી તે પ્રગટ થઈ શકે, તેમની કૃપા આપી શકે, તેમની પાસે અવનાર બધાને આશીર્વાદ આપી શકે. પ્રભુમંદિર એ આ સર્વશ્રેષ્ઠ ઈશ્વરની દ્રશ્યમાન હાજરી છે.

બલિદાન માટે વેદી બાંધવાથી આરાધના સ્થાનની ઉત્પત્તિ થઈ. નુહે જળપ્રલય પછી વેદી ઊભી કરી - ઉત્પત્તિ ૮:૨૦, પછી ઈબ્રાહીમ - ઉત્પત્તિ ૧૨:૭, ૧૩:૪, ૨૨:૯, પછી ઈસહાક દ્વારા - ઉત્પત્તિ ૨૬:૨૫, પછી યાકૂબ દ્વારા - ઉત્પત્તિ ૩૩:૨૦, ૩૫:૧-૩ અને મૂસા દ્વારા - નિર્ગમન ૧૭:૧૫. મિસરમાં ગુલામીના સમય દરમિયાન, ઈસ્રાએલીઓ પાસે આરાધના કરવા માટે કોઈ ચોક્કસ સ્થાન ન હતુ. જ્યારે તેઓ મિસરમાંથી બહાર આવ્યા ત્યારે તેમના અરણ્ય પ્રવાસ દરમિયાન, ઈશ્વરે મૂસાને તેનો નમૂનો આપતા મુલાકાત મંડપ બનાવવા કહ્યું - નિર્ગમન ૨૫:૯. પાઉલ જણાવે છે કે મુલકાત મંડપનો નમૂનો પવિત્ર સ્થાનની છાયા હતી, જે સ્વર્ગ છે - હિબ્રૂ ૮:૫.

મુલાકાત મંડપ એ જગ્યા હતી જ્યાં પરમેશ્વર તેમના લોકો સાથે મળતા હતા - નિર્ગમન ૨૯:૪૨, તેમાં બલિદાન આપવામાં આવતું હતું. તેને સાક્ષીનો મંડપ પણ કહેવામાં આવતો હતો - નિર્ગમન ૩૮:૨૧, ગણના ૧:૫૦, કરારનું વહાણ - નિર્ગમન ૨૫:૧૬,૨૨; ગણના ૯:૧૫, સાક્ષીનો મંડપ - ગણના ૧૭:૮, પ્રભુનું ઘર - પુનર્નિયમ ૨૩:૧૮ - પ્રભુનું મંદિર - યહોશુઆ ૬:૨૪ અને પવિત્રસ્થાન - નિર્ગમન ૨૫:૮.

કાયમી માળખું બનાવવું એ રાજા દાઉદની ઈચ્છા હતી પરંતુ પ્રભુએ તેને તેના લોહીથી રંગાયેલા હાથથી બાંધવાની મંજૂરી આપી ન હતી. સુલેમાને પ્રભુ માટે એક ભવ્ય મંદિર બાંધ્યુ અને સમર્પિત કર્યું - ૧ રાજાઓ ૮:૧૩ કારણ કે તેને પ્રભુ દ્વારા (૧ રાજાઓ ૬ અને ૭:૧૩-૫૧) માર્ગદર્શન આપવામાં આવ્યું હતું; ૨ કા.વૃ. ૩ અને ૪. આ મંદિર યહુદી લોકોની આરાધના અને સામાજીક જીવન માટે ખૂબ જ મહત્વપૂર્ણ સ્થળ હતું. ઈ.પૂ. ૫૮૬ માં જ્યારે સુલેમાનનું મંદિર નષ્ટ થયું, ત્યારે લોકો આરાધના માટે અંગત મકાનોમાં એકઠા થવા લાગ્યા, ત્યાર બાદ સિનેગોગ અસ્તિત્વમાં આવ્યા. જ્યારે ઈ.સ. ૭૦ માં રોમન સમ્રાટ ટાઈટસ દ્વારા બીજા મંદિરનો નાશ કરવામાં આવ્યો, ત્યારે મંદિરના બલિદાન અને યહુદી યાજકોને સમાપ્ત કરવામાં આવ્યા ઈસુ અને તેમના શિષ્યો દ્વારા સિનેગોગનો વારંવાર ઉપયોગ થતો હતો - માથ્થી ૧૩:૫૪, પ્રેરિતોના કૃત્યો ૧૩:૫, ૧૫, ૪૪; ૧૪:૧; ૧૭:૨-૪, ૧૯:૮. શરૂઆતના ખ્રિસ્તીઓ પણ સભાસ્થાનોમાં જતા હતા તેમજ વિશ્વાસીઓના ઘરોમાં સંગત માટે એકઠા થતા હતા - પ્રેરિતોના કૃત્યો ૨:૪૬. પરંતુ પાછળથી જ્યારે ઈસુના શિષ્યોમાં વધારો થયો, ત્યારે અવિશ્વાસી યહુદીઓ વિશ્વાસીઓની વિરુદ્ધ ઊભા હતા જેથી તેઓને સભાસ્થાનોમાંથી બહાર કાઢે - યોહાન ૯:૨૨, ૧૨:૪૨; ૧૬:૨. આમ ખ્રિસ્તીઓ આરાધના માટે સિનેગોગનું મોડેલ લઈને અલગથી એકઠા થવા લાગ્યા. હવે ચર્ચ એ પ્રભુની દ્રશ્યમાન હાજરી છે. અમારી પાસે ઘણા બધા પુરાવા પણ છે કે જે લોકો ચર્ચની વિરુદ્ધ ઊભા છે તેમની સાથે ઈશ્વર કેવી રીતે વર્તે છે.

જો કે ચર્ચ એ અદ્રશ્ય, સાર્વત્રિક અને શાશ્વત સમુદાય તરીકે ઓળખાતો સમુદાય છે, ચર્ચમાં લોકો માટે ઈશ્વરની દ્રશ્યમાન હાજરી પ્રદર્શિત કરવા દ્રશ્યમાન માળખુ પણ છે. તેથી, જ્યારે લોકો આપણા સેવાકાર્ય દ્વારા ખ્રિસ્તને ઓળખે છે, ત્યારે અમે યુવાન વિશ્વાસીઓને આરાધનાનું સ્થળ બનાવવામાં મદદ કરીએ છીએ જ્યાં વિશ્વાસીઓ ઈશ્વરની હાજરીનો અનુભવ કરે છે.

## C. સર્વશ્રેષ્ઠ ઈશ્વર આપણી અંદર રહેવા માંગે છે અને આપણને તેના સાક્ષી બનાવવા માંગે છે

સર્વત્ર હાજર રહેલા સર્વશ્રેષ્ઠ ઈશ્વર ફક્ત ચર્ચ પૂરતા મર્યાદિત ન હોઈ શકે. ઈસુએ તેમના સેવાકાર્ય દરમિયાન સમરૂની સ્ત્રીને કહ્યું હતું કે ''ખરા ભજનારા આત્માથી તથા સત્યતાથી બાપનું ભજન કરશે...'' યોહાન ૪:૨૩-૨૪. તમે દેવનું મંદિર છો અને તમારામાં દેવનો આત્મા વસે છે. ૧ કરિંથી ૩:૧૬ કહે છે કે આપણે પ્રભુનું મંદિર છીએ. જ્યારે આપણે ઈસુને આપણા હૃદયમાં સ્વીકારીએ છીએ, ત્યારે આપણે તેને ફક્ત આપણા ઈશ્વર તરીકે જ નહી પરંતુ આપણા જીવનના માલિક તરીકે સ્વીકારીએ છીએ.

આમ ઈશ્વર આપણા જીવનના માલિક બને છે - ૧ કરિંથી ૬:૧૯. પાઉલ આપણને કહે છે કે સાચી આરાધનાનું આધ્યાત્મિક કાર્ય આપણા શરીરને જીવંત બલિદાન તરીકે, પવિત્ર અને પ્રભુને પ્રસન્ન કરવા માટે છે - રોમનો ૧૨:૧.

પ્રભુ એવી અપેક્ષા રાખે છે કે જેઓ તેમની આરાધના કરે છે તેઓ અન્ય લોકોને પણ જાણવામાં મદદ કરે અને આ જીવનને આપણા મિત્રો, પડોશીઓ, સંબંધીઓ અને અન્ય તમામ લોકો માટે સુવાર્તાને રૂપાંતરિક કરવામાં પોતાને સામેલ કરીને તેમની આરાધના કરે. જે આ પરિવર્તનનો અનુભવ કરે છે તે અન્ય લોકો સાથે સુવાર્તા પ્રગટ કર્યા સિવાય રોકી શકતો નથી. યોહાન ૪:૧૪. જ્યારે આપણે તેને પ્રાપ્ત કરીએ છીએ ત્યારે આ સર્વશ્રેષ્ઠ ઈશ્વર આપણી અંદર મર્યાદિત હોઈ શકે નહી, તે અપેક્ષા રાખે છે કે તારણનો આનંદ અન્ય લોકોના જીવનમાં પણ વહે - ૧ કરિંથી ૯:૧૬.

દાઉદને આ સર્વશ્રેષ્ઠ ઈશ્વર માટે મંદિર બનાવવાની ઈચ્છા હતી. આજે ઈશ્વર માટે મંદિર બનાવવું એ તેમના માટે આત્માઓ જીતવા જેવું છે. કારણ કે પાઉલ તેના પત્રમાં લખે છે કે ''તમે પવિત્ર આત્માનું મંદિર છો''. પ્રભુ આપણને ભારતીયોના હૃદયમાં તેમના માટે સ્થાન બનાવવા માટે આમંત્રણ આપે છે. આ માટે સર્વશ્રેષ્ઠ ઈશ્વરે જગતના અંત સુધી આપણી સાથે રહેવાનું વચન આપ્યું છે (માથ્થી ૨૮:૨૦) કોઈ શંકા નથી કે તે અનંતકાળ સુધી આપણી સાથે રહેશે.

**રેવ. ફ્રેન્કલિન એમ. વાય. પાથમ**
**મિશનરી - હેડ ક્વાર્ટર**


## Memory verse competition for children during Annual Camp 2024



**Psalms : 119**

**Beginner** *(Pre KG to I Std)*
**Psalm 119 : 1-8**
**Primary (II Std to IV Std)**
**Psalm 119 : 1-16**
**Junior** *(V Std to VII Std)*
**Psalm 119 : 1-32**
*Please prepare as per your age*




# કાર્નિવલ દિવસ



ઈશ્વરપિતાની કૃપાથી, અમને કાર્નિવલના દિવસ, ૮ માર્ચ, ૨૦૨૪ ના રોજ સવારે ૮:૦૦ કલાકથી સાંજના ૪:૦૦ કલાક સુધી, માલ્ટો બાળકો વચ્ચેના સેવાકાર્યમાં લોકો દ્વારા ઉદારતાપૂર્વક યોગદાન આપવા સાથે અમને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. સમગ્ર દિવસ દરમિયાન, મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા, કુલ ૨,૫૦૦ જેટલા સહાગીઓ. અમે ઈશ્વરનો, તેમના સહકાર બદલ સંસ્થાના આગેવાનો, ઝારખંડથી કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા મિશનરીઓ અને માલ્ટો બાળકો પ્રત્યે તેમની દયા અન ઉદારતા દર્શાવનાર તમામ વ્યક્તિઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

*સઘળા માન તથા મહિમા ઈશ્વરને આપીએ છીએ.*

**- માનદ સેક્રેટરી, પાળક, સેમ બેની**


# FINANCE DEPARTMENT

**FMPB Bank Account details for sending the offering through online transaction**

Online Banking

A/c Name: **FRIENDS MISSIONARY PRAYER BAND**

**ICICI** - A/c No. 602701216912 - IFS Code ICIC0006027 - Branch: Anna Nagar

**ICICI Bank UPI ID: fmpb01@icici**

**SBI** - A/c No. 10402752621 - IFS Code SBIN0000987 - Branch: Ambattur

**Indian Bank** - A/c No. 406157474 - IFS Code IDIB000A599 - Branch: Venkatapuram

Kindly contact us: **finance@fmpb.org, WhatsApp: 7904648270**

# BARCODE

**facilities to send your offertory**

**Kindly avail the BARCODE facility also to send your offertory to the ministries of FMPB.**

# મૃત્યુનોંધ

**શ્રીમતી પી. મેરી રત્ના બાઈ**
**(શ્રીમતી સી.વી.કે.)**



શ્રીમતી મેરી રત્ના બાઈને પ્રેમથી શ્રીમતી સી.વી.કે. તરીકે ઓળખવામાં આવે છે, તેમનો જન્મ શ્રી અને શ્રીમતી પી. ધૈર્યનંદમ, રોમન કેથોલિક પરિવારમાં થયો હતો. શ્રી સી.વિજયકુમાર સાથે તેણીના લગ્ન પછી, તેણીએ પ્રભુ ઈસુને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. લેક્ચરર તરીકે કાર્યરત, શ્રી સી. વિજય કુમારે મછલીપટ્ટનમમાં FMPB નો પરિચય કરાવ્યો. તેમણે ૧૯૮૦ થી તેના વિસ્તરણ માટે અથાક મહેનત કરી, ૨૧ વર્ષ સુધી માનદ પ્રમોશનલ સેક્રેટરી તરીકે સેવા આપી. ૨૦૦૧માં તેમના પતિના મૃત્યુ પછી, તેણીએ પ્રાર્થનાપૂર્વક FMPB સેવાકાર્યમાં તેમની યાત્રા શરૂ કરી, ઈશ્વરના સેવાકાર્ય માટે અગ્રણી પ્રયાસો હાથ ધર્યા. સાથે સાથે, તેણીએ સરકારી ક્ષેત્રમાં સામાજીક કલ્યાણ અધિકારી તરીકે સેવા આપી હતી. ત્યારથી, તે દરેક ઘરની વ્યક્તિગત મુલાકાત લેતી, તેમના માટે પ્રાર્થના કરતી એ દર મહિને ફાળો એકત્રિત કરતી. તેણીએ FMPB પ્રાર્થના જૂથોનું આયોજન કર્યું, પ્રભુના વચનોનો ઉપદેશ આપ્યો અને દર મહિને ઉપવાસ સહિતની પ્રાર્થનાઓ કરી. દર વર્ષે, તેણીએ FMPB પરિવાર માટે રીટ્રીટનું આયોજન કરવા માટે સ્થાનિક FMPB આગેવાનો સાથે જોડાણ કર્યું. તેણીની નમ્ર અને પ્રાર્થનાશીલ આગેવાની હેઠળ, નવા સભ્યો સતત ઉમેરવામાં આવતા અને નવા મિશનરી સમર્પણમાં સતત વધારો થતો. તે દરેક સભ્યના ઘરે જતી, પ્રભુનો પ્રેમ પ્રગટ કરતી અને તેમના પરિવારો માટે પ્રાર્થના કરતી. તેણીએ ગુડીવાડામાં FMPB સેવાકાર્ય શરૂ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. સ્થાનિક FMPB ટીમના આગેવાનો સાથે મળીને, તે દરેક FMPB સભ્યના ઘરે કેરોલ સીંગીગ અને મિશનરીઓ માટે નાતાલની ભેટ એકત્રિત કરવા માટે મુલાકાત લેતી. તેમણે FMPB દ્વારા પ્રદાન કરવામાં આવેલા માર્ગો દ્વારા માનદ પ્રમોશનલ સેક્રેટરીની ભૂમિકા નિભાવીને, ઈશ્વરપિતાની દ્રાક્ષાવાડીમાં તેની અંતિમ ક્ષણો સુધી અવિરત મહેનત કરી. તેણીએ પોતાની જાતને પ્રભુને અર્પણ કરી, એક સુવાસિત વારસો પાછળ છોડીને જે આવનારી પેઢીઓ દ્વારા જાળવવામાં આવશે અને તેનું પાલન કરવામાં આવશે.



# ટ્રેઈલ બ્લેઝર્સ



## જહોન ડુડલી વુડબેરી

**એક હેતુ માટે બચાવ :** ચીનમાં બીજી પેઢીના મિશનરીઓમાં જન્મેલા, જહોન ડુડલી વુડબેરીના દાદા-દાદીએ, કોરિયન યુદ્ધ દરમિયાન ચાઈનીઝ યુદ્ધકેદીઓ માટે ધર્મગુરુ તરીકે સેવા આપવા માટે તેમની માતૃભૂમિ છોડી દીધી. ત્રણ વર્ષની ઉંમરે પ્રથમ ખ્રિસ્તી બનેલા ડુડલી બાળકની જેમ કહે છે કે, ૧૯૩૯ ના શિયાળામાં યાન્ટાઈ બંદરના બર્ફીલા પાણીએ તેમના વિશ્વાસને પ્રેરણા આપી હતી.

પાંચ વર્ષનો ડુડલી બરફમાં પડી ગયો, જેના કારણે તેને ન્યુમોનિયા થયો. બિમારીમાંથી માંડ માંડ બચીને, ડુડલીને ખાતરી થઈ ગઈ કે દૈવી હસ્તક્ષેપથી તેનું જીવન બચી ગયું. પાંચ વર્ષની ઉંમરે પણ તે કહે છે, "મને સમજ પડી ગઈ હતી કે, મને એક હેતુ માટે બચાવવામાં આવ્યો હતો".

પ્રભુની કૃપા તેમના જીવનમાં સતત વહેતી રહી અને બે વર્ષ પછી, જ્યારે જાપાનીઓએ પર્લ હાર્બર પર બોમ્બમારો કર્યો અને યુનાઈટેડ સ્ટેટ્સ સામે યુદ્ધની ઘોષણા કરી, ત્યારે ડુડલી અને તેના પરિવારને ચીનમાં કબજે કરી રહેલી જાપાની સેના દ્વારા યુદ્ધ કેદી બનાવવામાં આવ્યા. માતા-પિતા અને બાળકો અલગ થયા; ડુડલી અને તેના ભાઈ-બહેનો તેમના માતા-પિતાથી દેશના અલગ ભાગમાં યુદ્ધકેદી બન્યા. મહિનાઓ પછી, યુનાઈઈટેડ સ્ટેટ્સ અને જાપાન વચ્ચે નાગરિક કેદીઓની વિનિમયની વાટાઘાટો થઈ. એકવાર તેમના માતા-પિતા સાથે, વહાણો દ્વારા ફરી મળ્યા અને છેવટે તેમની મુસાફરીમાં ઘણા જોખમોનો સામનો કરીને ન્યુયોર્કના કિનારે પહોંચ્યા.

### સુવાર્તા પ્રચાર માટે જવાનું શીખવુ

૧૩ વર્ષની ઉંમરે ડુડલીએ કંઈક જાણ્યું, જ્યારે તેણે અગ્રણી મિશનરી સેમ્યુઅલ ઝ્વેમરને કહેતા સાંભળ્યા, "જો તમે વિશ્વમાં સૌથી મુશ્કેલ પરંતુ સૌથી વધુ લાભદાયી કાર્ય કરવા માંગો છો, તો મુસ્લિમોમાં સેવાકાર્ય કરો."

૧૯૫૫ માં ડુડલીએ ફુલર ખાતે બેચલર ઓફ ડિવિનિટીના કાર્યક્રમમાં નોંધણી કરાવી, જેણે દરેક શાળામાંથી બે વિદ્યાર્થીઓને સેવા ક્ષેત્રમાં મુસાફરી કરવા અને સ્વદેશી સંસ્કૃતિઓમાં અભ્યાસ પૂર્ણ કરવાની તક આપી. ડુડલીની અમેરિકન યુનિવર્સિટી ઓફ બેરુતમાં અભ્યાસ કરવા માટે પસંદગી કરવામાં આવી હતી.

તે લેબનોનમાં તેની પત્ની અને સેવાકાર્યમાં ભાગીદાર, રોબર્ટાને મળ્યો, જ્યાં તે બેરૂત કોલેજ ફોર વુમનમાં અભ્યાસ કરતી હતી. પશ્ચિમના લોકો ઘણીવાર મુસ્લિમોને, તેમની કલા, પરંપરાથી સમૃદ્ધ તેમની અત્યંત વૈવિધ્યસભર અને વિકસિત સંસ્કૃતિઓ તેમજ ધર્મશાસ્ત્રીય પ્રતિબિંબને સંપૂર્ણપણે અવગણીને, અસંસ્કારી લોકો તરીકે જોતા હતા. ડુડલી પાસે હજી પણ મિશનરીનું હૃદય હતું, પરંતુ લેબનોનમાં તેમણે વીતાવેલા સમયે તેમને ખાતરી આપી કે સખત બૌદ્ધિક તૈયારી વધુ અસરકારક સાક્ષીકાર્ય તરફ દોરી જશે.

**સેતુઓ બાંધવા :** જ્યારે તેઓ ફુલરમાંથી સ્નાતક થયા, ત્યારે હાવર્ડ યુનિવર્સિટીએ તેમનો ઈસ્લામના અગ્રણી પશ્ચિમી વિદ્વાન, સર હેમિલ્ટન ગીબ્બના નેજા હેઠળ અભ્યાસ કરવા માટે સ્વીકાર કર્યો. ડુડલીએ તેમના અભ્યાસમાં સારું પ્રદર્શન કર્યું, હસન અલ-બન્નાના ધર્મશાસ્ત્ર પર તેમનો મહાનિબંધ લખ્યો, સેવાકાર્ય પ્રત્યેની તેમની સમર્પિતતા કેટલીક વાર ક્ષતિગ્રસ્ત થઈ ગઈ કારણ કે

તેમની પાસેથી આરબ સંસ્કૃતિની પ્રશંસા કરવાની અપેક્ષા રાખવામાં આવતી હતી, તેને રૂપાંતરિત કરવાની નહીં. ડુડલીએ ઈસ્લામિક રાષ્ટ્રોની સ્વદેશી સંસ્કૃતિને તેઓ જે હતા તેના માટે પ્રેમ કરવાનું અને પ્રશંસા કરવાનું શીખ્યા, જ્યારે તેઓ હજી પણ ખ્રિસ્તના છુટકારાના પ્રેમ અને પ્રકાશને તેમના સુધી લાવવા માટે ઝંખતા હતા.

તેમના બે બાળકો સાથે વર્ષોની તાલીમ અને સમજદારી પછી, ડુડલી અને રોબર્ટા પાકિસ્તાનમાં પૂર્ણ સમયના મિશનરી બન્યા, જેને પ્રેસબિટેરીયન ચર્ચ નાણાંકીય સહાય પૂરી પાડતુ હતું. ડુડલીએ રાવલપિંડીના ક્રિશ્ચિયન સ્ટડી સેન્ટરમાં કામ કર્યું હતું અને ખ્રિસ્તી અને ઈસ્લામ વચ્ચે સેતુ બાંધવામાં ખૂબ પ્રગતિ કરી હતી જે તેઓને પરસ્પરના આદરમાં વૃદ્ધિ કરવા અને મુસ્લિમોને પણ ખ્રિસ્તી વિશ્વાસમાં લાવવા તરફ દોરી ગયો.

## વિદ્વાન, પાળક, વકીલ

ડુડલીના શૈક્ષણિક પ્રયાસો તેમની પોતાની સલામતી અને અન્યોની સલામતી માટે પણ અણધારી રીતે નિર્ણાયક સાબિત થયા. અફઘાનિસ્તાનમાં તેમના પ્રથમ પ્રવાસ દરમિયાન, લુકની સુવાર્તાની નકલો વહેંચવા બદલ બે મિશનરીઓની ધરપકડ કરવામાં આવી હતી. જો કે તે ક્યારેય કોર્ટમાં હાજર થયો ન હતો, ડુડલી એક બચાવ વકીલની નિમણૂક કરી અને કુરાનની કલમોના આધારે બચાવ પોતે વિકસાવ્યો, જેણે ખ્રિસ્તીઓ અને મુસ્લિમોને શાંતિથી સાથે રહેવાની મંજૂરી આપી. મિશનરીઓને મુક્ત કરવામાં આવ્યા હતા.

આવી જ પરિસ્થિતી સાઉદી અરેબિયામાં પણ જોવા મળી હતી, જ્યાં સાતમી સદીના ઈસ્લામિક વિજયના થોડા સમય પછી ડુડલીને અરેબિયાની અંદર પ્રથમ નિવાસી પાદરી તરીકે સેવા આપવા માટે મંજૂરી આપવામાં આવી હતી. રાજધાની રિયાધ અને અન્ય સ્થળોએ મંડળીની આશ્ચર્યજનક દરે વૃદ્ધિ થઈ, એ હદે કે જેને કારણે સરકાર અસ્વસ્થ થઈ. તણાવ ઓછો કરવામાં મદદ કરવા માટે, ડુડલીએ તેમને મુહમ્મદને લખેલા પત્રો બતાવ્યા જેમાં, જો તેઓ વફાદાર રહે અને અમુક નાણાંકીય અને અન્ય જવાબદારીઓને પૂર્ણ કરતા હોય, તો ખ્રિસ્તીઓને તેમના પોતાના ચર્ચમાં આરાધના કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ ખ્રિસ્તીઓને ઓછી પ્રસિદ્ધીની આરાધના ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. જ્યારે ડુડલી અને તેનો પરિવાર રોબર્ટાના સ્વાસ્થ્ય અને તેમના બાળકોની શૈક્ષણિક જરૂરિયાતોને કારણે પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને સાઉદી અરેબિયામાં ૧૧ વર્ષ સેવા કર્યા પછી યુનાઈટેડ સ્ટેટ્સ પરત ફર્યા ત્યારે રાજા ખાલિદે તેમના કામ માટે તેમને આભાર માન્યો.

૧૯૯૨ થી ૧૯૯૯ દરમિયાન સ્કૂલ ઓફ વર્લ્ડ મિશન (SWM) માં તેના ડીન તરીકે મુખ્ય અગ્રણીઓની દેખરેખ રાખતા હતા, છતાં ડુડલીની અસર મુસ્લિમો અને તેમના સંદર્ભોના અભ્યાસમાં કદાચ સૌથી વધુ હતી. તેમણે આગળ દક્ષિણ એશિયા અને પશ્ચિમ અને પૂર્વ આફ્રિકામાં સંશોધનનું નિરીક્ષણ કર્યું હતું જે દર્શાવે છે કે મુસ્લિમો ફક્ત "આકર્ષક નમૂના" દ્વારા ચર્ચ અથવા ખ્રિસ્તીઓ તરફ આકર્ષિત થતા નથી - પણ "પરિવર્તન નમૂના" માં ખ્રિસ્તમાં વિશ્વાસ કરવા આવી રહ્યા છે : સાથી મુસ્લિમોના વિશ્વાસુ જૂથોમાં કુરાનના ઉલ્લેખિત લોકોની બાઈબલ વાર્તાઓનો અભ્યાસ કરીને, અને આ રીતે ધીમે ધીમે તારણહાર તરીકે ખ્રિસ્તના વિશ્વાસમાં આવે છે. ડુડલી SWM ના ડીનના પદેથી નિવૃત્ત થયા પછી, રોબર્ટાએ પાકિસ્તાનની એક શાળામાં શૈક્ષણિક વર્ષ દરમિયાન તેમના પૌત્ર અને અન્ય વિદેશી બાળકોને ભણાવવાની વિનંતી સ્વીકારી. આ સમય દરમિયાન ફુલર, યુનાઈટેડ સ્ટેટ્સ અને વિદેશમાં મુસ્લિમો સાથે શાંતિ નિર્માણમાં ખૂબ જ સામેલ થયા. કારણ કે ડુડલી વાર્તા કહેવામાં ઉતાવળા અને શ્રેય લેવામાં ધીમા છે, તે જણાવે છે કે તેમણે સેવાકાર્ય, શિક્ષણ અને મુત્સદ્દીગીરીની હિલચાલને પ્રભાવિત કરી હતી જે ખ્રિસ્તીઓ અને પશ્ચિમી મુસ્લિમો સાથે કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે તેની ચર્ચાને અસર કરે છે.

## તેમની સફર હજી ચાલુ છે

ડુડલીના અદ્ભુત જીવનની વાત ફક્ત તેમના કામની અસાધારણ ઊંડાણથી ઓળંગાઈ ગઈ છે. એવું સૂચવવામાં આવ્યું છે કે તેણે એક સંસ્મરણ લખવું : ત્રણ દેશોમાં ત્રણ ધરપકડ, ન્યૂયોર્કથી એક્વાડોર અને ઈરાન, પાકિસ્તાન અને ભારત થઈને, પનામાથી યુનાઈટેડ સ્ટેટ્સ જવા માટે જહાજના ખલાસી તરીકે કામ કરવું, બંધકો વતી વાટાઘાટો કરવી, નાગરિક યુદ્ધો અને ક્રાંતિઓ દ્વારા વાર્તા રચવી : આ બધું ચોક્કસ સાહિત્યિક સ્મૃતિના એક પ્રકારનું સમર્થન કરે છે.

"અરે, નહિ," ડુડલી માથું હલાવતા કહે છે, "મને નથી લાગતું કે મારી પાસે સમય હશે, મારે ઘણું કામ કરવાનું છે."

# રાજૌંડ

# મંડળીનો ઈતિહાસ

**પેહોવા ક્ષેત્ર**
**હરિયાણા પ્રદેશ**
**ઉત્તર ઝોન**

**શ્રીમતી ડી. આગ્નેસ એડવર્ડ**
*દ્વારા લિખિત*



## સામાન્ય માહિતી

રાજૌંડ એ હરિયાણાના કૈથલ જીલ્લાના કૈથલ તાલુકામાં આવેલું એક મોટું ગામ છે. ભારતના બંધારણ અને પંચાયતી રાજ અધિનિયમ મુજબ, રાજૌંડ ગામનું સંચાલન સરપંચ (ગામના વડા) દ્વારા કરવામાં આવે છે જે ગામના ચૂંટાયેલા પ્રતિનિધિ છે. રાજૌંડ ગામમાં કુલ વસ્તીના ૨૩.૯૯ % અનુસૂચિત જાતિ (SC) છે. રાજૌંડ ગામમાં હાલમાં કોઈ અનુસૂચિત જનજાતિ (ST) વસ્તી નથી. તેઓ ખેતી કરનારા (માલિક અથવા સહ-માલિક) છે જ્યારે કેટલાક ખેત મજૂર તરીકે કામ કરે છે.

## શરૂઆત

જાન્યુઆરી ૨૦૦૭ માં શ્રી સરતચંદ્ર દિગલ અને શ્રીમતી લવલી દ્વારા પેહોવા મિશન ક્ષેત્ર ખોલવામાં આવ્યું હતું. જૂન-૨૦૧૨ માં રાજૌંડ સબ સેન્ટર ખોલવામાં આવ્યું હતું. સ્થાનિક સુવાર્તિક શ્રી અશોક સેમ્યુઅલ રાજૌંડ ખાતે નિમાયેલા હતા. એવા કેટલાક વિશ્વાસીઓ હતા જેમણે સ્વતંત્ર પાળકો દ્વારા ખ્રિસ્તને સ્વીકાર્યા હતા પરંતુ અંતરની મર્યાદાને કારણે તેઓ નિયમિતપણે આરાધાનામાં ભાગ લઈ શકતા ન હતા. તેથી જ્યારે રવિવારની આરાધના સંગત સ્થાનિક સુવાર્તિક શ્રી અશોક દ્વારા તેમના ભાડાના મકાનમાં શરૂ કરવામાં આવી હતી, ત્યારે સ્થાનિક વિશ્વાસીઓ તેમના ઘરની નજીક હોવાથી આરાધના સંગતમાં જોડાયા હતા.

## કેટલીક સાક્ષીઓ :



"હું રાજૌંડ ગામની બીરા છું. ખ્રિસ્તને જાણતા પહેલાં હું સિરસા બાબા (રામ રહીમ)ની અનુયાયી હતી. મારી વહુ અશુદ્ધ આત્માથી ત્રાસી ગઈ હતી. તેથી અમે તેણીને કૈથલ ખાતે એક પાળક પાસે લઈ ગયા. પાળક અમને રામપુરાના એક પ્રભુમંદિરમાં લઈ ગયા. બાદમાં અમે સત્સંગમાં ભાગ લીધો. અમે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો અને બાપ્તિસ્મા લીધું. મેં ઈશ્વરને પ્રાર્થના કરી કે અમને તેમના માર્ગમાં ચાલવાનું શીખવવા માટે એક પાળક આપો. FMPB ના સ્થાનિક સુવાર્તિક, શ્રી અશોક સાથે મારો સંપર્ક થયો અને તેઓ અમારા ઘરે આવ્યા. તેના ભાડાના મકાનમાં થતી આરાધનામાં ભાગ લેવાનું શરૂ કર્યું.

**શ્રીમતી કોમલ :** "હું બાથા ગામની કોમલ છું. મારા લગ્ન પછી, હું શેતાનના બંધનમાં હતી. મને મારા થાપામાં ખૂબ જ તીવ્ર દુઃખાવો થતો હતો કે હું ચાલી શકતી, ઊભી રહી શકતી કે મારા શરીરને હલાવી પણ શકતી ન હતી. હું હમેશાં પથારી પર જ રહેતી હતી અને મારા ઘરનું કોઈ કામ કરી શકતી ન હતી. મેં જાદુગરોનો સંપર્ક કર્યો જેનો કોઈ ફાયદો થયો નહીં. મને લુદિયાના લઈ જવામાં આવી. પાળકે મારા માટે પ્રાર્થના કરી અને મને વાંચવા માટે બાઈબલ આપ્યું. તેમણે અમને રાજૌંડ ખાતે પાળક શ્રી સુરેશ સાથે પરિચય કરાવ્યો. ૨૦૧૮ માં મને વાહનમાં રાજૌંડ ખાતે આરાધના સંગતમાં લાવવામાં આવી હતી. મને પ્રભુમંદિરની અંદર લોકો દ્વારા લઈ જવી પડી. પહેલા દિવસે જ ઈશ્વરપિતાએ પ્રાર્થના દ્વારા મને સાજી કરી. હું જાતે ચાલતી ઘરે ગઈ. હું પ્રભુ પર વિશ્વાસ કરતી હતી અને મેં અને મારા પતિએ માર્ચ ૨૦૧૯ માં બાપ્તિસ્મા લીધું હતું. ઈશ્વરપિતાએ મને મારા તમામ કાર્યો કરવામાં મદદ કરી છે અને મને દુકાન ચલાવવા માટે પણ સક્ષમ બનાવી છે. ઈશ્વરપિતાની સ્તુતિ થાઓ."



**શ્રીમતી રામ રાઠી :** "હું રાજૌંડની રામ રાઠી છું. મને મારા હાથ અને પગમાં દુઃખાવો થતો હતો. હું રાજૌંડ ખાતેના એક ઘરમાં ઘરકામ કરતી હતી. મારી માલકિન વિશ્વાસી હતી. તેણીએ મને નવો કરાર અને સુવાર્તિક પુસ્તિકા આપી. તેણીએ મને કહ્યું કે તે મારા બાળકો દ્વારા વાંચવામાં આવે." તેણીએ મને સાજાપણું આપનાર ઈસુ ખ્રિસ્ત વિષે પણ કહ્યું. મારા સૌથી મોટા પુત્ર અને પુત્રવધુ, પ્રિંકા કે જેઓ પણ વિશ્વાસી હતા તેમણે પાળક કાર્તિકેયન દ્વારા મારા માટે પ્રાર્થના કરાવી. તેઓ કૈથલ ખાતે રોકાયા હતા અને કૈથલમાં આરાધના સંગતમાં ભાગ લઈ રહ્યા હતા. પાળક કાર્તિકેયન દ્વારા, અમને પાળક સુરેશ (રાજૌંડ ખાતે સ્થાનિક સુવાર્તિક)નો સંપર્ક થયો. પાળક સુરેશ અને પરિવારે અમારા ઘરની મુલાકાત લીધી અને મારા માટે પ્રાર્થના કરી. મેં પ્રભુ પર મારી આશા રાખવાનું શરૂ કર્યુ અને પ્રભુએ પ્રાર્થના દ્વારા મને ધીરે ધીરે સાજી કરી. મારા પતિ અમરજીતને પણ કાળો કમળો થયો હતો અને પ્રભુએ તેમને પ્રાર્થના દ્વારા સાજા કર્યા હતા. તેમજ ઈશ્વરે અમારા પુત્રના લગ્નની બધી અસ્તવ્યસ્ત પરિસ્થિતિઓને બદલી નાખી અને અમને તેના લગ્ન ખુશીથી કરવા સક્ષમ બનાવ્યા. ૨૦૨૦ થી અમે આરાધના સંગતમાં ભાગ લઈ રહ્યા છીએ.

## મંડળીની વૃદ્ધિ

રાજૌંડ મંડળી ઘણા ખ્રિસ્તીઓને એક સામાન્ય આરાધના સ્થળ પર લાવી છે કે જેઓ છૂટાછવાયા અને અનિયમિત હતા. સ્થાનિક સુવાર્તિક શ્રી અશોક સેમ્યુઅલની વિદાય પછી, શ્રી સુરેશ અને પરિવારને રાજૌંડ ખાતે મૂકવામાં આવ્યા હતા. તેમના સેવાકાર્ય દ્વારા ઘણા નવા લોકોએ પણ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે અને મંડળીમાં જોડાયા છે. કેટલીક સાક્ષીઓ નીચે આપેલ છે.

## આરાધના સંગતની માહિતી

રવિવારની સંગત ઓગસ્ટ ૨૦૧૨ માં રાજૌંડ ખાતે સ્થાનિક સુવાર્તિક શ્રી અશોક સેમ્યુઅલના ભાડાના મકાનમાં શરૂ કરવામાં આવી હતી. વિરોધને કારણે, પ્રભુમંદિર બાંધવામાં ન આવે ત્યાં સુધી આરાધના વિશ્વાસીઓના ઘરોમાં ચલાવવામાં આવતી હતી. રાજૌંડ પ્રભુમંદિરની જમીન ડિસેમ્બર ૨૦૧૪ માં ખરીદવામાં આવી હતી અને નોંધણી કરવામાં આવી હતી. રાજૌંડ મંડળના સભ્યો નીચેના ગામોના છે : બાટા, ગોહાના, અસંધ, ખરતા, ઈન્દ્રા કોલોની અને રાજૌંડ. આ તમામ વાલ્મિકી, ચમાર અને કશ્યપ સમુદાયના છે.

## પ્રભુમંદિરનું બાંધકામ

પ્રાર્થના ઘર, રાજૌંડનો પાયો જાન્યુઆરી ૨૦૧૬ માં નાખવામાં આવ્યો હતો. એક પાકુ ચર્ચ ૪૦ × ૧૮ ફૂટમાં બાંધવામાં આવ્યું હતું. ખ્રિસ્તી-વિરોધી તત્વો દ્વારા વિરોધ

છતાં રાજૌંડ ખાતે ચર્ચની કમ્પાઉન્ડની દીવાલનું કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. અંબાલાના ખ્રિસ્તી આગેવાનો શહેરના મીડિયા સાથે ૧૬ મી જાન્યુઆરીએ સ્થાનિક પોલીસ સ્ટેશને આવ્યા અને મિશનરીઓ અને વિશ્વાસીઓ વતી વાત કરી હતી. પ્રભુમંદિરનું બાંધકામ જુલાઈ ૨૦૧૬ માં ફરી શરૂ થયું હતું. ફરી પડોશના લોકોએ પ્રભુમંદિરના બાંધકામનો વિરોધ કર્યો. તેઓ બાંધકામ સ્થળેથી બાંધકામની અમુક સામગ્રી લઈ ગયા હતા. ખ્રિસ્તી વિરોધી તત્વો દ્વારા રાજૌંડ પ્રભુમંદિરનું બાંધકામ અટકાવવામાં આવ્યું હતું અને સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલિસના કાર્યાલયમાં ફરિયાદ નોંધાવી હતી. મિશનરી શ્રી કાર્તિકેયન, શ્રી સરથ અને શ્રી અલિયાકીમ જેનાએ એસ.પી. સાથે વાત કરી. આખરે જાન્યુઆરી ૨૦૧૭ માં રાજૌંડ પ્રભુમંદિરનું બાંધકામ ફરી શરૂ થયું. જમીન નીચાણવાળા વિસ્તારમાં હોવાથી, દરેક વિશ્વાસીના પરિવારોએ જમીનનું સ્તર ઊંચુ કરવા માટે રેતીની ટ્રોલીનું યોગદાન આપ્યું. પ્રભુમંદિરના રંગરોગાનના કામ માટે સંપૂર્ણપણે વિશ્વાસીઓએ ફાળો આપ્યો હતો. કેટલાકે બાંધકામ સામગ્રી ખરીદી અને કેટલાકે મજૂરી કામમાં મદદ કરી. શ્રી બીરાએ પ્રભુમંદિરનાં બાંધકામ દરમિયાન ખૂબ મદદ કરી હતી. પ્રભુની કૃપાથી રાજૌંડ પ્રભુમંદિર ૨૯.૧.૨૦૧૭ ના રોજ ક્રાઈસ્ટ ચર્ચ કોઈમ્બતુરના પાળક દ્વારા સમર્પિત કરવામાં આવ્યું હતું. વિરોધના કારણે બે મહિનાથી બંધ કરાયેલી રવિવારની સંગત પણ સમર્પણ વિધી બાદ ફરી શરૂ થઈ હતી.

## રાજૌંડ મંડળના ચમત્કારો અને મહત્વની ઘટનાઓ

શ્રી બીરાને અશુદ્ધ આત્માથી મુક્ત કરવામાં આવ્યા હતા. રાજૌંડના સુશ્રી મુકેશ ગળાના કેન્સરમાંથી સાજાપણું મળ્યું હતું. શ્રી મોહન કે જેમણે રાજૌંડ ચર્ચના બાંધકામનો વિરોધ કર્યો હતો તેમણે પસ્તાવો કર્યો હતો. સ્થાનિક સુવાર્તિકને ધમકી આપનાર શ્રી રામ પાલને પોતાની ભૂલ બદલ પસ્તાવો થયો હતો.

## મંડળીની પ્રવૃત્તિઓ અને માહિતી



શ્રી સુરેશ અને પરિવાર હાલના સ્થાનિક સુવાર્તિક છે જ્યારે શ્રી સોમપાલ અને શ્રીમતી રીના મંડળીના વડીલો છે. દર રવિવારે આરાધના સંગતમાં ૨૫ થી ૩૦ લોકો આવે છે. રાજૌંડ મંડળીની કુલ સંખ્યા ૫૧ છે. દર મહિનાના બીજા અથવા ત્રીજા સપ્તાહમાં, પ્રભુમંદિરમાં અથવા વિશ્વાસીઓના ઘરોમાં મહિલાઓની સંગત યોજવામાં આવે છે. સ્થાનિક સુવાર્તિકના પત્ની, શ્રીમતી વિમલા, શ્રીમતી રીના અને શ્રીમતી કૃષ્ણા આગેવાનો છે. મંગળવારે બાળકોનો વર્ગ રાજૌંડ ખાતે વિશ્વાસી શ્રીમતી આશાના ઘરે અને શનિવારે બીજો બાળવર્ગ વિશ્વાસી શ્રી નરેશ અને શ્રીમતી રીનાના ઘરે રાજૌંડ ખાતે ચલાવવામાં આવે છે. સ્થાનિક પ્રચારકની પત્ની બાળકોના વર્ગો ચલાવે છે. દરેક વર્ગમાં પચીસ થી ચાલીસ બાળકો ભાગ લે છે. આવો આપણે આપણી પ્રાર્થનામાં આ મંડળને યાદ રાખીએ.

### આંખોની દ્રષ્ટિ પુનઃ પ્રાપ્ત થઈ!

મધ્યપ્રદેશના કરુંદી ગામના બોક્સિંગ નામના આપણા વિશ્વાસી દ્વિ-ચક્રી વાહન ચલાવી રહ્યા હતા ત્યારે તેમની આંખમાં કંઈક પડ્યું હતું. ત્યારબાદ, જ્યારે તેની આંખોમાં સોજો આવવાને કારણે તે હોસ્પિટલમાં ગયો ત્યારે ડોક્ટરોએ તેની આંખોમાંથી માખીઓ કાઢી નાખી. હવે તેની આંખો સાજી થઈ ગઈ છે. ઈશ્વરપિતાની કૃપા માટે અમે તેમનો આભાર માનીએ છીએ.

# મિશનરી જીવનચરિત્ર



**પકિયાનાથરાજ**
(૧૯૪૧ - ૧૯૯૦)

શ્રી પકિયાનાથરાજનો જન્મ ૧૫ ડિસમ્બર, ૧૯૪૧ ના રોજ તમિલનાડુના કન્યાકુમારી જીલ્લામાં ખ્રિસ્તી માતા-પિતાને ત્યાં થયો હતો. પરિવારમાં તેમના માતા-પિતા શ્રી જ્યોર્જ અને કનાગમમલ, તેમની બહેનો ગ્લોરિયા સિરોનમાની અને જોય સેલિન સરોજ અને તેમના ભાઈઓ થંગારાજ અને ડેવિડ સેલ્વરાજનો સમાવેશ થતો હતો.

## પ્રારંભિક સમયગાળો :

પકિયાનાથરાજના માતા-પિતાએ તેમને ખ્રિસ્તી મૂલ્યો અને શિક્ષણ સાથે ઉછેર્યા હતા. તેઓએ સ્થાનિક ચર્ચમાં નિયમિત જવા માટે પણ પ્રોત્સાહિત કર્યા. અને તેઓએ તેને દરરોજ બાઈબલ વાંચવા અને તેના પર મનન કરવા પ્રેરણા આપી. સ્થાનિક શાળામાં તેની શાળાની ફાઈનલ પૂર્ણ કર્યા પછી, તે પોલિટેકનિક કોલેજમાં જોડાયા અને મિકેનિકલ એન્જિનિયરંગીતની તાલીમ મેળવી. તે સન્ડે સ્કૂલમાં નિયમિત જતા હતા જ્યાં તેમણે બાઈબલ અને તેનું મૂલ્યવાન શિક્ષણ મેળવ્યું. ચર્ચ સંમેલન દરમિયાન, તેમણે ઈસુ ખ્રિસ્તને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા.

## વિવાહિત જીવન :

સફળતાપૂર્વક અભ્યાસ પૂર્ણ કર્યા પછી, તેઓ નોકરીની શોધમાં ઉટી ગયા અને ખૂબ જ ટૂંક સમયમાં હિન્દુસ્તાન ફોટો ફિલ્મ કંપનીમાં નોકરી મળી. પ્રભુના બાળક તરીકે, તે તેમની ફરજોમાં એટલા નિષ્ઠાવાન હતા કે તેમના ઉપરી અધિકારીએ તેમના વફાદાર કાર્યની નોંધ લીધી અને તેમને પ્રોત્સાહન આપ્યું. માતા-પિતાએ તેમને લગ્ન કરવા માટે પ્રોત્સાહિત કર્યા અને તેમના માટે યોગ્ય જીવનસાથી પસંદ કરી. કુ.જોયસ ઉટીની સરકારી હોસ્પિટલમાં કામ કરતી તબીબી રીતે પ્રશિક્ષિત કમ્પાઉન્ડર હતી. શ્રી પકિયાનાથરાજે ૧૨ મી મે ૧૯૭૧ના રોજ કુ. જોયસ સાથે લગ્ન કર્યા હતા.

પ્રભુએ તેમના લગ્ન જીવનને ગોલ્ડન જેબા જ્યોર્જ અને ગોલ્ડન વિક્ટર જ્યોર્જ નામના બે પુત્રોનો આશીર્વાદ આપ્યો હતો.

## સેવાકાર્ય માટે તેડુ :

ખ્રિસ્તને તેમના તારણહાર તરીકે સ્વીકાર્યા પછી શ્રી પકિયાનાથરાજના જીવનમાં એક મહાન પરિવર્તન આવ્યું. તેમને સેવાકાર્ય કરવાનો શોખ હતો, ખાસ કરીને આત્માઓને અંધકારમાંથી ઉગારવાનો. જ્યારે પણ તેમને તક મળતી, તે તેમના મિત્રો અને મંડળી સાથે સુવાર્તા પ્રચારમાં સામેલ થતા. આ દરમિયાન, તેમણે ઉત્તર ભારતમાં ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડના સેવાકાર્ય વિષે જાણ્યું. પછી, તે પ્રાર્થના જૂથોમાં જોડાયા અને મિશનરીઓ માટે નિયમિત રીતે પ્રાર્થના કરવાનું શરૂ કર્યું. તેમણે FMPB દ્વારા આયોજીત તમામ મિશન સંમેલનોમાં હાજરી આપવાનું શરૂ કર્યું અને ઉત્તર ભારતના મિશનરીઓની સાક્ષીઓને વિશ્વાસપૂર્વક સાંભળી. તેમનું હૃદય મિશનરી કાર્ય માટે સંપૂર્ણ રીતે સમર્પિત હતું. જ્યારે તે બાઈબલ વાંચતા હતા, ત્યારે ઈશ્વરે તેમની સાથે ગીતશાસ્ત્ર ૯૧ ની કલમ દ્વારા વાત કરી અને તેમણે પોતાનું જીવન પૂર્ણ સમયની સેવા માટે સમર્પિત કર્યું. વધુમાં, તેમણે તેમની ખાતરી વિષે તેમની પત્નીને વાત કરી; તે પણ ઈશ્વરની આજ્ઞા પાળવા તૈયાર હતી. પ્રભુના માર્ગદર્શનને અનુસરીને, ૩૦ જાન્યુઆરી, ૧૯૮૦ના રોજ તેઓ મિશનરી ઉમેદવારો તરીકે FMPB માં જોડાયા.

## ઉત્તર ભારતમાં સેવાકાર્ય :

શરૂઆતમાં, તેઓ ડેનિશપેટની બેથેલ બાઈબલ સંસ્થામાં મિશનરી તાલીમમાંથી પસાર થયા. એક વર્ષની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી, તેઓને ક્રોસ કલ્ચરલ મિશનરી તરીકે ગુજરાતમાં મોકલવામાં આવ્યા. તેઓ ગુજરાત રાજ્યમાં પહોંચ્યા, જ્યાં કુકના લોકોમાં સેવાકાર્ય ખીલી રહ્યું હતું. અને તે મિશનરીઓના જૂથમાં જોડાયા જે દક્ષિણ ગુજરાતના કુકનામાં સેવાકાર્ય કરી રહ્યા હતા. તેઓએ ડાંગ જીલ્લાના પીપલવાડા ખાતેથી તેમના સેવાકાર્યની શરૂઆત કરી અને બાદમાં ઉચ્છલ ગયા અને કુકના લોકોમાં સેવાકાર્ય ચાલુ રાખ્યું.

૧૯૮૮ માં, અન્ય મિશનરી શ્રી પેરીનબાડોસ સાથે, તેઓએ ગુજરાત અને મહારાષ્ટ્ર સરહદ નજીકના નવાકામ નામના ગામમાં તમામ નવા વિશ્વાસીઓ માટે મેળાનું આયોજન કર્યું. શ્રી સૂર્યવંશી અને એફએમપીબીના તત્કાલીન જનરલ સેક્રેટરી શ્રી એમ. પેટ્રિક જોશુઆ મેળાના ખાસ વક્તા હતા. મેળા માટે સેંકડો નવા ધર્માંતરિત લોકો એકઠા થયા હતા. તદુપરાંત, વિશ્વાસીઓએ તમામ વ્યવસ્થા આપણા મિશનરીઓના માર્ગદર્શન હેઠળ કરી હતી. તેઓએ સમયપત્રક મુજબ મેળાની શરૂઆત કરી. મીટીંગ દરમિયાન, કેટલાક ખ્રિસ્તી વિરોધી તત્વોએ પથ્થરમારો કરીને સભાઓને ખલેલ પહોંચાડી હતી. આપણા કેટલાક સ્થાનિક સુવાર્તિકો અને મિશનરીઓ ઘાયલ થયા હતા. ત્યારબાદ અસામાજીક તત્વોના અન્ય

ટોળાએ કાર્યક્રમ સ્થળે ઘુસીને શામિયાળાને આગ ચાંપી દીધી હતી. શ્રીમતી જોયસ પકિયાનાથરાજે બે વિશેષ વક્તા શ્રી એમ. પેટ્રિક જોશુઆ અને શ્રી સૂર્યાવંશીને સાથે લીધા, તેમને એક ઘરમાં સંતાડી દીધા, અને ગુસ્સે થયેલા ટોળાથી તેમને બચાવ્યા. ટોળાએ આપણા નવ લોકોને સખત માર માર્યો અને તેમને થાંભલા સાથે બાંધી દીધા. શ્રી પકિયાનાથરાજ એ વ્યક્તિઓમાંના એક હતા જેમને ગંભીર રીતે મારવામાં આવ્યા હતા અને તેમના પેટ અને છાતીના ભાગમાં આંતરિક ઘા થયા હતા. મહેમાનોને લેવા આવેલા ડ્રાઈવરે આગ જોઈને નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી અને પોલીસ કર્મચારીઓને પણ ઘટનાસ્થળે લઈ આવ્યા. તેઓએ વિશ્વાસીઓનો અને મિશનરીઓને જીવલેણ હુમલાથી બચાવ્યા હતા. સતાવણી વચ્ચે ઈશ્વરપિતાએ આપણને સેંકડો વિશ્વાસીઓ આપ્યા જેઓ ખ્રિસ્તમાં તેમના વિશ્વાસમાં ખૂબ જ મજબૂત હતા.

## અંતિમ દિવસો

શ્રી પકિયાનાથરાજને ગંભીર આંતરિક ઘા થયા. પરિણામે તેનું હૃદય જોરથી ધબકવા લાગ્યું. ૧૯૮૯ થી તેઓ હૃદયની સમસ્યાથી પીડાતા હતા. એકવાર તેમને હાર્ટ એટેક આવ્યો અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા અને જરૂરી સારવાર આપવામાં આવી. તબીબી રજા પર, તે સારવાર માટે તેમના પોતાના ગામ થોપપુર ગયા. ફરીથી, ૧૯૯૦ માં, મે મહિનામાં તેઓ ખૂબ જ બિમાર પડ્યા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ડોક્ટરોના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા અને તેમને સ્વર્ગીય ઘરનું તેડુ મળ્યું. શ્રી પકિયાનાથરાજે તેમનું સેવાકાર્ય સારી રીતે કર્યું હતું અને ૧૨ મી મે ૧૯૯૦ના રોજ પ્રભુના મહિમામાં પ્રવેશ કર્યો.

તેમના મૃત્યુ પછી, તેમની પત્ની શ્રીમતી જોયસ મુંબઈના મોબિલાઈઝેશન સેવાકાર્યમાં જોડાયા અને વિશ્વાસીઓ વચ્ચે સેવાકાર્ય કર્યું, પ્રાર્થના જૂથો અને સમર્થન ઊભા કર્યા. તેણીના મોટા પુત્ર ગોલ્ડન જેબા જયોર્જને મુંબઈ શહેરમાં નોકરી મળી. શ્રીમતી પકિયાનાથરાજ માટે યોગ્ય જીવનસાથી મળ્યો અને તેણે લગ્ન કર્યા. ગોલ્ડન જેબા જયોર્જ તેમની મંડળીના સેવાકાર્યોમાં ખૂબ સક્રિય હતા. થોડા વર્ષોમાં, મુંબઈ ખાતે એક પ્રભુમંદિરમાં ઈલેક્ટ્રિક રિપેરીંગનું કામ કરતી વખતે તે વીજ કરંટથી મૃત્યુ પામ્યો. ડેનિશપેટ ખાતેના એક FMPB ના વાર્ષિક શિબિરમાં તેણીએ પહેલેથી જ તેના નાના પુત્ર ગોલ્ડન વિક્ટર જયોર્જને ગુમાવ્યો હતો. રાત્રિના સમયે, તે એક કૂવામાં પડી ગયો જેની આસપાસ કોઈ પેરાપેટ દીવાલ ન હતી. ભારે હૃદય સાથે, શ્રીમતી જોયસે પૌત્ર-પૌત્રીઓની સંભાળ રાખીને મુંબઈમાં સેવાકાર્ય ચાલુ રાખ્યું. ૨૦૦૯ માં શ્રીમતી જોયસ પેકિયાનાથરાજ ૬૫ વર્ષની ઉંમરે પહોંચ્યા પછી FMPB માંથી નિવૃત્ત થયા. હવે તે નાગરકોઈલ પાસેના પોતાના વતનમાં સેવાકાર્ય કરી રહ્યા છે. આ પરિવારે તેમની ક્ષમતાઓથી ઈશ્વર માટે શ્રેષ્ઠ કર્યું. આવો આ પરિવાર માટે પ્રભુનો આભાર માનીએ.

***- રેવ. ડો. ઈ. રાજન***

**MAY**

**1**

**બુધવાર**

*ઉપવાસ પ્રાર્થના દિવસ*

## *Happy Birthday*

શ્રી બાબુ બેન્જામિન
શ્રીમતી ઝિપ્પારોહ જીવરત્ન બીરો
શ્રીમતી પ્રોસોન્સિતા એફ્રાઈમ માલ્લી શ્રી મનોજ પી.જે.
શ્રીમતી કોકની સુમિત્રાબેન ક્રિશ્ચિયન
શ્રીમતી રૂપા યલવાગી ચન્નમલ્લપ્પા
શ્રી કિંન્ગ્સલી લિવિંગ્સ્ટન આર., શ્રી જ્હોન પેનિન જે.

## જમ્મુ

### આર. એસ. પુરા :

### લુંજલાલ સોન્ગથટ અને મેરી નેંગનેઈકીમ

**સ્તુતિ :** વિશ્રામ ધોબી પરિવાર અને તેમના મંડળની નવી રચાયેલી સુવાર્તિક ટીમ સાથે તેમના ૬૬ થી વધુ સંબંધીઓ સુધી સુવાર્તા સાથે પહોંચ્યા. જિંદર ગામમાં એક નવું આરાધના કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. ૭ લોકો પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં તેમનો વિશ્વાસ જાહેર કરવા તૈયાર છે. હાઈ બ્લડ સુગર અને થાઈરોઈડની બિમારીમાંથી વિજય કુમારને સાજાપણું મળ્યું હતું. આપણા મિશનરી પરિવારને એક બાળકના આશીર્વાદ સાથે સુરક્ષિત પ્રસૂતિ થઈ હતી.

**પ્રાર્થના :** કુલિયન મંડળના વિશ્વાસમાં નબળા પડેલા પુરાચંદ અને સુનિતા કુમાર વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય એ માટે. ચક ગામમાં આરાધના માટે યોગ્ય સ્થળ પ્રાપ્ત થાય એ માટે. સુનિતા કુમારીને કરોડરજ્જુની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. તાલુ-ચક ગામના જગદીશ પરિવારનો ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ પુનઃસ્થાપિત થાય એ માટે. લોકેશરી, સુનિતા કુમારી અને સની તેમના જીવનને ખ્રિસ્તને સમર્પિત કરવા તેમજ ખ્રિસ્તમાં તેમનો વિશ્વાસ કબૂલ કરે એ માટે.

### રામગઢ :

### જ્હોન એઝુંગ અને લિબેની એઝુંગ

**સ્તુતિ :** કોઠે, સિધ સ્વાંખા અને ખેરી ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. સિમરન, સંજય, વિજય એ કરનાલિયાના પરિવારોએ ઈસુ ખ્રિસ્ત વિષે વધુ જાણવા માટે રસ દર્શાવ્યો હતો. કોઠે ગામમાં કરનાલિયાસ અને અજયે પ્રભુ ઈસુને અનુસરવાનું નક્કી કર્યું હતું. ગારો દેવી અને મોનુને સુવાર્તા સંભળાવવામાં આવી હતી કે જેઓ આપણા વિજયપુરના વિશ્વાસી જ્યોતિના સંબંધીઓ હતા. આપણા કોઠે ગામના વિશ્વાસી સંજયનું ૭મા મહિને જન્મેલું બાળક પ્રાર્થના દ્વારા સ્વસ્થ થઈ રહ્યું છે.

**પ્રાર્થના :** નવા વિશ્વાસીઓ તેમના મિત્રો, પડોશીઓ અને સંબંધીઓને સુવાર્તા પ્રગટ કરવા અને તેમના વિશ્વાસમાં મજબૂત બને એ માટે. સિમરન, સંજય, વિજય, કર્નાલિયા, ગારો દેવી અને મોનુ જેઓ આપણા નવા સંપર્કમિત્રો છે જેઓ સુવાર્તાને સકારાત્મક પ્રતિસાદ આપે છે. કરાલિયન ગામના રાજુ અને રથા કુંટેલ અને તેમનો સમુદાય તેમજ તેમના સંબંધીઓ જાહેરમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં તેમના વિશ્વાસની કબૂલાત કરે અને તેમના નવા જીવનની શરૂઆત કરે એ માટે. રામગર ગામના પ્રેમચંદ, તારા ચાંદ, પ્રેમ સ્કોલ્ડ કંજાન, તનશીકા, દીપક, સાહિલ અને શશી પ્રભુ ઈસુનો સ્વીકાર કરે અને આ લોકો દારૂના વ્યસનમાંથી મુક્ત થાય એ માટે. ઈશ્વરપિતા પ્યારાને ગળાના કેન્સરમાંથી સાજાપણું આપે એ માટે.

**MAY**

**2**

**ગુરૂવાર**

***Happy Birthday***

શ્રીમતી લિસા પીટર અરુલનાંદમ
શ્રી ગોડવીન કિરુબાગરન
શ્રી સુનિલ કુમાર

## હિમાચલ પ્રદેશ

### કરસોગ :

### પવનકુમાર અને પ્રભાશિની દેવી

**સ્તુતિ :** ગત શિયાળાની ઋતુ દરમિયાન ઈશ્વરપિતાએ સુરક્ષિત રાખ્યા માટે. નાણાંકીય વર્ષ દરમિયાન અમે ૨૯ નવા ગામો સુધી પહોંચી શક્યા અને ૪૦-રાત્રિ મીટીંગો અને ૬૯ ફોલો-અપ મીટીંગોનું આયોજન કરી શક્યા અને ૫ લોકોને પ્રભુ ઈસુ ખ્રિસ્તના શિષ્યો બનવા માટે સક્ષમ બનાવ્યા હતા. મોનિકાની પુત્રી આરાધ્યાને ઝાડાની બિમારીમાંથી સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** પલ્યાડ ગામમાં ગૃહ આરાધના શરૂ કરવા અને સ્થાનિલ લોકોનો ટેકો મેળવવા અને યોગ્ય સ્થળ મળે એ માટે. બસંતપુર ગામના વિશ્વાસીઓ નિયમિતપણે પ્રભુમંદિરમાં આવી શકે અને તેઓ જે સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તે તમામ સમસ્યાઓ દૂર કરી શકે એ માટે. કોટ ગામ ખાતે નવા સંપર્કમિત્રો સુવાર્તાને હકારાત્મક પ્રતિસાદ આપે એ માટે.

### રોહરુ :

### જોન્સન સંકર અને જેબરાની

**સ્તુતિ :** પ્રકાશના માલિક કે જેમણે એક વર્ષ માટે તેમનો પગાર આપવાનું બંધ કરી દીધું હતું અને તેમનો પરિવાર ટકી રહેવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો, જ્યારે મંડળે આ માટે પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરપિતાએ પ્રકાશને તેમના નાણાં અપાવવામાં સહાય કરી હતી. જ્યારે સુભદ્રા ડુંગરાળ વિસ્તારમાં પડી ગઈ ત્યારે ઈશ્વરપિતાએ તેણીનું રક્ષણ કર્યું હતું. અકસ્માતને કારણે નોકરી ગુમાવનાર રોશનલાલ ઈજાઓમાંથી સાજા થઈને નાની દુકાન શરૂ કરી શક્યા હતા.

**પ્રાર્થના :** રોશનલાલ, અંજના, મીનાક્ષી, સૂરજ અને રોહિત માટે કે જેઓ પ્રભુમાં મજબૂત રહેવા માટે જાહેરમાં પોતાનો વિશ્વાસ કબૂલ કરવા તૈયાર થાય એ માટે. અકસ્માતમાં ઘાયલ થયેલા બાબુલાલને ઈશ્વરપિતા સાજાપણું આપે અને તે ફરીથી કામ શરૂ કરે એ માટે. મીનાક્ષીના પરિવામાં શાંતિ જળવાઈ રહે એ માટે.

## ચમત્કારોના ઈશ્વર !

૨૮-૨૯ માર્ચના રોજ, બિહારના અરરિયા જીલ્લામાં, વિશ્વાસીઓ પ્રાર્થના સભા માટે એકઠા થયા હતા. બીજા દિવસે, છ સભ્યોએ તેમની સાક્ષીઓ આપી અને ખ્રિસ્તના વાડામાં જોડાયા. આપણા મિશનરી રેવ. એમ. જ્હોન દ્વારા સંચાલિત બાપ્તિસ્મા દરમિયાન, તેઓએ નહેરના કિનારે એક વિચિત્ર સફેદ દોરડું લટકતું જોયું. તે હાનિકારક નથી એમ ધારીને, કોઈએ તેના પર વધુ ધ્યાન આપ્યું નહીં. જો કે, અનપેક્ષિત રીતે, એક ચરતી ભેંસે વાયર પર પગ મૂક્યો, જે જીવંત ઈલેક્ટ્રિક હોવાનું બહાર આવ્યું, પરિણામે વીજ કરંટ લાગ્યો. દર્શકો ભેંસને મુક્ત કરવા માટે વાયર કાપવા દોડી ગયા, પરંતુ મિશનરીઓ અને નવા બાપ્તિસ્મા પામેલા વ્યક્તિઓએ પાણી છોડ્યું તે જ રીતે જીવંત વાયર પાણીમાં પડી ગયો. ત્યારે ખબર પડી કે દોરડું જીવંત ઈલેક્ટ્રીક વાયર હતો અને ઈશ્વરપિતાએ ચમત્કારિક રીતે તે બધાને સંભવિત વીજ કરંટથી બચાવ્યા હતા. પ્રભુનો મહિમા થાઓ !

**MAY**
**3**
**શુક્રવાર**

## *Happy Birthday*

શ્રી વિક્ટર જયાસીલન સી.
શ્રીમતી શીલા શનમુગમ
શ્રી જેબારાજ સેમ્યુઅલ વી.પી., શ્રી વિનુ એમ.
શ્રીમતી સરલ જાનસી રાની જસ્ટિન વાય.
શ્રીમતી આનંદી શંકર એમ.

# પંજાબ

## ભટિંડા :

### સંજીબ આનંદ અને પ્રસ્તુતા, પ્રતાપ રહંગ અને રશ્મિ પ્રભા

**સ્તુતિ :** ૧૧૫ ઘરોમાં લેન્ટના દિવસોની પ્રાર્થનાઓ કરવામાં આવી હતી. પુરુષો, મહિલાઓ અને યુવાનો વચ્ચે સાંકળ પ્રાર્થના કરવામાં આવી હતી. ઈકબાલને અસ્થમાની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. શેબાજને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. ભગવાનપુર ગામમાં ઈન્દરજીત, હરબંસા, રાજવીર કૌર, ચરણજીત કૌર, લવપ્રીત સિંગ, હરવિંદર સિંહ સુવાર્તામાં રસ બતાવી રહ્યા છે. ચક ફતેસિંહ વાલા, ગોનિયાના, ફૂલ, આંબેડકર નગર, થમાનગઢ ગામો સુધી સેવાકાર્યનું વિસ્તરણ થયું છે. જોશુઆને ન્યુમોનિયામાંથી, નઝર સિંગને ચામડીના રોગમાંથી, સતવીર કૌરને ગર્ભાશયની સમસ્યામાંથી અને રાજાને કિડનીની પથરીમાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** સેવાકાર્યને શહેર ભટિંડા, ગોનિયાના, બલુઆના, સંગત મંડી, રામા મંડી, તલવંડી સાબો અને ભાઈ ભગતા ગામો સુધી વિસ્તારવામાં આવે એ માટે. ભાઈ રૂપા સબ-સેન્ટર માટે ઈશ્વરપિતા સુવાર્તિક પ્રદાન કરે એ માટે. સાધના અને સાહિલ પ્રભુની સેવા કરવા તૈયાર થઈ રહ્યા છે, તેઓ સેવાકાર્યમાં જોડાય એ માટે. તુંગવાલી ગામના કુલવંત સિંગને ગળાના કેન્સર, ચાંદ સિંગને લકવામાંથી અને તરેસમને હાડકાની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. લછમન, બાગી, કુલવંત, બાલા, તરસેમ, રાઈન્ડર, કાલા, મિશ્રા અને મૌનીને દારૂ અને ડ્રગ્સ સંબંધિત વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. વિમ સિંગ, લવ પ્રીત, રોહિત, મુકેશ, નન્ને, મનોજ, રાજુ, અમિત, બળવંત, સાવંત, રાજા જેઓ ખ્રિસ્તને તેમના તારણહાર તરીકે પ્રાપ્ત કરવા માટે સુવાર્તામાં રસ દાખવી રહ્યા છે.

## માણસા :

### દેબ્રતા વિશ્વાસ અને માન્ના સિંગ

**સ્તુતિ :** ૭ ગામોમાં સુવાર્તા પ્રગટ કરી હતી અને નવા ૫ પરિવારો પ્રભુના વાડામાં ઉમેરાયા હતા. ૨ સ્થળે સુવાર્તા પ્રચાર માટે સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ૪૮૦ લોકોએ સુવાર્તિક સાહિત્યને ઉષ્માપૂર્વક પ્રાપ્ત કર્યું હતું. ૪ સ્થળોએ પ્રભુમંદિરના વડીલોની મીટીંગ, ૨ સ્થળોએ બાળકોનો કાર્યક્રમ, ૧ મહિલા શિબિર, ૩ સ્થળે બાઈબલ અભ્યાસ જૂથના આગેવાનોની તાલીમ હાથ ધરવામાં આવી હતી અને ૧૦૫૦ લોકોએ સુવાર્તા સાંભળી હતી. ગયા મહિના દરમિયાન ખજૂરીના રવિવારના દિવસે એક ખાસ રેલી દ્વારા ૨૦૦ લોકોને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ૩૭ ગામોના ૧૨૭ ઘરોમાં લેન્ટના દિવસો માટેની પ્રાર્થના કરાવવામાં આવી હતી. મંદેરના ગામના ગુરદીપ કૌર અને બિઅંત સિંગની લાંબા સમયની પ્રાર્થનાઓ ઈશ્વરપિતાએ સાંભળી હતી અને તઓને બાળકરૂપી આશીર્વાદ આપ્યો હતો. ૬૦ વર્ષીય હક્કુમ સિંગે પ્રાર્થના દ્વારા લકવામાંથી સાજાપણું મેળવ્યું હતું અને માર્ચ મહિનામાં તેમની નિવૃત્તિના કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

**MAY**
**4**
**શનિવાર**

## *Happy Birthday*

શ્રીમતી હેપસીબાઈ સાઈરસ સેમ્યુઅલ
શ્રીમતી લીગર્લ મેરી ગોલ્ડન ઈન્બારાજ
શ્રીમતી સીતા આઈઝેક આર. શ્રી જેબાકુમાર પી.
શ્રીમતી રાઉત જશોદાબેન પ્રમોદકુમાર
શ્રીમતી જેબાસીલી ડેનિયેલ માર્વેલરાજ
શ્રીમતી એન્જેલીન વિગ્નેશવરન
શ્રી અનિલ કુમાર, શ્રી નિરંજન કુમાર

**પ્રાર્થના :** પાથબસ્તી ગામના નવા વિશ્વાસી રમેશ કુમારનો આખો પરિવાર ખ્રિસ્તને તારણહાર તરીકે સ્વીકારે અને પારિવારિક વિવાદનું સમાધાન કરી શકે એ માટે. આપણા ચર્ચના વડીલ સુરજીત સિંગના ૩૦ વર્ષીય પુત્ર કુલદીપસિંગને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે.

### મોગા :

## જસ્ટિન વાય અને સરલ ઝાંસી રાની

**સ્તુતિ :** ૨ વ્યક્તિઓએ પ્રભુ ઈસુને તેમના તારણહાર તરીકે સ્વીકાર્યા હતા અને પ્રભુ ઈસુના વાડામાં ઉમેરાયા હતા. આપણા ૬ વિશ્વાસીઓએ ગુડ ફ્રાઈડેની સંગત દરમિયાન પ્રભુ ઈસુએ વધસ્તંભ ઉપરથી ઉચ્ચારેલા વચનો વહેંચ્યા હતા. મંજુના પતિનો ઈશ્વરપિતાએ એક અકસ્માતમાંથી બચાવ કર્યો હતો.

**પ્રાર્થના :** નવા આવનારાઓ પ્રભુનો સ્વીકાર કરે અને ઈસુ ખ્રિસ્તમાં તેમનો વિશ્વાસ કબૂલ કરે એ માટે. ૪ મહિનાના જોએલને તેના હાથ અને પગ પરના ઘામાંથી સાજાપણું મળે એ માટે. ૬ મહિનાનું બાળક જે ICU માં છે તેને સાજાપણું મળે એ માટે.

### જૈતો :

## ચિતરંજન તેન્ડી અને તેજસ્વિતા

**સ્તુતિ :** ૩ વ્યક્તિઓ પ્રભુ ઈસુના વાડામાં ઉમેરાયા હતા. અમનદીપ કૌર, નિશા કૌર, અમરજીત કૌર અને જોથી કૌરને અશુદ્ધ આત્માના કબજામાંથી મુક્તિ મળી હતી. વિશ્વાસમાં નબળા પડેલા ચર્ચના વડીલને તેમની ભૂલ સમજાઈ હતી અને તેમણે પ્રભુમાં ફરીથી વિશ્વાસ મૂક્યો હતો. જસવિંદર સિંગ અને જોહીના નવા પરિવારો પ્રભુમંદિરની સેવામાં ભાગ લઈ રહ્યા છે. પ્રભુમંદિરમાંથી ચોરાયેલો તમામ સામાન પાછો મેળવવામાં આવ્યો છે.

**પ્રાર્થના :** સુવાર્તા કે જે મલ્લ, સેંડવન અને વાન્ડર ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી છે, તે ફળદાયી બને એ માટે. વિશ્વાસમાં નબળા પડેલા પિંડર, કૃષ્નન અને કાલ પરિવારો માટે. રાની કૌરને ૨ વખત કસુવાવડ થઈ હતી, તેણીને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. મિંડા કૌર અને કૌશલ્યા દેવીએ સુવાર્તાનો વિરોધ કર્યો હતો, તેઓના હૃદય પરિવર્તન માટે.

### બાગપૂર્ણા :

## કોંકણી સંપથ અને આશા લક્ષ્મી

**સ્તુતિ :** પ્રભુની આરાધના કરવા માટે ૪ સ્થળોએ આરાધના જૂથો એકત્ર થઈ રહ્યા છે. ૨ સ્થળોએ બાળકો બાઈબલ અભ્યાસ માટે એકત્ર થઈ રહ્યા છે અને બાળકો માટેનો ૧ નવો વર્ગ શરૂ થયો છે. ૩ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ૩ વ્યક્તિઓએ જાહેરમાં પ્રભુ પર તેમનો વિશ્વાસ જાહેર કર્યો છે. વિશ્વાસમાં નબળા પડેલા ૭ વ્યક્તિઓએ પ્રભુ પર પુનઃવિશ્વાસ કર્યો છે. ચોટિયા ગામના સિંદરને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. સંજુ જ્યારે આરાધના સંગતમાં ભાગ લેવા લાગ્યો ત્યારે તેને ડ્રગ્સના વ્યસનમાંથી મુક્તિ મળી હતી.

MAY
5
રવિવાર

## *Happy Birthday*

શ્રી સ્તેફન જયાસીલન બી.
શ્રીમતી જેસ્સી જીવા પ્રભા ડેવિડ
શ્રીમતી મેબલ વસંતા કુમારી બાબુરાજ
શ્રી પુષ્પરાજ આર. શ્રી ભરાનિધરન એસ.

**પ્રાર્થના :** ૩ ગામોમાં સુવાર્તા સાથે ૧૧૦૦ લોકો સુધી પહોંચવાની અમારી યોજના માટે. જીસસ ફિલ્મ ૩ ગામોમાં પ્રદર્શિત કરવી શક્ય બને અને આ મહિનાના અંત સુધીમાં ૫ લોકોને ખ્રિસ્ત તરફ દોરી જઈ શકીએ એ માટે. યુવાન વિશ્વાસીઓ ખ્રિસ્ત માટે આત્માઓ જીતવામાં ઉત્સાહપૂર્વક ભાગ લે એ માટે. ટૂંક સમયમાં સેકાહા કલ્લ અને દોલતપુરા ગામમાં આરાધના જૂથ શરૂ કરવા માટે. અર્શ દીપ અને કિરણ દીપને સ્તન કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. રાજિયાણા ગામના પાલ દેવને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળે એ માટે.

## ઉત્તરાખંડ

### બઝપુર :

### ક્રિશ્ચિયન પ્રકાશ અને કોકણી સુમિત્રાબેન

**સ્તુતિ :** ઈટાવા અને દેવધાત ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી જેમાં ૨૫૦ લોકોએ સાંભળ્યું. ૨ વ્યક્તિઓએ જાહેરમાં પ્રભુ ઈસુ પર વિશ્વાસ જાહેર કર્યો હતો. બુખાશા અને બન્નાખેડા લોકોના સમૂહમાં સુવાર્તા માટે દરવાજા ખુલ્યા છે. છોટાલાલ પરિવારે આરાધના સંગતનું સંચાલન કરવા માટે પોતાનું ઘર આપ્યું છે. પ્રેમાબાઈની બંને આંખોનું ઓપરેશન સફળ રહ્યું હતું. મંડળની પ્રાર્થના દ્વારા બન્નાક્કેડા ગામની આપણી નવી વિશ્વાસીને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્ત કરવામાં આવી હતી, જેને કારણે તેણીએ તૂટેલા કાચથી પોતાને ઈજા પહોંચાડી હતી અને અગાસી પરથી કૂદવાનો પ્રયાસ કર્યો હતો.

**પ્રાર્થના :** પુષ્પાદેવી અને છોટાલાલના પરિવારના સાક્ષીરૂપ જીવન દ્વારા, બુકાશા લોકજૂથ વચ્ચેના સેવાકાર્ય માટે, પવિત્ર આત્મા ઘણા વધુ લોકોને ઈસુ ખ્રિસ્તના વાડામાં લઈ જાય એ માટે. રામકલી વિશ્વાસમાં નબળી પડેલી વિશ્વાસી છે જેને અશુદ્ધ આત્મા વળગ્યા બાદ ફરીથી પ્રભુમંદિરમાં લાવવામાં આવી છે. મોનિકા અને દિશા તેમના પતિના હાથે જે શારીરિક શોષણ ભોગવે છે તેમાંથી મુક્તિ મળે એ માટે. જ્યોતિને કરોડરજ્જુની બિમારીમાંથી અને મીનાક્ષીને હૃદયની બીમારીમાંથી ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે.

### માલધનચોર :

### શિશુ પાલ અને અનિતા

**સ્તુતિ :** ૨ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી અને ૪ લોકોને પ્રભુના વાડામાં ઉમેરવામાં આવ્યા હતા. ગરવાલી લોક જૂથમાં સેવાકાર્ય કરવામાં આવી રહ્યું છે. ઈન્દ્રજીતને ટીબીથી સાજાપણું મળ્યું હતું. ૬ મહિનાથી મોંના કેન્સરથી પીડાતા વિજય કોહોની બહેને જ્યારે આપણા મિશનરીઓને તેમના માટે પ્રાર્થના કરવા વિનંતી કર્યા બાદ તેમને સાજાપણું મળ્યું હતું, તે પછી તે ખાઈ શકતા હતા અને વાત કરી શકતા હતા.

**પ્રાર્થના :** હરિનગરમાં નિયમિત આરાધના શરૂ થઈ શકે એ માટે. મદ્રી કાતલ અને ગુરુમીતને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. કાલિદાસ, સંદીપ, કાલીચરણ અને ચંપા હિંમતપૂર્વક પ્રભુ પર તેમનો વિશ્વાસ કબૂલ કરે એ માટે.




*Happy Birthday*

શ્રી રાજેન્દ્રન એસ.
શ્રીમતી ક્રિસ્ટી રાજન ઈ. શ્રી સંધ્યા નાઈક
શ્રીમતી વિમલા ડેઈઝી જહોન પૉલ હેરીસ
શ્રી સમરાજ ડી., શ્રી સીનુ ટી.

## નાનકમટ્ટા :

### રામાસામી જેરોમ અને એન્ટોની રાજમ

**સ્તુતિ :** ૫ નવા ગામોમાં ૧૫૦ લોકોએ સુવાર્તા પ્રાપ્ત કરી હતી. જોસ્ટ કોલોનીના વિકાસને વાઈની બિમારીમાંથી પ્રાર્થના દ્વારા સાજાપણું આપવામાં આવ્યું હતું. હરદાસપુર ગામના રોહિતને પ્રાર્થના દ્વારા અશુદ્ધ આત્માઓથી મુક્તિ મળી હતી. વિકાસ, રોહિત અને શિવાનીના પરિવારો પ્રભુમંદિરમાં આવી રહ્યા છે. બિજીલી કોલોનીમાં રહેતા આપણા વિશ્વાસી કસમરીસિંગે તેમની આર્થિક સમસ્યાઓ હલ કરવા માટે લોન લીધી હતી.

**પ્રાર્થના :** ગેરુદરસિંગનો પરિવાર ગરીબીમાં જીવે છે તે આર્થિક આશીર્વાદ પામે એ માટે. જસલામ નગરની જોથીની મોટી બહેનને યોગ્ય જીવનસાથી મળે એ માટે. રાનીને છાતીના દુઃખાવામાંથી સાજાપણું મળે એ માટે. આમકેડા ગામના તિર્લોકસિંગ પરિવાર અને રોહિતના પરિવાર અને હુરદાસપુર ગામના શેવાણી પરિવાર માટે જાહેરમાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર તેમના વિશ્વાસની કબૂલાત આડે આવતા તમામ અવરોધો દૂર થાય એ માટે. શિવાનીનો પરિવાર આતુરતાથી બાળકની અપેક્ષા રાખે છે તેણીને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. સ્મેક્સલાલને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. ૯ વર્ષની બાળકી પરી, જે ચાલવા અને બોલવામાં અસમર્થ છે તે ચાલી અને બોલી શકે એ માટે.

# હરિયાણા

## રતિયા :

### એસ. કાર્તિકેયન અને જયંતિ

**સ્તુતિ :** આપણા વિશ્વાસી, રાજનો પરિવાર નવું ટ્રેક્ટર ખરીદી શક્યા છે. એક વર્ષની બાળકી પરીને બિમારીમાંથી અને જાસ્મિનને ઉલ્ટીની સમસ્યામાંથી સાજાપણું મળે એ માટે. ૨૫૦ લોકોને સુવાર્તિક પત્રિકાઓ અને ૫ નવા કરારનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહિલા સભા, સત્સંગ, રાત્રિ સભા અને રીંગુના લગ્નના કાર્યક્રમનું સારી રીતે આયોજન કરવામાં આવ્યું હતું. મહિલાઓ અને યુવાનોમાં નિયમિત પ્રાર્થના ચાલી રહી છે.

**પ્રાર્થના :** જેસ્મીથ, ગુરવિંદર અને સુરજાવાનને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. રેખા, પાલો, સતપાલ, મનજીત, વિજયને બાળકોરૂપી આશીર્વાદ મળે એ માટે. ગજલ, ગુરમીત, મનજીત અને હુકુમીબાઈને ગર્ભાશયની ગાંઠમાંથી સાજાપણું મળે એ માટે. આશા, પ્રેમો, સાનિયા અને ઓમીની કિડનીની પથરી દૂર થઈ જાય એ માટે. પ્રિયંકા અને પૂજાને સલામત પ્રસૂતિ થાય એ માટે. ગુરુચંદ્ર સિંગ કિડનીની સમસ્યા અને ટીબી તેમજ બબલીને ટીબીની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

## ફતેહબાદ :

### ડેવિડ એસ. અને જેબા ગ્રેસ

**સ્તુતિ :** ૪૮૦ વ્યક્તિઓને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ૭ લોકોને નવા કરાર અને ૩ લોકોને સંપૂર્ણ બાઈબલનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૨૦ લોકોએ પ્રભુ પર તેમનો વિશ્વાસ કબૂલ કર્યો હતો. વિધવા મહિલા અંગુનીને તેમના સસરા તેણીને રવિવારની સંગતમાં જતા અટકાવે છે અને તેણીને વિશ્વાસ ત્યજી દેવા ધમકી આપે છે જેના

**MAY**
**7**
**મંગળવાર**

## *Happy Birthday*

શ્રીમતી ગુનાસેલ્વી ફ્લોરેન્સ સુધાહરન
શ્રી સમરેન્દ્ર સિંગ, શ્રી ડેનિયેલ અરુલમનિ જે.
શ્રીમતી નાઓમી રાજમ સાઉ ભુનિયા
શ્રીમતી મીનાગ ગોપિક્રિષ્નન
શ્રી કુમારવેલ એસ.

માટે તે તેણી અને તેના પુત્રો પર કાળો જાદુ કરે છે, પરંતુ પ્રભુએ તેણીને અને તેના પુત્રોને તમામ ખરાબ અસરોથી બચાવ્યા છે. જ્યારે વીનેશની પત્નીએ તેને કૌટુંબિક પ્રાર્થનામાં જોડાવા માટે પ્રાર્થના કરી ત્યારે તેને બાઈબલ વાંચવા અને પ્રાર્થના કરવા સક્ષમ બનાવ્યા હતા.

**પ્રાર્થના :** સબ સેન્ટર પુહુના તસીલમાં શરૂ કરાયેલું સેવાકાર્ય ફળદાયી બને એ માટે. અરોડા મહેતા લોક જૂથમાંથી મુકેશને દારૂના વ્યસનમાંથી મુક્ત કરવામાં આવે એ માટે. કોહાના પુત્રને ફેફસાની બિમારીમાંથી સાજાપણું મળે અને તે પ્રભુને સ્વીકારે એ માટે. સ્થાનિક સુવાર્તિક રામ રેગાને લિવરની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

## રાજસ્થાન

### ઉદયપુર :

### આશિષ કુમાર અને સવિતા દેવી

**સ્તુતિ :** અંદોરી અને ચંદ્રવાસ ગામોમાં ૧૯૦ લોકોને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ૫ લોકો પ્રભુ ઈસુ ખ્રિસ્તના શિષ્યો બન્યા હતા. આશાને પ્રાર્થના દ્વારા સ્ત્રીરોગ સંબંધી બિમારીમાંથી સંપૂર્ણપણે સાજાપણું મળ્યું હતું. કમાલની પત્ની રશ્મી લગ્નના ૯ વર્ષ બાદ પ્રાર્થના દ્વારા ગર્ભવતી બની હતી. દિતાલી, ખેમરાજ અને લીલાને પ્રાર્થના દ્વારા અશુદ્ધ આત્માઓથી મુક્ત કરવામાં આવ્યા હતા. રાહુલ અને તેની માતાએ પ્રાર્થના દ્વારા માનસિક બિમારીમાંથી મુક્તિ મેળવી હતી.

**પ્રાર્થના :** સ્થાનિક લોકોના સમર્થન અને ભાગીદારીથી વસલા ગામમાં પ્રભુમંદિરનું બાંધકામ સમયસર પૂર્ણ થાય એ માટે. રાજકુમાર અને પ્રકાશને કેન્સરની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. કેવરામ, પીના, મુકેશ અને વિજયને અશુદ્ધ આત્માઓથી મુક્તિ મળે એ માટે. સુકનાને ટી.બી. અને લોહીમાં હીમોગ્લોબીનની કમી છે, તેણીને સલામત પ્રસૂતિ થાય એ માટે. આનંદી લાલને મોતિયો અને ડાયાબિટીશ છે, તેણીની આંખનું સફળ ઓપરેશન થઈ શકે એ માટે.

### ખજુવાલા :

### કુમાર વી. અને પેટ્રિશિયા

**સ્તુતિ :** રાવલા ગામની સુમનના લગ્નનું સફળતાપૂર્વક આયોજન થઈ શક્યું હતું. રાવલા ગામના નવનાથ જ્યારે પહેલા માળેથી નીચે પડ્યા હતા ત્યારે ઈશ્વરપિતાએ તેમનું રક્ષણ કર્યું હતું. વિશ્વાસીઓ પોતે પોતપોતાના સ્થળે ઉપવાસ સહિતની પ્રાર્થના અને બાઈબલ અભ્યાસ કરે છે. નિરુપા કાન જાહેરમાં પોતાનો વિશ્વાસ કબૂલ કરવા તૈયાર થઈ રહી છે.

**પ્રાર્થના :** આપણા વિશ્વાસી ગુરુચરણ કે જેઓને માથાના ગંભીર દુઃખાવામાંથી ઈશ્વરપિતા તેમને સાજાપણું આપે એ માટે. વિશાલ પ્રભુ ઈસુને પ્રાપ્ત કરવા અને તેમનું જીવન તેમને સોંપવા માટે બાઈબલ વાંચી રહ્યો છે, ઈશ્વરપિતા તેમના હૃદયને સ્પર્શ કરે એ માટે. આપણા વિશ્વાસી ગુલવિંદોરને માનસિક બિમારીમાંથી મુક્તિ મળે એ માટે. સર્વનસિંગને તારણ પ્રાપ્ત થાય એ માટે. ગુરુન્દર સિંગને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય અને તેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તને પોતાના તારનાર તરીકે સ્વીકારે એ માટે.

MAY
8
બુધવાર

*ઉપવાસ પ્રાર્થના દિવસ*

## *Happy Birthday*

શ્રી જસ્ટિન વાય.
શ્રીમતી નિરુપમા ખોસલા નાથાન કુમાર

## ખેરવાડા :

### ભોયા દેવુભાઈ અને ગાવિત જમુબેન, કેનોઝ સ્ટેનલી અને ચાંદની, દેબાશીષ હેમબ્રોમ અને શેફાલી હંસદા

**સ્તુતિ :** આપણા સુવાર્તિક કાંતિલાલ હરાડીને ઝાડા અને ઉલ્ટીથી સાજાપણું મળ્યુ હતું. આપણા સુવાર્તિકની પ્રાર્થના દ્વારા માડા ગામની સુરતાની સલામત પ્રસૂતિ થઈ હતી અને તેણીને એક બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થયો હતો. આપણા વિશ્વાસી ગજુનો પુત્ર કીર્તન જ્યારે બેભાન થઈ ગયો હતો ત્યારે તેને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. ઘાટા ગામની શિવાની જ્યારે મોટરસાઈકલ પરથી પડી ગઈ અને બેભાન થઈ ગઈ હતી ત્યારે ઈશ્વરપિતાએ તેનું રક્ષણ કર્યું હતું.

**પ્રાર્થના :** ગોજીયા ગામ ખાટુ ખરાડી જે સુવાર્તાનો વિરોધ કરે છે તે પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેમનો પ્રતિભાવ આપે એ માટે. નાનોડા ગામની ગાયત્રીને મૂંગાપણા અને ધ્રુજારીની અસરમાંથી અને ગડવતેશ્વર ગામની ગોરીને છેલ્લા કેટલાક મહિનાઓથી લોહીની ઉલટીઓ થઈ રહી હતી તેમજ રત્નીને પેટ અને શરીરના સોજામાંથી ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે. ઘુઘરા ગામની લીલાએ તેણીના પતિ ગુમાવ્યા હતા, તેણીના દિલાસા માટે. અમલીયા ગામના અર્જુનને વાઈની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. આપણા વિશ્વાસીઓ પાણીની અછત અનુભવી રહ્યા છે, ઈશ્વરપિતા તેઓના કૂવા અને બોરવેલમાં પાણીના સ્ત્રોતો ખોલે એ માટે. જેઓ હેરવાડા મંડળનો વિરોધ કરે છે તેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરે એ માટે.

## હનુમાનગઢ :

### રાજી નાઈક અને જાન્સીબાઈ

**સ્તુતિ :** ૩ વ્યક્તિઓએ પ્રભુ પરના તેમના વિશ્વાસની જાહેરમાં કબૂલાત કરી હતી. બાઈબલ અભ્યાસ જૂથો નિયમિત પણે ચલાવવામાં આવે છે. સોનુભાઈને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. સુકા સિંગ એક ખ્રિસ્તી વિરોધી પક્ષની પૃષ્ઠભૂમિમાંથી આવે છે, જ્યારે તેમણે સાંભળ્યું કે પ્રભુનું વચન સાંભળ્યું ત્યારે પવિત્ર આત્માએ તેમનામાં કાર્ય કર્યું અને તેમણે પ્રભુ પાસે માફી માગી હતી.

**પ્રાર્થના :** પ્રભુ પરના વિશ્વાસમાં નબળી પડેલી પૂજાએ બાઈબલ પરત કર્યું હતું, તેણી વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય એ માટે. સતીશ અને તેમના બાળકો જાહેરમાં તેમના વિશ્વાસની કબૂલાત કરે એ માટે. અંજલિ અને સુનિતાને સ્રીરોગ સંબંધી સમસ્યાઓમાંથી સાજાપણું મળે એ માટે. માંકસર ગામમાં દર અઠવાડિયે ઓછામાં ઓછા એકથી બે મોતની વિચિત્ર ઘટનાઓ થાય છે તે બંધ થાય એ માટે.

## સાંગારીયા :

### અમીરકાંત દિગલ અને નિરોલા

**સ્તુતિ :** ૫૦ વિશ્વાસીઓએ ગુડ ફ્રાઈડેની સંગતમાં હાજરી આપી હતી. ૮૦ વિશ્વાસીઓએ ઈસ્ટરની સંગતમાં હાજરી આપી હતી. સેકસોનીવાલા ગામમાં નવા સંપર્કમિત્રો મળ્યા હતા. ૪ વ્યક્તિઓએ પ્રભુ ઈસુ પરનો વિશ્વાસ કબૂલ કર્યો હતો. નગરાણાં મંડળ પ્રભુમાં વૃદ્ધિ પામી રહ્યું છે.

MAY
9
ગુરૂવાર

*Happy Birthday*

શ્રીમતી મુથુ સેલ્વી સેન્થિલ કુમાર
શ્રી વાઘેલા પ્રમોદકુમાર ધર્માભાઈ

**પ્રાર્થના :** પ્રિયંકા, સુનિતા, મમતા, જ્યોતિ, ગુલાબસિંગ અને ભક્ત સિંગ માટે જેમણે સુવાર્તા સાંભળી છે તેઓ સારો પ્રતિસાદ આપે એ માટે. વિશ્વાસીઓના બાળકોને પ્રભુની બીક ધરાવતા જીવનસાથી મળે એ માટે. નાગરાણા ગામમાં પ્રભુમંદિર બનાવવા માટે જમીન મેળવવાની છે. પેકરિયા લોકોના જૂથમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે.

## ટપુકારા :

### જ્હોન્સન તમિલસેલ્વન (રિટા.) અને રાજમ્મલ તમિલસેલ્વન, ડેનિયલ માર્વેલરાજ અને જેબાસેલી

**સ્તુતિ :** ગયા નાણાંકીય વર્ષ દરમિયાન ૨૦ લોકોએ પ્રભુ પર તેમના વિશ્વાસને જાહેર કર્યો હતો. ૧૦૦૦ કલાકની પ્રાર્થનામાં હાજરી આપ્યા પછી ઈશ્વરપિતાએ સારાગૌ ગામની સિલોને ૧૭ વર્ષથી ચાલતા કોર્ટ કેસમાં તેણીના પક્ષમાં ચુકાદો મેળવવામાં મદદ કરી હતી. ગર્ભાશયની બિમારીથી પીડાતી સુમને પ્રભુ પરના વિશ્વાસની કબૂલાત કરી હતી અને તેણીને સાજાપણું મળ્યું હતું. સુમન, બબલી, અશોક, સુનિતા અને પ્રીતિએ ૧૦૦૦ કલાકની પ્રાર્થનામાં સતત હાજરી આપ્યા પછી ઈશ્વરપિતાએ તેમના પગારમાં વધારો કરીને આશીર્વાદ આપ્યા હતા.

**પ્રાર્થના :** પૂજાને માનસિક બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. બાળક સોનુ બોલવા અને ચાલવામાં અસમર્થ છે, પ્રભુ તેને સાજાપણું આપે અને તેના માતાપિતા પ્રભુનો સ્વીકાર કરે એ માટે. માફિયા ગેંગમાં સામેલ વિકાસ ડ્રગની હેરાફેરી અને ચોરી કરે છે, તે પ્રભુનો સ્વીકાર કરે એ માટે. ૮ છોકરાઓ અને ૧૪ છોકરીઓ તેમના જીવનમાં યોગ્ય જીવનસાથી મેળવવાની રાહ જોઈ રહ્યા છે તેઓને માટે.

# ઉત્તર પ્રદેશ

## ભરથાના :

### એસ. રાજન અને જેબા મલાર

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ અમને નવા ૬ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં મદદ કરી હતી. કટમોઈ ગામની મિસ કાજલ, માડોખ ગામના સતીશ કુમાર અને કોટી ગામની રાગિની અને રજનીને અશુદ્ધ આત્માઓથી મુક્તિ મળી હતી. મુરચા ગામના ગંગાશ્રીને મોઢાના કેન્સરમાંથી સાજાપણું મળ્યું હતું. અજિથમલ ગામના પૂનમને લગ્નના ૮ વર્ષ બાદ પ્રાર્થના દ્વારા બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થયો હતો અને બિધુના ગામના ફેવાને એક દીકરાનો આશીર્વાદ પ્રાપ્ત થયો હતો.

**પ્રાર્થના :** ભરથાના કોલોનીના મનીષા અને સચિનનો પરિવાર તાજેતરની કસુવાવડથી ચિંતિત છે, ઈશ્વરપિતા તેઓને દિલાસો આપે એ માટે. મેહના ખાતેના પ્રભુમંદિરના કોર્ટ કેસનો ઉકેલ આવે અને રવિવારની આરાધના સંગતને રોકવા પાછળ રહેલા લોકોને ઈસુ ખ્રિસ્તના પ્રેમથી સ્પર્શી શકાય તે માટે. કોટી ગામ લોંગશ્રી પરિવાર (૨ પુત્ર અને ૨ પુત્રવધૂ), સજોખારી ગામના રાણી અને પુષ્પા, રામપુરા પયાર ગામના સિલમતી, અચલદા ગામના જ્યોતિ અને દીપ કુમારને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળે એ માટે. બારબુરા ગામની મમતાને લગ્નજીવનના ૧૨ વર્ષ બાદ પણ સંતાન નથી, તેણીને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત

**MAY**
**10**
**શુક્રવાર**

## *Happy Birthday*

શ્રી કેનેથ કરિયપ્પા
શ્રીમતી રત્નમ્મા સંધ્યા નાઈક
શ્રીમતી જેયા ગૌરી સીબી સેલ્વિન
શ્રીમતી શાંતામ્મલ જહોન્સન
શ્રી વુમ બિઆક લાલ, શ્રીમતી ચરની દિહે
શ્રીમતી શીબા પુષ્પા રાની જહોન પેનિન
શ્રી હેનરી સોલોમન જી. શ્રી બાંગારુ નાઈડુ કારી
શ્રીમતી રશ્મી પ્રવા પ્રતાપ રેહંગ
શ્રીમતી સંગીતા જેસિન્થા ઈમાનુએલ એસ.
શ્રી ડેનિયેલ ધનાસિંગ એસ.

થાય એ માટે. રાધાને હૃદયની બિમારીમાંથી, મેહના ગામની રજનીને પેટની ગાંઠમાંથી, રજનીપુર ગામની કોમલને પિત્તાશયની પથરીથી, સંગીતાને ગર્ભાશયની ગાંઠમાંથી, કાલકા પ્રસાદને લીવરના સોજામાંથી, કુરખા ગામના કુલદીપને માનસિક બિમારીમાંથી, ગલીમપુતા ગામની મમતાને લીવરના સોજામાંથી અને ગર્ભાશયના ચેપમાંથી, અચલદા ગામની આરતી મેલેરિયા અને ટાઈફોઈડથી, મસૂદપુરા ગામની રાનીને મોંના કેન્સરમાંથી અને બહાદુરપુર ગામના અંકિતને આંતરડાના સોજામાંથી સાજાપણું મળે એ માટે.

## ગોંડા :

### ઓમપ્રકાશ ગુપ્તા અને તુમ્પા ચૌધરી

**સ્તુતિ :** સુમિત અને નિશુ બાબુ તેમની ૧૨ મા ધોરણની બોર્ડની પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ કરી શક્યા હતા. ગોંડાના આપણી વિશ્વાસી ગદુરની પુત્રી રંજનને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થયો હતો. માતાપિતાના યોગદાન દ્વારા હોસ્ટેલને નવું ઈન્વરટર અને બેટરી પૂરી પાડવામાં આવ્યા હતા કેમ કે તેઓ નિયમિતપણે ચૂકવણી કરે છે. અમે બાઈબલ અભ્યાસ, નાની સામૂહિક પ્રાર્થના, ફોલો-અપ, કુટીર સભાઓ, બાળકોના વર્ગો અને વિવિધ ગામોમાં મુલાકાત અને પ્રાર્થના કરી શકીએ છીએ. તિલકોઈ, ખેરાઓરા, સંભૂતારા, કુકરભોકવા, ભાલુઆ, ગંગાવલ બજાર અને નાથ નગર ગામોમાં થયેલા નવા સંપર્કો પ્રભુના પ્રેમનો હકારાત્મક પ્રતિસાદ આપે છે.

**પ્રાર્થના :** નિશુ બાબુ અને સુમિત તેમની બોર્ડની પરીક્ષામાં સારા માર્ક્સ મેળવે એ માટે. યુપીમાં હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લીધા વિના વિશ્વાસીઓ તેમના વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે. છેલ્લા ૧૦ વર્ષથી અશુદ્ધ આત્માના બંધનથી પીડિત વિદ્યા રામની માતાને મુક્તિ મળે એ માટે. આપણા મિશનરી તુમ્પા ચૌધરીના પિતાને કેન્સરની બિમારીથી સાજાપણું મળે એ માટે. એડવોકેટ વી.પી. નાગ દ્વારા લખનૌની હાઈકોર્ટમાં ચાલતા હોસ્ટેલની જમીનના કેસમાં સકારાત્મક ચુકાદો આવે એ માટે.

## જાલૌન :

### રાકેશ ગાવિત અને રેશ્મા મારુતિ

**સ્તુતિ :** નવા ૨ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી અને ૪ લોકોને પ્રભુના વાડામાં ઉમેરવામાં આવ્યા હતા. વાવલી ગામમાં ગુડ ફ્રાઈડેની સંગત અને સિરસાકલર, ડમરાસ અને મદનીપુર ગામોમાં ઈસ્ટરની સંગત ચલાવવામાં આવી હતી.

**પ્રાર્થના :** સિરસાકલર ગામના વિશ્વાસીઓ પ્રભુમાં હિંમત રાખીને તેઓ જે સમસ્યાઓમાંથી પસાર થાય છે તેનો સામનો કરે એ માટે. લોધીપુરા ગામનો રોશન શૈતાની હુમલામાંથી મુક્ત થાય એ માટે. કંજરી ગામ અને હરસિંગપુરમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે, જ્યાં અમને એક-એક પરિવાર નવા સંપર્ક તરીકે મળ્યા હતા.




## *Happy Birthday*

શ્રી ઓગસ્તસ પુષ્પરાજ
શ્રીમતી જોનસ સ્વીટલાઈન પૉલ ડેનિયેલ
શ્રી આનંદા કુમાર સેલ્વરાજ વી.
શ્રીમતી જિન્સી શાંતાકુમાર જે.

## ઘાટમપુર :

### હેલન જે. ટૌથાંગ અને નગાઈથિયાંગચિંગ

**સ્તુતિ :** ઘાટમપુર ક્ષેત્ર ધીમે ધીમે સામાન્યતાના માર્ગે છે અને મોટી સંખ્યામાં પ્રભુમંદિર ખોલવામાં આવી રહ્યા છે. ખજૂરીનો રવિવાર, ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરના પર્વો ગત વર્ષ કરતાં વધુ પ્રભુમંદિરોમાં વિશ્વાસીઓની મોટી ભાગીદારી સાથે ઉજવવામાં આવ્યા હતા. ઘાટમપુરનું મુખ્ય પ્રભુમંદિર મિશનરી પરિવાર અને સુવાર્તિક અનિલ કુમાર દ્વારા સફાઈ અને ઈસ્ટરના રવિવારની સંગત માટે ખોલવામાં આવ્યું હતું. રીના પડકારો છતાં વિશ્વાસમાં દ્રઢ રહે છે તે હવે પરિવારમાં પ્રેમનો અનુભવ કરે છે અને તેના પુત્ર વૈભવ પર કરવામાં આવેલા બ્લડ ટેસ્ટ દ્વારા બ્લડ કેન્સરને નકારી કાઢવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** કોઈ મિશનરી કે સુવાર્તિક ખોટા પોલીસ કેસનો ભોગ ન બને અને ઘાટમપુર ક્ષેત્રમાં આ નાણાંકીય વર્ષમાં ફરીથી જેલમાં ન જાય એ માટે. સુરેન્દ્ર કુમારને આધ્યાત્મિક રીતે વૃદ્ધિ પામે અને જહાનાબાદના પ્રભુમંદિરને સંગત માટે ખોલવાનો ડર દૂર થાય એ માટે. ખ્રિસ્તી વિરોધી જૂથો અને તેમના સમર્થકો કે જેઓ ઘાટમપુર વિસ્તારમાં ખૂબ જ સક્રિય છે તેઓને પ્રભુ ઈસુના પ્રેમનો સ્પર્શ થાય અને તેઓ પસ્તાવો કરે એ માટે. શાંતિપૂર્ણ કથરા પેટા-કેન્દ્રમાં તાજેતરમાં ખ્રિસ્તવિરોધી જૂથો વધુ સક્રિય બની રહ્યા છે, તેમાં ઈશ્વરપિતાની હસ્તક્ષેપની જરૂર છે.

## ઝિંઝક :

### સમરેન્દ્ર સિંગ અને સુષ્મિતા

**સ્તુતિ :** ૬ વ્યક્તિઓએ ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે. આપણી નવી વિશ્વાસી દીકરી નિન્સી છેલ્લા ૨ મહિનાથી પેટના તીવ્ર દુખાવાથી પીડાતી હતી તે પ્રાર્થના દ્વારા સાજી થઈ હતી. કુકર પૂર્વા, મોલગી, કરાચી અને કાનપુર ગામોના વિશ્વાસીઓ માટે વિશેષ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સુવાર્તા લગભગ ૧૦૦ વ્યક્તિઓને પ્રગટ કરવામાં આવી હતી અને ૫૦ લોકોને નવા કરાર આપવામાં આવ્યા હતા.

**પ્રાર્થના :** તમામ પ્રભુમંદિરોમાં વીબીએસના કાર્યક્રમો યોજવાની યોજના ફળદાયી બને એ માટે. વીબીએસ શિક્ષકોની તાલીમ સફળ થાય એ માટે. રામ ગાંધીને બાળકરૂપી આશીર્વાદ મળે એ માટે. વિશ્વાસીઓના બાળકો માટે કે જેઓ સરકારી પરીક્ષામાં ઉચ્ચ ગુણ મેળવી સરકારી નોકરીમાં પ્રવેશ મેળવે એ માટે.

## કાનપુર પ્રાદેશિક કાર્યાલય :

### મોંગવાઈ ફોમ અને નિશા ફોમ

**સ્તુતિ :** પ્રતિકૂળ પરિસ્થિતઓને ધ્યાનમાં લીધા વિના પોકારાયણ અને બિલહોર ક્ષેત્રના વિશ્વાસીઓ માટે પ્રભુમંદિરમાં ૩ ખ્રિસ્તી લગ્નો યોજવામાં આવ્યા હતા. પ્રતિકૂળ પરિસ્થિતિઓ છતાં ઈશ્વરપિતાએ અમને નવા ૧૩ ગામો સુધી સુવાર્તા સાથે પહોંચવામાં સક્ષમ કર્યા હતા. મુરચા ગામના ગંગાશ્રીને અમારી પ્રાર્થનાઓ દ્વારા મોંના કેન્સરમાંથી સાજાપણું મળ્યું હતું. પોખરાયન ક્ષેત્રના આપણા મિશનરીઓ મંડી ગામમાં રહેતા

**MAY 12**
**રવિવાર**

### *Happy Birthday*

શ્રી કુમાર પૉલ કે.
શ્રીમતી મિથલેશ દીપરત્ન

નટ સમુદાયના વિશ્વાસીઓને સાક્ષરતા આપવાનું શરૂ કરી શક્યા છે. ઈશ્વરપિતાની સક્ષમ કૃપાથી, અમે આ વર્ષે વીબીએસનું આયોજન કરવા માટે ગીતો અને અન્ય સામગ્રી તૈયાર કરી શક્યા છીએ.

**પ્રાર્થના :** પોખરાયન પ્રભુમંદિરમાં ચર્ચ આધારિત તાલીમ કેન્દ્રને પૂર્ણ કરવા માટે ઈશ્વરપિતાના માર્ગદર્શન અને સુરક્ષા માટે કારણ કે દિલ્હી પ્રાર્થના જૂથે મુલાકાત લીધી છે અને વિશ્વાસીઓના લાભ માટે આ પ્રોજેક્ટને સ્પોન્સર કરવાની ખાતરી આપી છે. ઈશ્વરપિતા આપણા સુવાર્તિક કમલ કુમારની માતાને સ્પર્શ કરે અને સાજા કરે, કારણ કે તેણીને અકસ્માત થયો હતો, હાથ અને પગમાં ફ્રેક્ચર થયું હતું અને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. આપણા સુવાર્તિક પંકજના પિતાના સાજાપણા માટે જેઓ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે. વીબીએસ કાર્યક્રમો તમામ સેવા ક્ષેત્રોમાં ફળદાયી બને એ માટે અને ઘણા બાળકો તેમાં ભાગ લઈ શકે અને ઈસુ ખ્રિસ્તના પ્રેમને જાણી શકે એ માટે. બહુઆ, મહેના, પવન, જેહાનાબાદ અને ઘાટમપુરમાં આરાધના સંગત ફરી શરૂ કરવા માટે કે જે સુવાર્તાના વિરોધીઓ દ્વારા બળપૂર્વક બંધ કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશમાં સેવા આપતા મિશનરીઓ અને સુવાર્તિકોની સુરક્ષા અને માર્ગદર્શન માટે તેમજ તેમના સારા સ્વાસ્થ્ય માટે.

# મધ્યપ્રદેશ

## ચિરિયા :

### મહેન્દ્રન અને પુષ્પમ

**સ્તુતિ :** ૨૦ લોકોએ પ્રભુ ઈસુ પર તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી. દયારામે કુવામાં પડીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો તેને વિશ્વાસી ભાનુભાઈએ અટકાવ્યો હતો જેઓ તેને બચાવવા માટે કૂવામાં કૂદી પડ્યા હતા અને તેમણે દયારામ સાથે સુવાર્તા વહેંચી હતી અને તેમના માટે પ્રાર્થના કરી હતી. મલ્લુમૈનની પત્ની અચાનક બેભાન થઈ ગઈ અને તેણે લગભગ ૧૦ કલાક સુધી તેના માટે પ્રાર્થના કરી અને પછી તે ભાનમાં આવી હતી. લાલીએ પ્રાર્થના દ્વારા સામાન્ય પ્રસૂતિ દ્વારા બાળકને જન્મ આપ્યો હતો.

**પ્રાર્થના :** સુવાર્તાનો વિરોધ કરનાર હરસિંગ પટેલને સુવાર્તા સંભળાવવામાં આવી હતી, તે પ્રભુનો સ્વીકાર કરે એ માટે. વિક્રમપુરને પગના સોજામાંથી સાજાપણું મળે એ માટે. બિલગેટ પ્રભુમંદિરનું બાંધકામ કોઈપણ અવરોધ વિના પૂર્ણ થશે. રાજારામ, બુરુ, બિરુલા અને મધુ પ્રભુ પર તેમનો વિશ્વાસ ફરી શરૂ કરે એ માટે. ગીતાના પતિને તારણ પ્રાપ્ત થાય એ માટે.

## પાલ :

### વેંકટેશ વાડદર અને શીબા પી.

**સ્તુતિ :** ૫ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી અને ૫૬૭ વ્યક્તિઓએ સુવાર્તા પત્રિકાઓ પ્રાપ્ત કરી હતી. પ્રાર્થનાના જવાબમાં પીપલકુરાનો પતિ તેની સાથેના ઝઘડાને કારણે ઘર છોડી ગયો હતો તે ઘરે પાછો ફર્યો હતો. ધારસિંગના પુત્રની આંખમાં સળિયો ઘુસી જતા તે સેપ્ટિક બની હતી તે હવે સાજી થઈ ગઈ છે.

**પ્રાર્થના :** પુલ્લીબેનના પગ સડી જવાની સ્થિતિમાં છે તેમને પ્રભુના સાજાપણાના હાથનો સ્પર્શ થાય

**MAY 13**
**સોમવાર**

### *Happy Birthday*

શ્રી આલ્બિન ટી., શ્રી મિથરન ઈ.
શ્રી રમેશ વેલરાજ એ. શ્રી નેહેમ્યા
શ્રી મુથૈયા યુ સેમ્યુઅલ
શ્રીમતી પંકજમ હરી બાબુ ગુન્ડ્રા
શ્રીમતી હાન્ના મેરી સ્લેશર રાજેન્દ્રન

એ માટે. સુનીલ તેની શ્રવણશક્તિ પાછી મેળવે એ માટે. કસ્તુરીને લકવાની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. સુવાર્તાનો વિરોધ કરનાર અંબાની ગામના વડાને પ્રભુનો સ્પર્શ થાય એ માટે.

## કડોરા :

## બિમલ ચંદ્ર મુર્મુ અને છીથામણી

**સ્તુતિ :** ૧૪૩ વ્યક્તિઓને સુવાર્તાનો ઉપદેશ આપવામાં આવ્યો હતો. ૩ સ્થળોએ ૧૦૦૦ કલાકની પ્રાર્થના સફળતાપૂર્વક કરવામાં આવી હતી. શિવાની ગામમાં ૮ વર્ષ પહેલા પ્રભુમંદિર બનાવવા મટે જે જમીન ખરીદી હતી તેનો વિરોધ થયો હતો જેથી પ્રભુમંદિર બનાવવામાં આવ્યું ન હતું પરંતુ હવે પ્રાર્થનાના કારણે એક નાનકડો ઓરડો બનાવવામાં આવ્યો છે અને તેમાં આરાધના સંગત કરવામાં આવે છે.

**પ્રાર્થના :** આ વર્ષના અંત સુધીમાં ૧૦૦ વ્યક્તિઓને ખ્રિસ્ત તરફ લઈ જવામાં આવે એ માટે. માંકી, ચંદનપુર અને ઈટોરામાં આયોજિત મોટા સ્તરના સુવાર્તા પ્રચારના કાર્યક્રમ માટે કોઈપણ સમસ્યા વિના આગળ વધી શકાય એ માટે. આપણા સ્થાનિક સુવાર્તિક સેવાકાર્ય માટે ઈટોરા વિસ્તારમાં જઈ રહ્યા છે તેમને રહેવા માટે સારું ઘર મળે એ માટે.

# બિહાર

## છતપુર :

## રવિ રાઠોડ અને સુધા રાની

**સ્તુતિ :** બરુન સદાના રક્તપિત્તની બિમારીમાં સુધારો જોઈ શકાય છે. આપણા વિશ્વાસી ડેરેન સદાની લગ્ન માટેની સેવા આશીર્વાદરૂપ બની હતી. જેરવા ગામના પપ્પુ અને તેની માતાને તેઓ રવિવારની સંગતમાં હાજરી આપવા જતા રસ્તામાં અકસ્માત નડ્યો હતો ત્યારે પણ જોખમથી

## ઘાતક ઝેર -
## તે નુકશાન કરશે નહીં !

પશ્ચિમ બંગાળના બાગવત જીલ્લાના માણિકપુર ગામમાં લુટિયા ટુડુ નામની એક વિશ્વાસી રહેતી હતી, જે પ્રાર્થનાશીલ યોદ્ધા હતી અને ગામમાં દરેક માટે મધ્યસ્થી કરતી હતી. જ્યારે તેણીએ તેણીની બધી બચત સાથે તેના ગામમાં એક ઘર બનાવવાનું શરૂ કર્યું, ત્યારે તેના ઈર્ષાળુ પાડોશીએ તેના પ્રયત્નોને અવરોધવાનો પ્રયાસ કર્યો. જો કે, લુટિયા ટુડુએ તેની પ્રાર્થના દ્વારા દરેક અવરોધને પાર કર્યો અને બાંધકામ સાથે આગળ વધી. પરિણામે, તેનો પાડોશી નારાજ થઈ ગયો અને તેણે તેની વિરુદ્ધ વર્તન કરવાનું શરૂ કર્યું. એક રાત્રે, રાત્રિભોજન કરતી વખતે, તેણીને તેના ખોરાકનો સ્વાદ અસામાન્ય લાગ્યો અને ખાવાનું બંધ કર્યું. તપાસ કરતા, તેણીને જંતુનાશક દવાની ખાલી બોટલ મળી અને તેણીને ખ્યાલ આવ્યો કે તેના ખોરાકમાં ઝેર હતું. તેણીએ તરત જ રક્ષણ માટે પ્રાર્થના કરી, અને ઈશ્વરપિતાની કૃપાથી, તેના પર ઝેરની કોઈ અસર થઈ નહીં. ઈશ્વરપિતાનો મહિમા થાઓ !

MAY
14
મંગળવાર

*Happy Birthday*

શ્રીમતી જ્ઞાનપુષ્પમ અરુલરાજ
શ્રી વિનોદકુમાર સિંગ, શ્રી રવિ કે.
શ્રીમતી મમતા તિમ્મન્ના
કુ. રુથ માલ્ટો

તેઓનું રક્ષણ કરવામાં આવ્યું હતું. લાલપુર ગામના વિશ્વાસમાં નબળા પડેલા પુલુ સદા અને તેમની પત્ની હવે વિશ્વાસમાં પાછા ફર્યા છે અને આરાધના સંગતમાં હાજરી આપી રહ્યા છે. હરિયારા ગામના આપણા નવા સંપર્કમિત્ર માટે, તેમની ગાય ગુમાવવા છતાં તેમજ ગયા મહિને અકસ્માતનો ભોગ બન્યા હોવા છતાં, તે સતત ઘરની આરાધના સંગતમાં હાજરી આપે છે.

**પ્રાર્થના :** બારન સદાના પરિવારના સભ્યો રક્તપિત્તથી સંપૂર્ણ સાજાપણું પામે એ માટે. બાબુવન ગામના સામ્બુ અને મુકેશ જેમણે ખ્રિસ્તને તેમના પ્રભુ અને તારણહાર તરીકે સ્વીકારવાની સુવાર્તા સાંભળી હતી. કાઠીયા અને બેલા ગામમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે. અરહા ગામની શાંતિને રક્તપિત્તમાંથી, લાલપુર ગામની બોલીદેવીને કેન્સરથી અને બાબુલાલને પેટની ગાંઠથી સાજાપણું મળે એ માટે. આપણા વિશ્વાસીઓ રાજેશ અને હીરાલાલ પરિવારોની પૈતૃક સંપત્તિ પર કેટલાક ઉચ્ચ જાતિના લોકો તેમની સંપત્તિ તરીકે દાવો કરી રહ્યા છે, ઈશ્વરપિતા રાજેશ અને હીરાલાલને ફરીથી દાવો કરવા માટે માર્ગ ખોલે એ માટે. તેઓની પાસે બીજી કોઈ જમીન નથી અને તેઓ પેઢીઓથી આ જમીનમાં રહે છે. સ્થળાંતરિત વિશ્વાસીઓ સારી સંગત મેળવી શકે અને પોતાને તમામ અનિષ્ટથી દૂર રાખી શકે એ માટે. દયાનંદને ટી.બી.થી, વસુદેવની વહુને ત્વચાની એલર્જીથી, રામબત્તીને હૃદયની બિમારીથી, બીબા કુમારીને અશુદ્ધ આત્માના ભયથી અને રાજેશને કરોડરજ્જુની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

## ઝારખંડ

### રાજમહેલ પ્રદેશ :

### આલ્બર્ટ પ્રભાકરન અને મુરુગમલ એસ્તર

**સ્તુતિ :** ૨૪ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી અને ૪૮ ગામોમાં જીસસ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. ૪૩ લોકોએ પ્રભુ ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. ૨૪ ગામોમાં વિશ્વાસીઓ માટેના તાલીમી કાર્યક્રમો યોજાયા હતા. ૧૩ ગામોમાં મહિલાઓની મીટીંગ,

### વિશ્વાસપૂર્વકની પ્રાર્થના !

આંધ્રપ્રદેશના ધમલાચેરુવુ જિલ્લાના નેલ્લીમંધાપલ્લી ગામમાં સુબ્રમણિ નામના એક વિશ્વાસી રહેતા હતા. આપણા નવા સંપર્કમિત્ર, સુબ્રમણિ જ્યારે તેની સગર્ભા ગાય બિમાર પડી અને તેણે ખાવાનું બંધ કરી દીધું, ત્યારે તેણે દુઃખદ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો. તે મિશનરી પાસે પહોંચ્યો અને ફોન પર તેની બિમાર ગાય માટે પ્રાર્થનાની વિનંતી કરી, મિશનરીએ ફોન પર પ્રાર્થના કરી, અને સુબ્રમણિએ મિશનરીના માર્ગદર્શનનું પાલન કર્યું, પ્રાર્થના કરી અને તેમની ગાયને આશીર્વાદિત પાણી પીવડાવ્યું. ચમત્કારિક રીતે, ગાય સ્વસ્થ થઈ ગઈ અને પછીથી સ્વસ્થ વાછરડાને જન્મ આપ્યો. ઈશ્વરપિતાની સ્તુતિ થાઓ !

**MAY**
**15**
**બુધવાર**

*ઉપવાસ પ્રાર્થના દિવસ*

## *Happy Birthday*

શ્રીમતી જાનસી રાજેન્દ્રન, શ્રી થોમસ મેથ્યુ
શ્રી બાબુ પુષ્પરાજ ડી. શ્રીમતી ડૉ. વિલ્લસેટ ક્રિસ એલ.
શ્રીમતી શાંતિ જ્ઞાનપંડિતન
શ્રીમતી સેલ્વરાની બરાનિધરન
શ્રીમતી લક્ષ્મી વેડિયાપ્પન
શ્રી બિજુ લાલ., શ્રી ભગીરથી બિસોઈ
શ્રી ગીમ્ભલ દીલીપભાઈ રઘુભાઈ
શ્રી સુરેશ માલ્ટો એસ., શ્રી દેબાશીશ હેમ્બ્રામ
શ્રી અજય બરડે, કુ. મેલિટક

વડીલોની તાલીમ, બાઈબલ અભ્યાસ જૂથો હાથ ધરવામાં આવ્યા હતા. અમાલાગાચી ક્ષેત્રની ૧૨ વર્ષની શાંતિ માલ્ટોને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્ત કરવામાં આવી હતી જેના દ્વારા બાળકના પરિવારે પ્રભુનો સ્વીકાર કર્યો છે. વીબીએસ દ્વારા ૨૫ બાળકોને પ્રથમ વખત સુવાર્તા પ્રાપ્ત થઈ હતી.

**પ્રાર્થના :** કોડીગોડ્ડા ગામમાં જાદુગરો વિશ્વાસીઓ માટે ઠોકરરૂપ છે, તેઓએ પસ્તાવો કરે એ માટે. રૂથ માલ્ટો વધારે ડાયાબીટીશની બિમારીમાંથી સાજા થવા માટે. જાદુગર ભરત યાદવ, લીલાવતી દેવી, બુકલી દેવી અને કુંભરાહી પ્રભુનો સ્વીકાર કરે એ માટે. જમાલપુર ગામની વિમલા સીડી પરથી પડી જવાથી થયેલી ઈજાઓમાંથી સાજાપણું મળે એ માટે. રીના, મંજુ, નૈના, રાની અને બોબીને યોગ્ય જીવનસાથી મળે એ માટે. સુરેશ, રામકૃષ્નન, મહાદેશ, રામપાલ, કિસુન, કલ્લુ, ઓખિલ પ્રસાદ, કૈલી દેવી, રાજી મુનિરામ, ધનેશ્વર, સહાય, કુઈયાન, આશા દેવી અને માંડુ પ્રસાદના પસ્તાવા માટે જેઓ ઓરાવન જાતિના છે અને સુવાર્તાનો વિરોધ કરી રહ્યા છે.

## પથરગામા :

### ક્રિષ્ન કુમાર અને શાંતિલાલ

**સ્તુતિ :** ૧૪ લોકોએ પ્રભુ ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારણહાર તરીકે સ્વીકાર્યા હતા. ખેરબંધ, જબરદહ, ભાલકી, બાગમારા અને ડુમરજોર ગામોમાં દૂર રહેતા તે વિશ્વાસીઓ માટે રાત્રિ સભાઓ યોજવામાં આવી હતી, ૫ નવા લોકોએ પ્રથમ વખત સુવાર્તા સાંભળી હતી. ૩ દિવસની ઉપવાસ સહિતની પ્રાર્થના કરવામાં આવી હતી. અને તેમાં ૧૨ નવા લોકોએ પણ હાજરી આપી હતી. રોહન રવિને પ્રાર્થના દ્વારા દારૂના વ્યસનમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. ભાલ્કીના સોનુકુમાર મહેતો અને પીપરાના પંકજ રવિ દાસને યોગ્ય જીવનસાથીના આશીર્વાદ આપવામાં આવ્યા હતા. સામુદાયિક કોલેજ ખાદી બારહવા ખાતે બાળ સેવાકાર્ય કરવા માટેનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને તેના દ્વારા ૭ સભ્યોએ આશીર્વાદ મેળવ્યા હતા.

**પ્રાર્થના :** સલોમીને લસિકા ગાંઠના સોજાની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. નાનકડો છોકરો રાહુલ હર્નીયા રોગથી પીડીત છે તેના સાજાપણા માટે. રામેશ્વર મહેતાની પત્ની, હેમલતા દેવીના પતિ અને જિયા દેવીના પતિના તારણ માટે, જેઓ પ્રભુના કાર્યમાં ખલેલ પહોંચાડે છે અને તેનો વિરોધ કરે છે, તેમના હૃદય અને મનમાં પરિવર્તન આવે એ માટે. શિવ રવિદાસ દારૂનું વ્યસન ત્યજી દે અને પ્રભુનો સ્વીકાર કરે એ માટે.

## મેન્ડ્રો :

### હિજમ કેનેડી સિંગ અને લિન્થોઈબી ચાનુ

**સ્તુતિ :** તેર લોકોએ તેમના પ્રભુ તરીકે ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ જાહેર કર્યો હતો. આપણા

**MAY 16**
**ગુરૂવાર**

## *Happy Birthday*

શ્રી વિલ્સન ડી. શ્રી. એબેનેઝર જી. સેમ
શ્રીમતી સિંઘાડા એમ. દેવી જીવન રંજન
શ્રીમતી ક્રિસ્ટી જયંતી સતીષ કુમાર

વિશ્વાસીઓ પ્રભુ માટે નાણાંકીય યોગદાન આપી શક્યા હતા અને આપણા તમામ સુવાર્તિકોને ભથ્થાઓ મળી શક્યા હતા. ૨ દિવસીય ક્ષેત્રીય સ્તરની ઉપવાસ સહિતની પ્રાર્થનામાં ૮૦ લોકોએ ભાગ લીધો હતો અને આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. અમને ગત નાણાંકીય વર્ષમાં નાના જૂથ શિબિર, લેન્ટના દિવસોની પ્રાર્થના, ઉપવાસ સહિતની પ્રાર્થના અને ઘરોની મુલાકાત જેવા તમામ આયોજીત કાર્યક્રમો હાથ ધરવા માટે ઈશ્વરપિતાએ સક્ષમ કર્યા હતા. મેઘી અને બલાજોરમાં ચર્ચનું નિર્માણ કાર્ય શરૂ થઈ ગયું છે.

**પ્રાર્થના :** સુવાર્તાનો પ્રચાર કરવા માટે બિહારના ભાગલપુર જીલ્લાના પીરપંતિમાં દરવાજા ખુલે એ માટે. ઈશ્વરપિતા સુવાર્તિક ઈમેન્યુઅલ માલ્ટોની પત્ની સુશીલા માલ્ટો અને માર્ક્સ હેમ્બ્રોમને કિડનીની બિમારીમાંથી, સંજલા હંસદાકને સુગરની બિમારીથી, લાલ કિશોર મારાયાને ટીબીમાંથી, સિલ્બેનસ મરાંડી, અજિત હેન્ડક અને માર્ટિન ટુડુને લકવાથી અને મેરી હંસદાને કેન્સરની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. બાબુરામ હંસદા અને બોનિફાસ કિસ્કુ સુવાર્તાનો વિરોધ કરી રહ્યા છે તેઓને ખ્રિસ્તની ઓળખ થાય એ માટે. માઘી અને બાલાજોર મંડળમાં આસ્થાવાનોની સક્રિય ભાગીદારી સાથે પ્રભુમંદિરનું નિર્માણકાર્ય સમયસર પૂર્ણ થાય એ માટે.

## લાલમટિયા :

### અમરેન્થિરન અને ગોવરમ્મા

**સ્તુતિ :** ૬ લોકોએ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર તેમનો વિશ્વાસ કબૂલ કર્યો હતો. કોમલદોરી, મોહબથાન, મહાસોલ અને મહાદેવબાથાન ગામોમાં લોકો સુવાર્તા પ્રત્યે સારો પ્રતિસાદ આપી રહ્યા છે. રાજબંધ ગામની અન્યવિશ્વાસી મંજલીને આપણા વિશ્વાસીઓની પ્રાર્થના સાંભળીને તેણીના પેટના સોજામાંથી સાજાપણું મળ્યું હતું. ચિતરકુટ્ટી ગામની સુગાગીનીને સ્ત્રીરોગ સંબંધી સમસ્યામાંથી સાજાપણું મળ્યું હતું અને કોલસાની ખાણોમાં કામ કરતી વખતે બિનોસ મોહાલીની સુરક્ષા તથા તેના ઈજામાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** કોમલધોરી ગામની એલિઝાબેથ આર્થિક રીતે ખૂબ જ ગરીબ છે અને ટીબીથી પીડીત છે તેના સાજાપણા માટે. ધલધલી ગામની મીના હેમ્બ્રોમને એક વિચિત્ર બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. હાથબંધ ગામના જોહાન મિરધા બોલી શકતો નથી તેના સાજાપણા માટે. ગોરાડી ગામના હસન ટુડુને લકવામાંથી સાજાપણું મળે એ માટે. કોમલધોરી ગામના બાબુલાલ બાસ્કીને તેની માનસિક બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. સવા વિસ્તારના રામચંદન મદયાન સુવાર્તાનો વિરોધ કરી રહ્યા છે તેમને ખ્રિસ્તની ઓળખ થાય એ માટે. મુર્ગા ગામના સેમ તુતુને લકવામાંથી સાજાપણું મળે એ માટે. ચતોમપુર ગામના પ્રોધન મરાંડીને અસ્થિભંગમાંથી સાજાપણું મળે અને તે ચાલવામાં સમર્થ બને એ માટે. બાલકોમી ગામના સિબબલ હેમબ્રોમને કિડનીના સોજાની સમસ્યામાંથી સાજાપણું મળે એ માટે.

## તિનપહાડ :

### નેહેમ્યા અને અનામિકા પેગુ

**સ્તુતિ :** રાખી લાકરાએ તાજેતરમાં જ સેવાકાર્યમાં




***Happy Birthday***

શ્રી અસીર ટી. વાય.પી.
શ્રીમતી ઉલ્વલ મેગી એસ્તર થોમસ એસ.કે.
શ્રીમતી વાસંતી જેબકુમાર
શ્રીમતી જ્ઞાના જેબા શીલા ડેનિયેલ અરુલમની
શ્રી મુધાવથુ રાજુ નાઈક

મદદ કરવા માટે તેમની નોકરીમાંથી રાજીનામું આપ્યું છે. નાની છોકરી જુલી મુંડા કાલવાટોલા મંડળની આરાધના અને પ્રાર્થના સંગતમાં આગેવાની કરે છે તેમજ તેઓને હિન્દી વાંચતા શીખવે છે. ચાર લોકોએ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પરનો તેમનો વિશ્વાસ કબૂલ કર્યો હતો અને તેઓ પ્રભુમંદિરમાં આવે છે. આપણા મંડળોમાં સાક્ષરતા કાર્યક્રમો શરૂ કરી શક્યા છીએ.

**પ્રાર્થના :** આપણા વિશ્વાસી બુધની બડાને અશુદ્ધ આત્માઓના વિક્ષેપથી બચાવવા માટે મહેદીડોંગા મિનોતીને અસ્થમાથી સાજાપણું મળે એ માટે. ઝર્ના ટોલા ગામના મંડળ માટે પ્રભુમંદિરના વડીલો તરીકે યોગ્ય વ્યક્તિને પસંદ કરવા માટે ઈશ્વરપિતા માર્ગદર્શન આપે એ માટે. નવા વિશ્વાસીઓ ટેરેસા કુજુર, મનુ કુજુર, આશિક કુજુર અને લાસા કુજુર ખ્રિસ્તમાં વૃદ્ધિ પામશે. સાક્ષરતા તાલીમમાં ભાગ લેનારા વિશ્વાસીઓ શાસ્ત્રને સારી રીતે જાણી શકે અને પ્રભુમાં મજબૂત બને એ માટે.

## બેથેલ બોયઝ હોસ્ટેલ - કેરાબાની :

### મનોજ કુમાર પાની અને સંથાની પાની

**સ્તુતિ :** આપણી હોસ્ટેલના ૧૨૦ બાળકોના માતાપિતાઓએ વાલી સભામાં ભાગ લીધો હતો અને આશીર્વાદ મેળવ્યો હતો. સિનિયર ચિલ્ડ્રન કાઉન્સેલિંગ મીટીંગમાં ૮ બાળકોએ ભાગ લીધો હતો. આપણા બાળકોને વિદ્યુત જોડાણ બનાવવા માટે કૌશલ્ય તાલીમ આપવાના પરિણામ સ્વરૂપે તેઓ ઈલેક્ટ્રીકલ વાયરિંગ બનાવતા શીખ્યા.

**પ્રાર્થના :** ૧૦ મા ધોરણના બાળકો બોર્ડની પરીક્ષામાં સારા માર્ક્સ મેળવે અને ઉચ્ચ અભ્યાસ કરે એ માટે. ૮ માં અને ૯માં ધોરણના બાળકો તેમના તમામ વિષયોમાં પાસ થાય અને આગળના વર્ગમાં બઢતી મેળવે એ માટે. છાત્રાલયમાં જે શીખ્યા તેના પરિણામ સ્વરૂપે બાળકો તેમના માતાપિતા સાથે તેમના ગામમાં ઉનાળાના વેકેશન દરમિયાન સારું સાક્ષીરૂપ જીવન જીવે એ માટે.

## સંતાલ દુમકા પ્રદેશ :

### કુમારવેલ અને મરિયાલ

**સ્તુતિ :** ગત નાણાંકીય વર્ષ દરમિયાન ૧૪૨૬ વ્યક્તિઓએ ખ્રિસ્તની તારણસાધક ઓળખ પ્રાપ્ત કરી હતી. તમામ ક્ષેત્રોમાં વિશ્વાસીઓ માટેનાં સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રભુમંદિરના વડીલોની તાલીમ, પુખ્તો માટે સાક્ષરતા કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા હતા અને તે વિના વિલંબ ચાલુ છે.

**પ્રાર્થના :** નાલા અને હંસડીગામાં વિરોધ ઓછો થાય. પ્રભુમંદિરના વડીલો અન્ય વિશ્વાસીઓ સાથે કામ માટે અન્ય રાજ્યોમાં સ્થળાંતર કરી ગયા છે, તેથી પ્રભુમંદિરોને મંડળની આગેવાની કરવા માટે સમર્પિત આગેવાનોની જરૂર છે. લોકો સુધી પહોંચવા માટે અનુસરવામાં આવેલી નવી વ્યૂહરચનાઓમાં ઈશ્વરપિતા સફળ કરે એ માટે. મિશનરીઓ અને સ્થાનિક સુવાર્તિકના સારા સ્વાસ્થ્ય માટે.

**MAY**
**18**
**શનિવાર**

## *Happy Birthday*

શ્રીમતી રાજમ્મલ જહોન્સન
શ્રીમતી એલિઝાબેથ સોલોમન જ્ઞાનસેકર
શ્રીમતી કોંકણી ચંદ્રિકાબેન છગનભાઈ
શ્રી સ્તેફન આર. શ્રીમતી પોરસેલ્વી ફેલિક્સ કમલીઓલ
શ્રીમતી રિતાંજલી કરાડા હમુએલ લિમ્મા
શ્રી મુથુ કુમાર એમ.સ શ્રી ગાવિત રાકેશ રતિલાલ
શ્રીમતી શીબા વેંકટેશ વફાર
શ્રીમતી જાન્સી રાની યુવાનેશ
શ્રીમતી ચિંગ ખાન માવી થાંગવાનસંગ

## સંતાલ પરગણા બાળ સેવાકાર્ય :

### હેનરી અને બ્યુલાહ

**સ્તુતિ :** છાત્રાલયોમાં વોર્ડન માટે આધ્યાત્મિક મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો માટે પરગણા, દુમકા અને ચાંદના છાત્રાલયમાં બાળકોની રીટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવસ દરમિયાન ભણાવતા શિક્ષકો માટે વિશેષ આધ્યાત્મિક કાર્યક્રમ યોજાયો હતો.

**પ્રાર્થના :** બધા બાળકો તેમનો ઉચ્ચ અભ્યાસ કરે અને સારી નોકરી મેળવે. વેકેશન દરમિયાન બાળકોના આધ્યાત્મિક જીવનની ચિંતા વાલીઓને થાય છે તે માટે વતનમાં બાળકો સાક્ષીરૂપ જીવન જીવે એ માટે.

## પલામુ :

### બાર્નાબાસ અને બેઉલાહ, બિપિન બિહારી અને ઝરણા પરિચા

**સ્તુતિ :** અસમદગા, દુબલગંજ અને તુલસીધામર ગામોમાંથી ૧૦ લોકોએ ઈશ્વરપિતાનો સ્વીકાર કર્યો હતો. કુમરાગી ગામમાં યોજાયેલ વીબીએસમાં ૩૦ બાળકોએ આનંદપૂર્વક ભાગ લીધો હતો. ઈશ્વરપિતાએ આ વિસ્તારના તમામ વિશ્વાસીઓને અલગાર ગામમાં ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરની સંગત માટે ભેગા થવા સક્ષમ બનાવ્યા હતા.

**પ્રાર્થના :** અલ્ગાર ગામમાં એક પ્રભુમંદિર બાંધવામાં આવશે જ્યાં ૫૦ વિશ્વાસીઓ નિયમિતપણે આરાધના માટે એકત્ર થાય છે. આપણા નવા વિશ્વાસી ઉપેન્થર કાસી અને રામ નિવાસ પ્રભુમાં મજબુત બને એ માટે. તુલસીધામર ગામના જીવનકુમારે તેમના પ્રમાણપત્રોમાં સમસ્યાને કારણે નોકરી ગુમાવી હતી તેમને સારી નોકરી મળે એ માટે. લકવાહાડી ગામના વિશ્વાસીઓ પ્રભુમાં વૃદ્ધિ પામે એ માટે.

## વિશ્વાસના લાભો !

મધ્યપ્રદેશના ખંડવામાં નિરમા નામની એક ૧૫ વર્ષની છોકરી રહેતી હતી, જે એક વિશ્વાસુ યોદ્ધા હતી અને સાક્ષીરૂપ જીવન જીવતી હતી. અચાનક દૂધ આપતી ભેંસ, જે તેના પરિવારની આજીવિકા હતી, તે બિમાર પડી અને વધારામાં, તે ભેંસ તેના ગર્ભાવસ્થાના અંતિમ તબક્કામાં હતી, તે યોગ્ય રીતે ખાતી ન હતી, તેમ છતાં, નિરમાએ ભેંસને ખંતપૂર્વક તેલ લગાવ્યું અને પ્રાર્થના કરી. તેણીની પ્રાર્થનાઓ દ્વારા ઈશ્વરપિતાએ ભેંસ પર કૃપા દર્શાવી, તે સાજી થઈ ગઈ અને બે સ્વસ્થ વાછરડાઓને જન્મ આપ્યો. હાલેલુયા !

MAY
19
રવિવાર

*Happy Birthday*

શ્રીમતી જાનસી બાલાજી જી.
શ્રી હેમંત કુમાર સાબર

# પશ્ચિમ બંગાળ

## ઈટાહાર :

### અસ્તાબન આદિત્ય કુમાર લિમ્મા અને માનિની

**સ્તુતિ :** બારાબીથા, અલુવાડાંગી અને જહાલ ગામોમાંથી ૧૧ લોકોએ ખ્રિસ્તનું પ્રભુત્વ સ્વીકાર્યું હતું. બસાહારમાંથી ૨૫ યુવાનો અને સોનાડાંગીમાંથી ૧૨ પુખ્ત વયના લોકોએ સાક્ષરતાની તાલીમ લીધી હતી. આપણા ક્ષેત્રના ૧૫૦ વિશ્વાસીઓએ પ્રાદેશિક વિશ્વાસીઓના સંમેલનમાં હાજરી આપી હતી, ૪૦૦ કિલો કોબીજ, ૪૦ કિલો ચોખા, ૫ કિલો ખાંડ અને ૧૦ લિટર તેલનું યોગદાન આપ્યું અને આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. નવા વિશ્વાસી સપન બાસ્કીને એક મોટી ટ્રક ખરીદવાનો આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. પ્રાદેશિક સંમેલનમાં રૂા. ૬૦૦૦ ની ઓફર કરવા ઉપરાંત તેઓ તેમના વાહન દ્વારા આપણા વિશ્વાસીઓને સંમેલનમાં લઈ ગયા હતા. આપણી પ્રાર્થનાઓ સાંભળીને ઈશ્વરપિતાએ એવા લોકોના હૃદય બદલી નાખ્યા હતા જેઓ વિરોધ કરતા હતા અને આપણા વિશ્વાસીઓને બાનબોલમાં આરાધના સંગત ન કરવા માટે ધમકી આપતા હતા. હવે આરાધના સંગત કોઈપણ ખલેલ વિના ચાલી રહી છે.

**પ્રાર્થના :** અલુવાડાંગી ગામની આપણી નવી વિશ્વાસી મકુલુ માર્ડી વિશ્વાસમાં મજબૂત થાય અને તેણીને ઈશ્વરપિતા દિલાસો આપે એ માટે કારણ કે તાજેતરમાં તેણીના પતિનું અવસાન થયેલ છે. એન્જલ હંસદાક, રાંતા મુર્મુ, તલમાઈ બેસરા, સોજોની મુર્મુની સલામત પ્રસૂતિ માટે. રાફેલ ટુડુ માનસિક વિકારથી પ્રભાવિત છે અને ઘરમાં રહી શકતો નથી, તેના સાજાપણા માટે. આપણા સુવાર્તિક સુજાન હેમ્બ્રોમ પરિવાર અને અલવાડાંગી ગામનો અનિલ મુર્મુ અને સોનાલી મુર્મુ પરિવારને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. અમારા ઘરના માલિકો કંદના કિસ્કુ અને સંચિતા હેમ્બ્રોમ સુવાર્તા પ્રાપ્ત કરી રહ્યા છે અને બાઈબલ વાંચી રહ્યા છે, તેઓ ઈસુ ખ્રિસ્તના શિષ્યો બને એ માટે.

## રક્ષણ કરનાર ઈશ્વર !

આંધ્રપ્રદેશના ધમાલાચેરુવુ જીલ્લાના જોગીવારીપાલીમાં મારિયામ્મલ નામની એક વિશ્વાસી રહેતી હતી. તેણીએ તેના પતિ સુબ્રમણિ માટે મધ્યસ્થી કરવા પ્રાર્થના સભાનું આયોજન કર્યું, જે ઈસુ ખ્રિસ્તમાં માનતા ન હતા. પ્રાર્થના સભા દરમિયાન, સુબ્રમણિએ જંગલી ડુક્કરોથી મગફળીને સુરક્ષિત રાખવા માટે, ટેકરીઓ પાસે સ્થિત તેમના ખેતરમાં જવાનો ઈરાદો વ્યક્ત કર્યો. મિશનરીએ તેને સલાહ આપી કે જો તે પ્રાર્થના સભામાં સંપૂર્ણ રીતે ભાગ લેશે, તો ઈશ્વરપિતા તેના ખેતરને જંગલી ડુક્કરથી બચાવશે. પ્રાર્થના સભા પછી, સુબ્રમણિએ મિશનરી પાસેથી આશીર્વાદિત પાણી એકત્રિત કર્યું અને તેને તેમના મગફળીના ખેતરમાં છાંટ્યું. પડોશી ખેતરો જંગલી ડુક્કરો દ્વારા તબાહ થઈ ગયા હોવા છતાં, ઈશ્વરપિતાએ સુબ્રમણિના ખેતરની રક્ષા કરી. આ ચમત્કારિક હસ્તક્ષેપથી સુબ્રમણિને સુવાર્તામાં રસ લેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા, અને તેમણે અર્પણ તરીકે મગફળી આપી.

**MAY**
**20**
**સોમવાર**

*Happy Birthday*

શ્રી સ્ટેનલી જ્યોર્જ
શ્રીમતી એસ્તર એસાક્કિયાહ
શ્રીમતી જ્ઞાનલીન સેલ્વા વિજીલા સુન્દરસિંગ
શ્રી મિજર્યો કિસ્કુ, શ્રી એલાનગોવાન એસ.
શ્રી એડવર્ડ રાજદુરાઈ આર.

## બેલુરઘાટ :

### કિંગ્સલી લિવિંગ્સ્ટન આર. અને ડેલ્ફિન, રંજન ખસાલા

**સ્તુતિ :** ૭ ગામોમાં ૭૦૦ લોકોને સુવાર્તા પ્રગટ કરવા, રાત્રિ સભાઓ, ૪૦ ગૃહ મુલાકાતો, ૫ સ્થળે જીસસ ફિલ્મના કાર્યક્રમો કરવા ઈશ્વરપિતાએ અમને સક્ષમ કર્યા હતા. બેલાઈન ગામના સંતોષ હંસદાનો પરિવાર અશુદ્ધ આત્માના ત્રાસને કારણે અવારનવાર બિમાર રહેતો હતો તેમને સાજાપણું મળ્યું હતું. બોનહાટ ગામના એમોસ કિસ્કુને અમારી પ્રાર્થના સાંભળીને ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા સૈટેલ ગામના લોકોના હૃદય અને મનોને સર્વશક્તિમાન ઈશ્વરના પ્રેમને સમજવા માટે ખોલે, કારણ કે ૧૩ મી માર્ચના રોજ આ ગામમાં કેટલાક લોકોએ અમને રોક્યા હતા અને અમને ધમકી આપી હતી કે આ ગામમાં સુવાર્તા પ્રગટ કરવા માટે ફરી આવવું નહીં. ડાલ્બુ હસદા, સુદેવ હસદા, મિકેલ કિસ્કુ, રામજીત મુર્મુ અને સંતોષ મુર્મુ પરિવારો જાહેરમાં તેમનો વિશ્વાસ કબૂલ કરવા તૈયાર થઈ રહ્યા છે, ઈશ્વરપિતા તેઓને અસરકારક સાક્ષી બનાવે અને પ્રભુ પરના તેમના વિશ્વાસમાં મજબૂત બને એ માટે. મિકેલ કિસ્કુ, સ્વપ્ના મુર્મુ માનસિક વિકારથી, કવિતા મુર્મુ ચેતાતંત્રની ગંભીર સમસ્યાથી, બાબુલુ હસદા હાઈ બીપીથી અને કોમલા ટુડુના સાંધાના દુખાવામાંથી સાજાપણું મળે એ માટે. દુન્યવી આનંદના વ્યસની એવા વિશ્વાસીઓને પવિત્ર જીવન જીવવા માટે મુક્તિ મળી શકે એ માટે.

## માલદા :

### ઉદિપ્ત કુમાર બેગ અને સૂર્યકાંતિ

**સ્તુતિ :** જ્યારે સાખ્રી બહારીએ પ્રાર્થના કરી ત્યારે તેણીને બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું અને તેણીના ઉચ્ચ અભ્યાસ માટે કોલેજમાં જોડાઈ શકી હતી. ઘણા નવા આવનારાઓ જડગુંડી ખાતેના પ્રભુમંદિરની સંગતમાં સતત પ્રાર્થનાની જરૂરિયાતમાં હાજરી આપે છે. ઈશ્વરપિતા પ્રભુમંદિરના વડીલો અને સ્થાનિક સુવાર્તિકનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે.

**પ્રાર્થના :** ગોલપારા લોકજૂથમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે. વિશ્વાસીઓના બાળકો શિક્ષણમાં રસ દાખવે અને ઉચ્ચ અભ્યાસમાં જોડાય તે માટે. વિશ્વાસીઓ આધ્યાત્મિક રીતે વૃદ્ધિ પામે અને તેમના પોતાના લોકો સુધી સુવાર્તા ફેલાવે એ માટે.

## તપન :

### હરમોહન અને સુસામા

**સ્તુતિ :** નિર્મલાના પેટમાંથી સર્જરી દ્વારા એક મોટી ગાંઠ દૂર કરવામાં આવી હતી. સરકારે નાગદગર પ્રભુમંદિરમાં બે બાથરૂમ અને શૌચાલય બનાવ્યા છે. વડીલ નયનસિંગની પત્ની લગ્નના ૭ વર્ષ બાદ ગર્ભ ધારણ કરી શકી હતી. નેથુલમેડાના તમામ વિશ્વાસીઓએ ૨૪ કલાકની પ્રાર્થનામાં ભાગ લીધો હતો.

**પ્રાર્થના :** નિગામા અને મહિન્દ્રા ગામોમાં ચર્ચ બનાવવા માટે જમીન મળે એ માટે. પાસબાડામાં

MAY
21
મંગળવાર

*Happy Birthday*

શ્રીમતી વિજયારાની આલ્બીન ટી.

ચર્ચના વડીલ દ્વારા ભેટમાં આપવામાં આવેલી જમીનમાં ટૂંક સમયમાં એક પ્રભુમંદિર બનાવવામાં આવે એ માટે. પરિમલ મુર્મુ, ગોપાલ માર્ડી, મારમ હંસદા, કાબાસે કિસ્કુના તારણ માટે. યુવાનો ઉત્સાહપૂર્વક પ્રભુમંદિરની સંગતમાં હાજર રહે અને સુવાર્તા પ્રચારના સેવાકાર્યમાં ભાગ લે એ માટે. પ્રભુમંદિરના વડીલો પ્રભુમંદિરની પ્રવૃત્તિઓને વધુ મહત્ત્વ આપે એ માટે. વિશ્વાસીઓ ટૂંક સમયમાં બાઈબલ વાંચવાનું શીખે એ માટે. શર્મિલા કિસ્કુનો જમણો હાથ અને પગ નબળો છે, ઈશ્વરપિતા તેને સાજાપણું આપે એ માટે.

### પકુઆહટ :

### રામક્રિષ્ન અને અંજલિ દેવી

**સ્તુતિ :** ૧૨ વ્યક્તિઓએ ઈસુને તેમના જીવનના પ્રભુ તરીકે સ્વીકાર્યા છે. નિમડાંગા ગામમાં નવું પૂજા સમૂહ શરૂ કરવામાં આવ્યું છે. ૧૦ ગામોમાં સુવાર્તા પ્રચાર સેવાકાર્ય કરવામાં આવ્યું હતું જેના દ્વારા ૭૦૦ લોકોને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ઓરાવન લોકજૂથના એક પરિવારે પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો હતો. યુવા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં ભાગ લેનારાઓએ આશીર્વચન પાઠવ્યા હતા.

**પ્રાર્થના :** પ્રભુમંદિરના વડીલો સુંગુ ટુડુ, રામ સોરેન, સાબેલ હેમ્બ્રોમ અને વકીલ હેમ્બ્રોમ તેમના મંડળની આગેવાની કરે એ માટે. અવિનાશ મુર્મુ, મિથુન મુર્મુ અને શ્રીનાથ મુર્મુને તેમના વિશ્વાસની જાહેરમાં કબૂલાત કરવા આડે આવતા અવરોધ દૂર કરી શકે એ માટે. સ્થાનિક સુવાર્તિક સુરજીત જલદીથી સાજા થાય અને સેવાકાર્યમાં સંપૂર્ણ રીતે સામેલ થાય એ માટે.

## છત્તીસગઢ

### ચાંપા :

### વિનોદ કુમાર સિંગ અને પ્રવતિ

**સ્તુતિ :** ૧૦૦૦ કલાકની પ્રાર્થનામાં ભાગ લેનારા તમામ લોકો તેમના પારિવારિક જીવનમાં દૃશ્યમાન ફેરફારો જોઈ રહ્યા છે. લાલ રામને થયેલા અકસ્માતમાંથી ઈશ્વરપિતાએ તેમને સાજાપણું આપ્યું હતું. છેલ્લા ૫ વર્ષથી માનસિક રીતે બિમાર બિદ્યાની બહેનને ઈશ્વરપિતાએ પ્રાર્થના દ્વારા સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા બલી રામને ચમત્કારિક સાજાપણું આપે જેમની બંને કિડની ફેલ થઈ ગઈ છે અને પરિણામે આખા શરીરમાં સોજા આવ્યા છે. અરબિંધ લાહોર અને લેવેને દારૂના વ્યસનમાંથી મુક્ત કરવામાં આવે એ માટે. રત્નાકરનો પતિ તેને પ્રભુમંદિરની સંગતમાં જવાથી રોકે છે, ઈશ્વરપિતા તેનું હૃદય પરિવર્તન કરે અને રત્નાકરની અનિયમિત માસિકની સમસ્યા દૂર કરે એ માટે.

## ઓડિશા

### જશીપુર :

### સેમ્યુઅલ જે. અને હવિલાહ

**સ્તુતિ :** ૩૬ વ્યક્તિઓએ પ્રભુ ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. ઈશ્વરપિતાએ કેટલાક વિશ્વાસીઓના જીવનને વાઘથી બચાવ્યા હતા કે જ્યારે તેઓ બજારમાંથી પાછા ફરતા હતા ત્યારે રસ્તા પર ઉભા હતા. પુડી મંડળના એક વિશ્વાસી કે જેઓ તમિલનાડુમાં સ્થળાંતર કરી ગયા

MAY
22
બુધવાર

*ઉપવાસ પ્રાર્થના દિવસ*

## Happy Birthday

શ્રી જેયાશેકર પી.ટી.
શ્રી સુનિલ દત્તા કારા
શ્રી બિપીન બિહારી પ્રધાન

હતા જ્યારે તેઓ ઘરે પાછા ફર્યા ત્યારે તેમના ઢોર ગુમ થઈ ગયા હતા, પરંતુ જ્યારે તેઓએ કુટુંબ તરીકે પ્રાર્થના કરી ત્યારે તેમના બધા ઢોર ઘરે પાછા ફર્યા હતા.

**પ્રાર્થના :** દુકરગોથા અને સાંતિકમ્મન ગામોમાં સુવાર્તાનો વિરોધ ઓછો થાય અને આ ગામોમાં નવા વિશ્વાસીઓ હિમંતભેર બને એ માટે. પુડી અને કુલીયાદુરાઈ ગામમાં દારૂના વ્યસનીઓને વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. સિમિલીપાલ ગામના ૧૦ ઢોરને વાઘે મારી નાખ્યા હતા, જેમાંથી ૩ આપણા વિશ્વાસીના હતા, ઈશ્વરપિતા આ વાઘથી મિશનરીઓ, વિશ્વાસીઓ અને સ્થાનિક સુવાર્તિકનું રક્ષણ કરે એ માટે.

## જામ્બાની :

### એફ્રાઈમ મલ્લી અને પ્રોસોન્સિતા મલ્લી

**સ્તુતિ :** નવી ૩ જગ્યાએ આરાધના સંગત શરૂ કરવામાં આવી છે. કંગન અને પાટસોલા ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ૨ જગ્યાએ કાપણી પર્વની ઉજવણી અને ૪ જગ્યાએ સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** થર્પો બાંગી અને સારથી હેમબ્રોમ પ્રભુનો સ્વીકાર કરે એ માટે. રામનગરમાં જમીન અંગેના વિવાદ માટે અને જેઓ ખ્રિસ્તીઓનો વિરોધ કરે છે તેમના હૃદય પરિવર્તન માટે. કુમારન બાંગીના સંબંધીઓ તેમના વિશ્વાસનો વિરોધ કરતા હતા છતાં તેમણે હિંમતભેર પ્રભુ પરનો વિશ્વાસ કબૂલ કર્યો હતો, તે પ્રભુમાં મજબૂત બને એ માટે.

## રાયરંગપુર :

### કુના ચંદ્ર પાઈક અને કુતાંજલિ પાઈક

**સ્તુતિ :** ૩ પરિવારો આરાધના સંગતમાં હાજરી આપી રહ્યા છે. ૪૦૦ વિશ્વાસીઓ માટે યોજાયેલ વિશેષ મેળો આશીર્વાદિત રહ્યો હતો. ૫ વ્યક્તિઓએ પ્રભુ ઈસુ પર વિશ્વાસ જાહેર કર્યો હતો.

**પ્રાર્થના :** આરાધના સંગતમાં હાજર રહેલા તમામ લોકો તેમના જીવનમાં પ્રભુ તરીકે ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરે એ માટે. ગુંદુરિયા, પટકાસાકી, કાલિમાટ્ટી અને રૂતાસાકી સુવાર્તાનો વિરોધ કરે છે તેઓ ઈસુના શિષ્યો બને એ માટે. વિશ્વાસીઓ અને અન્યવિશ્વાસીઓ વચ્ચેના વિવાદનો સોહાર્દપૂર્ણ રીતે અંત આવે એ માટે. જેઓ પ્રભુ ઈસુ પરના તેમના વિશ્વાસને હિંમતભેર જાહેરમાં કબૂલ કરવાની રાહ જોઈ રહ્યા છે તેઓને માટે. સંગ્રામ, કૈલાશ અને આનંદ બૈરુને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે.

## ધેનકનલ :

### અશોક નાયક અને સુરભી નાયક

**સ્તુતિ :** ૧૭ વ્યક્તિઓએ ઈસુને તેમના જીવનના પ્રભુ તરીકે સ્વીકાર્યા છે. મહાસભાનો કાર્યક્રમ યોજાયો હતો અને તે ફળદાયી બની રહ્યો હતો. જે ૨ વ્યક્તિઓએ બાઈબલ પ્રાપ્ત કર્યા છે તેઓ ઈસુના પ્રેમથી પ્રભાવિત થાય એ માટે.

**પ્રાર્થના :** એક નવો પરિવાર રઘુબેલ પ્રભુમંદિરમાં હાજરી આપી રહ્યો છે, તે પ્રભુ ઈસુ પરના તેમના વિશ્વાસની કબૂલાત કરે એ માટે. પસાઈપેટો અને રઘુબેલ ગામોમાં આરાધના સંગત માટે સારી જગ્યા

MAY
23
ગુરૂવાર

*Happy Birthday*

શ્રી કન્નુસામી થોમસ
શ્રી વિજય બાબુ એસ.
શ્રી ગોપીક્રિષ્નન એમ.

મળે એ માટે. આ ક્ષેત્રમાં વધુ એક મિશનરીની જરૂરિયાત માટે. મિશનરીઓ અને સ્થાનિક સુવાર્તિક ગરમીથી સુરક્ષિત રહે એ માટે.

## ગુજરાત

### ચોરંબા :

### આર. પુષ્પરાજ અને જ્યોતિ નિર્મલા

**સ્તુતિ :** ૧૩ લોકોએ આનંદપૂર્વક સુવાર્તિક પત્રિકાઓ અને ૩ નવા કરારો પ્રાપ્ત કર્યા છે. ૧૪ લોકોને સુવાર્તા પ્રગટ કરવામાં આવી છે. ઉમરકચ્છ ગામમાં શ્રદ્ધાળુઓ માટે નિયમિત રાત્રિ સભાઓ શરૂ થઈ છે. કિમડુંગરા, કસવાવ અને રાધીપુર ખાતેના પ્રભુમંદિરમાં નવી ૪ વ્યક્તિઓ રવિવારની સંગતમાં હાજરી આપી રહી છે. નેત્રંગ મહિલા સભામાં મહિલાઓ "આનંદિત ઘર" કાર્યક્રમની આગેવાની કરવા સમર્પિત થઈ હતી. ૬૭ યુવાનોએ નેત્રંગ વીબીએસ ડાયરેક્ટર્સની તાલીમમાં ભાગ લીધો હતો.

**પ્રાર્થના :** ચોરંબા ગામમાં રમીલાબેન ગર્ભાશયના કેન્સરથી પીડિત છે, તેમના સાજાપણા માટે. રાધીપુરા ગામના નીતાબેનને કિડનીની પથરીની સમસ્યા અને પેટના તીવ્ર દુઃખાવાથી સાજાપણું મળે એ માટે. ગાંડોલી ગામના વિશ્વાસમાં નબળા પડેલા કચ્છી ફળિયા પરિવારનો વિશ્વાસ પુનઃસ્થાપિત થાય એ માટે. રાધીપવા ગામના વિનેશભાઈએ દારૂ પીવાના વ્યસનમાંથી મુક્ત કરવા અને પ્રભુ સાથેનો સંબંધ પુનઃસ્થાપિત કરવા માટે.

### સુરત :

### માધવરોય એમ. (નિવૃત્ત) અને જેબાથંગમ

**સ્તુતિ :** નવા ૫૦ લોકોએ સુવાર્તા સાંભળી હતી. પ્રિયંકાબેન વિશ્વાસમાં પાછા આવ્યા હતા. વિપિનભાઈને નોકરી અને ભાડાનું મકાન મેળવવા સક્ષમ બનાવ્યા હતા. શોભાના પુત્રે પેટની સમસ્યામાંથી, રજંતીબેનને આખા શરીરની ખંજવાળ અને રાજકુમારીબેનને ચક્કર આવવાની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું.

### રાસાયણિક ખાતર વિ. પવિત્ર (પ્રાર્થના દ્વારા અભિષિક્ત) પાણી !

ઝારખંડના જગનાથપુરમાં રોશન નામના ખેડૂત રહેતા હતા, જેમણે ટામેટાંની ખેતી કરવા માટે નોંધપાત્ર રકમનું રોકાણ કર્યું હતું. જો કે, ફૂલોના તબક્કા દરમિયાન, તેના છોડ સૂકાવા લાગ્યા, અને ફૂલો કરમાઈ જવા લાગ્યા. વિવિધ ખાતરો નાખવા છતાં પાકની તબિયતમાં કોઈ સુધારો થયો નહી. આખરે રોશને તેની પોતાની પદ્ધતિઓ છોડી દીધી અને પ્રાર્થના કરવાનું નક્કી કર્યું, ત્યારબાદ તેણે આખા ખેતરમાં આશીર્વાદિત પાણી છાંટ્યું. ચમત્કારિક રીતે, પાક પુનઃજીવીત થયો અને પહેલા કરતાં વધુ ઉત્પાદન મેળવ્યું. ઈશ્વરપિતાની સ્તુતિ થાઓ !

**MAY**
**24**
**શુક્રવાર**

## *Happy Birthday*

શ્રી વેથામનિકમ અપ્પાદુરાઈ એન.

**પ્રાર્થના :** દારૂના વ્યસની રાજુભાઈના પરિવારમાં મુક્તિ અને શાંતિ માટે, તેમણે તેમની પત્નીને માર માર્યો હતો અને તેણીને તેમની પુત્રી સાથે તેમના વતન ખાતે ખોરાક વિના ભૂખ્યા રહેવા માટે છોડી દીધી હતી અને સુરતમાં તેમની સાથે રહેલા તેમના પુત્રને પણ માર્યો હતો. નિશાને સંતાન પ્રાપ્તિ થાય એ માટે, કેમ કે તેના પતિ સુજીતભાઈ દારૂના વ્યસની છે અને તેણીને સંતાન ન હોવાને કારણે તેણીને સખત માર માર્યો હતો. પુષ્પાબેન પતિને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે, તે તેણીને અને તેના પુત્રોને પ્રભુ પરના વિશ્વાસને કારણે માર મારતા હતા. ૫ વર્ષની બાળકી સ્વીટી જે મૂંગી છે, રોઝાની માનસિક સમસ્યામાંથી, પ્રીતિબેનને મસાની બિમારીમાંથી, કુશીને થાઈરોઈડની, પ્રિયંકાબેનને હતાશાની બિમારીમાંથી સાજાપણુ મળે એ માટે. સમીરભાઈને દારૂના વ્યસન અને ખરાબ સોબતમાંથી મુક્ત કરવા જેથી તેઓ કામ કરી શકે અને કુટુંબની જરૂરિયાતો પૂરી કરી શકે એ માટે. બિનાબેન અને ઈલેશભાઈને યોગ્ય જીવનસાથી મળી રહે એ માટે. ગૌરવભાઈને સારી નોકરી મળે એ માટે કારણ કે તે હાલના કામમાં સમસ્યાઓનો સામનો કરે છે.

### મોસડા :

### પાઉલ રાજ આર અને કોઈલ પુષ્પમ એલ.

**સ્તુતિ :** નિવેલ્ધા પ્રભુમંદિરના વડીલ ચુનીલાલભાઈને ૬ મહિનાથી ગળામાં દુઃખાવો હતો જેમને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. દિલીપભાઈએ આપણી પ્રાર્થનાઓ દ્વારા સાજા થવાનો અનુભવ કર્યા પછી તેમના પરિવાર સાથે જાહેરમાં પ્રભુ પરના તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી. ૧૦ મહિનાનો બાળક વિકાંસી જન્મથી બિમાર હતો તેને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. ડબકા ગામના વિશ્વાસી જેતુબેનના ભાઈને ખોટા કેસમાં ધરપકડ કરીને જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો, ઈશ્વરપિતાએ અમારી પ્રાર્થનાઓ સાંભળીને તેમને જેલમાંથી છોડાવ્યા હતા. મગનભાઈને કમળામાંથી અને ૧૮ મહિનાના બાળક આસ્થાને ન્યુમોનિયામાંથી સાજાપણું મળ્યું હતું. ફુલસર ગામના અનિલભાઈને અમારી પ્રાર્થના દ્વારા આખા શરીરની બળતરા અને માનસિક બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** દિલીપભાઈ અને જોતિકાબેનના પરિવારને બાળકરૂપી આશીર્વાદ મળે એ માટે. નટવરભાઈના મોટા પુત્ર નિક્કિલનું ૧૮ વર્ષની ઉંમરે હૃદયરોગના કારણે અવસાન થયું હતું, તેમને દિલાસો પ્રાપ્ત થાય એ માટે. પુનિયાભાઈની એકમાત્ર પુત્રી તક્ષા લાંબા સમયથી બિમારી સામે ઝઝુમી રહી હતી અને તેનું ૧૮ વર્ષની વયે અવસાન થયું હતું, તેમના દિલાસા માટે. સિશા ગામની સુનિતાબેનને માનસિક અશાંતિ અને રમનાબેનને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળે એ માટે.

### ઝાવડા - સેન્ટ થોમસ અંગ્રેજી શાળા અને હોમ :

### હરિબાબુ અને પંકજમ, ઓગસ્ટિન અને જોયસ શોભના, સતીશ અને ક્રિસ્ટી જયંતિ, બીજુ લાલ અને સ્ટેફી, ડેનિયલ રાજમાની અને સોફિયા, રૂથ, મૈના, આલ્બર્ટ સંતોષ રાજ

**સ્તુતિ :** આવનારા શૈક્ષણિક વર્ષ માટે બાળકોની પસંદગી કરવા માટે લેવામાં આવેલા ઈન્ટરવ્યુમાં

**MAY**
**25**
**શનિવાર**

***Happy Birthday***

શ્રીમતી ફ્રીડા બેબી એડવર્ડ સેમ
શ્રીમતી રાજા રત્નમ અબ્રાહમ
શ્રીમતી ક્રિસ્ટા રવિ કુમાર, શ્રી કિન્સલી એ.આર.
શ્રીમતી શાયલા કુપ્પુસ્વામી, શ્રી ઝમ્મિનલુન ટી.
શ્રી વિજય કુમાર

ઘણા નવા બાળકોએ ભાગ લીધો હતો. વૈભવીનું સફળતાપૂર્વક ઓપરેશન થયું હતું અને તે ફરીથી શાળામાં જોડાઈ હતી. ૮મા ધોરણના વિદ્યાર્થીઓને સરકાર દ્વારા લેવામાં આવતી એપ્ટિટ્યુડ ટેસ્ટમાં ભાગ લેવાની તક મળી હતી.

**પ્રાર્થના :** જે બાળકોએ બોર્ડની પરીક્ષા આપી છે તેમાં સારા માર્ક્સ મેળવે એ માટે. જે વિદ્યાર્થીઓ NEET પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે તેઓ તેને ક્લીયર કરી શકે એ માટે. બાળકો માટે રમતગમતનું મેદાન ઉભું કરવા માટે શાળાની બાજુમાં આવેલી જમીન વધુ સમય માટે ભાડાપટ્ટે મળી રહે એ માટે.

## ભાવનગર :

## અખિલેશ કુમાર અને કિરણ દેવી

**સ્તુતિ :** ઓમપ્રકાશ, દેવપાલ અને બાલ્કેશભાઈએ ઈસુ ખ્રિસ્ત દ્વારા નવા જીવનનો અનુભવ કર્યો છે. મમતાબેનને પ્રાર્થના દ્વારા શેતાની શક્તિઓના બંધનમાંથી મુક્તિ મળી હતી જેમાં તે છેલ્લા બે વર્ષથી પીડાઈ રહ્યા હતા. શિપયાર્ડમાં કામ કરતી વખતે લોખંડની પ્લેટ તેમના પગ પર પડતાં ત્રિલોકીભાઈને ભારે ઈજાથી બચાવ્યા હતા. એક મહિનાથી પેટના દુઃખાવાથી પીડાતા સોનમબેનને સતત પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** પરવડી ગામના હિરકાબેન લાલુભાઈને છેલ્લા બે વર્ષથી કિડનીની પથરીની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. અલંગ ગામના હીરાલાલાભાઈને અને પેરુભાઈને દારૂના વ્યસનમાં મુક્તિ મળે એ માટે. લીલાબાઈ ઘૂંટણના દુઃખાવાને કારણે છેલ્લા છ વર્ષથી પોતાના પગ પર ઊભા રહી શકતા નથી, તેમના સાજાપણા માટે. મહેન્દ્રભાઈને અકસ્માત નડ્યો હતો અને હોસ્પિટલમાં દાખલ થયા હતા, તેમના સાજાપણા માટે. આપણા નવા સંપર્કમિત્ર મનીષભાઈ તેમની બોર્ડની પરીક્ષાઓ સારી રીતે પાસ કરે અને તેઓ હીરાની કંપનીમાં નોકરી કરતી વખતે તેમનો અભ્યાસ ચાલુ રાખી શકે એ માટે. આપણા મિશનરી કિરણ દેવીના કાનના પડદાને નુકસાન થયું હોવાથી સર્જરી કરાવી હતી, તેમના સાજાપણા માટે.

## સહ્યાદ્રી પ્રદેશ :

## વિનુ પી. અને સુહી મલાર

**સ્તુતિ :** ૧૦ વિવિધ સ્થળોએ હાથ ધરેલી સેવામાં ૨૪૦ લોકોએ પ્રભુ પર તેમનો વિશ્વાસ જાહેર કર્યો હતો. ૧૩ સ્થળોએ યુવા સભા, ૧૫ સ્થળોએ મહિલા સભા અને ૩ સ્થળોએ ઉપવાસ સહિતની પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. થીસગાડી અને વંચેટેમરૂન ગામોમાં ઈશ્વરપિતાના મહિમા અર્થે પ્રભુમંદિરોને સમર્પિત કરવામાં આવ્યા હતા.

**પ્રાર્થના :** ૧૭-રાત્રિ પ્રાર્થનાઓ જે નવી રીતે શરૂ કરવામાં આવી હતી તે કોઈપણ અવરોધ વિના હાથ ધરવામાં આવે એ માટે. ૫ નવા પરિવારોએ પ્રભુનો સ્વીકાર કર્યો હતો તેઓ પ્રભુમાં મજબૂત બને એ માટે. કેરગામ અને રાંધા હોસ્ટેલ સારી રીતે કામ કરે એ માટે.




## *Happy Birthday*

શ્રીમતી સિસિલી જ્ઞાનમ રાજકુમારી અરુમાઈનયગમ
શ્રી બાબુરાજ કે. શ્રીમતી મિશેલ જહોન સેમ્યુઅલ
શ્રીમતી જેબાલા વિજયકુમાર
શ્રીમતી હેપઝી સેલ્વન થાવમની
શ્રીમતી તુંબડા રસિલાબેન રમુભાઈ
શ્રી ડેનિયેલ રાજમનિ એસ.

## દાદરા નગર હવેલી

### રાન્ધા હોમ :

### મરકુસ માલ્ટો અને સારા માલ્ટો, ચંદ્રિકાબેન, એન્જલ રાજ આર.

**સ્તુતિ :** રવિવારની શાળા, પ્રાર્થના જૂથોનું આયોજન કરવામાં આવ્યું હતું અને તમામ બાળકોને બાઈબલ વાર્તાઓ શીખવવામાં આવી હતી. બાઈબલ અભ્યાસ ઉપરાંત યુવાનો અને બાળકો માટે સામાન્ય જ્ઞાન માટેની ક્વિઝ, બાઈબલ ક્વિઝ અને મુખપાઠ કલમોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમે ૪૪ વરિષ્ટ બાળકો તેમજ ૩૦ વિદ્યાર્થીઓને વધારાનું ટ્યુશન આપી શક્યા હતા કે જેઓ અભ્યાસમાં નબળા હતા તેઓને વધુ સારુ શિક્ષણ મળી શકે. ઈશ્વરપિતાએ ૧૦મા ધોરણમાં ભણતા આનંદ અને ૨જા ધોરણમાં ભણતા પુનિતને હાથના ફ્રેક્ચરમાંથી સાજાપણું આપીને તેમના નિયમિત વર્ગોમાં હાજરી આપવા સક્ષમ બનાવ્યા હતા.

**પ્રાર્થના :** છેલ્લા ચાર મહિનાથી પીઠના દુઃખાવાથી પીડાતા બાદલભાઈ અને શ્રવણભાઈને સાજાપણું મળે એ માટે. ૧૦ મા અને ૧૨ મા ધોરણના વિદ્યાર્થીઓને તેમની બોર્ડની પરીક્ષામાં સારા માર્ક્સ મળે એ માટે. બધા બાળકો તેમનો અભ્યાસ સારી રીતે કરતા રહે એ માટે. આ બાળ સેવાકાર્યમાં જોડાવા માટે સમર્પિત સ્ટાફ મળી રહે એ માટે.

### સિલ્વાસા :

### ડેવિડસન રાજાસિંગ અને કનમનિ પરિમલમ

**સ્તુતિ :** ખાનવેલ, કોરીપાડા અને અંતર્પાડા વિસ્તારોમાં યોજાયેલી સભાઓમાં ૧૮૨ લોકોએ જાહેરમાં પ્રભુ ઈસુ પર પ્રેમ દર્શાવ્યો હતો. પોપડા ગામના સુરેશ બાબુ કે જેઓ ૫ વર્ષથી માનસિક રીતે વિકલાંગ હતા તેમને ઉપવાસ સહિતની પ્રાર્થના દરમિયાન સાજાપણું મળ્યું હતું. સંગુબેન અને જાનકીબેનને સાપના ડંખથી અને સવિતાને વીંછીના ડંખથી બચાવી લેવામાં આવ્યા હતા. ૪ ગામોમાં ઉપવાસ સહિતની પ્રાર્થના કરવામાં આવી હતી, જેના દ્વારા ઘણા વિશ્વાસીઓને આશીર્વાદ મળ્યા હતા.

**પ્રાર્થના :** આગામી યુવા રીટ્રીટ માટે પ્રાર્થના કરો. અમીતાબેનને લકવાની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. પારૂબેનને બાળકરૂપી આશીર્વાદ મળે એ માટે. સિલી ગામના પ્રભુમંદિરના વડીલો અને યુવાનો વચ્ચે શાંતિ સ્થપાય એ માટે.

## મહારાષ્ટ્ર

### સુરગણા :

### ટી. માયલસામી અને યેસુમની

**સ્તુતિ :** મોહાડી, સાકોરી અને રણવાડામાં સુવાર્તા માટે દરવાજા ખુલ્યા હતા. રંજુનેય ગામમાં સુવાર્તા માટે દરવાજા ખુલ્યા હતા અને ત્યાં આરાધના સંગત શરૂ થવા જઈ રહી છે. સૂર્યગઢ ગામના ૨ નવા પરિવારો જાહેરમાં પોતાનો વિશ્વાસ કબૂલ કરવા તૈયાર છે. પલસાણ ગામની રવિનાબાઈને

MAY
27
સોમવાર

## *Happy Birthday*

શ્રી સાયરસ સેમ્યુઅલ, શ્રી જોસેફ દુરાઈરાજ પી.
શ્રીમતી રેબેકલ જ્ઞાનમ ચાર્લ્સ ચેલ્લાકુમાર
શ્રીમતી અરુલમેરી અનબાઈઆહ, શ્રી સેમ્યુલ જેબાકુમાર એ.
શ્રીમતી માયા સુસાન સુનિલ કે. મેથ્યુ
શ્રી એલિશા દાઈમે, શ્રી ડેવિડ આર.

તેમના લગ્ન જીવનના ૮ વર્ષ બાદ સંતાન પ્રાપ્ત થયું હતું.

**પ્રાર્થના :** સ્થળાંતરિત વિશ્વાસીઓ તેમના વતનમાં પાછા આવે એ માટે જેથી કૌટુંબિક આધ્યાત્મિક સભા, મહિલા સભા, બાળકોની સભા, યુવા સભાઓ યોજી શકાય. પલસાણ અને ઉમ્બરપાડા ગામોમાં આરાધના જૂથો શરૂ કરવામાં આવે એ માટે. સૂર્યગઢ, પલસાણ અને રંજુની ગામોમાં જે લોકો જાહેરમાં પોતાનો વિશ્વાસ કબૂલ કરવા તૈયાર છે તે કોઈપણ અવરોધ વિના કરી શકે એ માટે.

## અક્કલકુવા :

### જગમોહન સિંગ અને સ્વાતિ

**સ્તુતિ :** ૧૮ ગામોમાં ફોલો-અપ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું અને નવા ૩૬ લોકોએ પ્રભુના વચનો સાંભળ્યા હતા. ૨ સ્થળોએ ગુડ ફ્રાઈડેની સંગત અને ૪ સ્થળોએ ઈસ્ટરની સંગતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિનીતાબાઈનું ગર્ભાશયનું ઓપરેશન સફળ થયું હતું.

**પ્રાર્થના :** આમલીબારી મંડળના વડીલ મધુકર નાઈકનું નિધન થયું હતું તેમના દિલાસા માટે. સંગીતાબાઈને સ્ત્રીરોગની સમસ્યામાંથી સાજાપણું મળે એ માટે. આપણા સેવાકાર્યના સ્વયંસેવકો ઉષાબેન અને સુનીલભાઈના સારા સ્વાસ્થ્ય માટે.

## પેઈન્ટ :

### એલેક્સ પ્રભુ અને પ્રિયા હેથઝી

**સ્તુતિ :** ૨૩ લોકોએ પ્રભુ પર તેમનો વિશ્વાસ કબૂલ કર્યો હતો. બુગાટબાડા પ્રભુમંદિરમાં પુરુષો અને મહિલાઓ માટે અલગ-અલગ નાના પ્રાર્થના જૂથો શરૂ કરવામાં આવ્યા છે. ત્ર્યમ્બકેશ્વર તાલુકાના સિગડ, સિસવાડા, સિરાબલી, થમોડી અને પકોહાલ ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખુલ્યા હતા અને ત્યાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. દાનાબાડા ગામની મધુબનીએ જ્યારે રવિવારની સંગતમાં હાજરી આપી હતી ત્યારે કાળા જાદુની અસરને કારણે શારીરિક રીતે ખૂબ જ નબળી હતી.

**પ્રાર્થના :** અંબે ગામનો એક યુવાન છોકરો ગોરખ તેની નાભિમાંથી સતત બહાર નીકળતા પરુમાંથી સાજાપણું મળે એ માટે. બુગતપાડા ગામના હરિને જંગલી ડુક્કરના કરડવાથી તેની જાંગ પર થયેલી ઈજાઓમાંથી ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે. માનસિક બિમારીને કારણે સામધન ઘણીવાર ઘર છોડીને જતો રહે છે તેના સાજાપણા માટે. દીપક આત્મહત્યાના વિચારો સાથે સંઘર્ષ કરે છે તેની મુક્તિ માટે. પંગુલવા ગામની ૧૦ મહિનાની અરબાને લકવાની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

## ધનુ :

### બસવરાજ અને સનમાથા

**સ્તુતિ :** ૩૭ વ્યક્તિઓને ખ્રિસ્તના વાડામાં ઉમેરવામાં આવ્યા હતા. આ ક્ષેત્રમાં સ્થળાંતરિત રહેવાસીઓમાં સફળતાપૂર્વક સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. વિવિધ સ્થળોએ કરવામાં આવેલી ૧૦૦૦ કલાકની પ્રાર્થનાઓ વિશ્વાસીઓ માટે આશીર્વાદિત રહી હતી. નાના જૂથના આગેવાનો માટે તાલીમી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

MAY 28 મંગળવાર

## *Happy Birthday*

શ્રીમતી જેયાસેલ્વી મનિમરન

**પ્રાર્થના :** નરપડા ગામના લોકો સુવાર્તાનો વિરોધ કરે છે તેઓ પ્રભુનો સ્વીકાર કરે એ માટે. પ્રભુમંદિરના વડીલ મંગેશને ઈશ્વરપિતા માનસિક બિમારીમાંથી સાજાપણું આપે એ માટે. વાંગન અને કંજડા મંડળો તેમના મુખ્ય પ્રભુમંદિરમાં પાછા ફરે એ માટે. સિલર પ્રભુમંદિરમાં આરાધના સંગત વિરોધને કારણે બંધ કરવામાં આવી હતી તે ફરી શરૂ થાય એ માટે. સ્થાનિક સુવાર્તિક તેના પોતાના લોકને ખ્રિસ્ત માટે જીતવા બોજ સાથે જોડાય એ માટે.

## કર્ણાટક

### હુબલી પ્રાદેશિક કાર્યાલય :

### સુનિલ કુમાર અને સંગીતા

**સ્તુતિ :** પ્રાર્થના દ્વારા બસવન્ના વદ્દારને તેમની જમીન તેમના નામે પાછી મળી હતી. ૧૨ વર્ષ બાદ હેમાને પ્રાર્થના દ્વારા સંતાન પ્રાપ્ત થયું હતું. ગીતાને તેના પેટના તીવ્ર દુઃખાવામાંથી પ્રાર્થના દ્વારા ચમત્કારિક સાજાપણું મળ્યું હતું, જ્યારે ડોક્ટરોએ સર્જરી દ્વારા તેના પેટમાંથી પથરી કાઢવાની સલાહ આપી હતી. સ્ટ્રોકને કારણે લકવાગ્રસ્ત ગંગવવાને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** ધુંશી ગામની સુરક્ષા માટે જેમાં મુસ્લિમ સમુદાયના નઝીર અને રાજાસાબાએ જાહેરમાં ઈસુ ખ્રિસ્ત પર તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી અને પ્રભુમંદિરમાં હાજરી આપી હતી પરંતુ તેઓ વિરોધનો સામનો કરી રહ્યા છે. જયશ્રીને તેના બંને હાથની એલર્જીમાંથી સાજાપણું મળે એ માટે. રૂકમાન શેતાનના બંધનમાંથી છૂટે એ માટે કારણ કે તે ખરાબ સપનાને કારણે રાત્રે ઉંઘી શકતી નથી. સુનકમ્મા સુરક્ષિત અને સામાન્ય પ્રસૂતિ થાય એ માટે. કમલમ્માને "યેલમ્મા" નામના દુષ્ટ આત્માના બંધનમાંથી મુક્ત કરવા માટે, તેને કારણે તેણી તેના બાળકો અક્કમ્મા અને ગીતાને પ્રભુમંદિરમાં જવા દેતી નથી. નિર્મલાને લાંબા સમયથી સંતાન ન હોવાથી બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે.

### ખાનપુર

### વિનયરાજ અને શાંતા

**સ્તુતિ :** અકસ્માતમાં અસર પામેલ રુદ્રપ્પાના જમણા કાનની શ્રવણશક્તિ અને જમણા હાથની હિલચાલ પુનઃસ્થાપિત થઈ હતી. પરિવારના સભ્યો કે જેઓ સુરેશને ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ હોવાને કારણે તેનો વિરોધ કરતા હતા, હવે તેમને તેમના માટે પ્રાર્થના કરવા વિનંતી કરી રહ્યા છે. યેલ્લપ્પા

### સુવાર્તાનો બોજ !

મહારાષ્ટ્રના ઈગતપુરી જીલ્લાના મુગુવંડી ગામમાં મંજુલા નામની એક વિશ્વાસી રહેતી હતી, જે એક પ્રખર પ્રાર્થના યોદ્ધા હતી. મંજુલા અને આપણા મિશનરીઓ સુવાર્તા ફેલાવવા પડોશના ગામ કરોલી ગયા હતા. કરોલીના લોકોને જોઈને, જેઓ તેમના નશાના વ્યસન માટે જાણીતા હતા, તેઓ તેમની વચ્ચે હૃદય પરિવર્તન માટે પ્રાર્થના કરવાનું શરૂ કર્યું, કરોલીના કેટલાક લોકો પ્રાર્થના માટે તેમના ઘરે ગયા, સમય જતાં, સંગતની સંખ્યામાં વધારો થવા લાગ્યો.




**Happy Birthday**

શ્રીમતી સકીના કૃપા રક્ષાના બર્રે
શ્રી ઈમેન્યુએલ એસ.

અને બાસપ્પાના ઘર બાંધકામની સમસ્યાઓના નિરાકરણ આવ્યું હતું. આપણા પ્રભુમંદિરના વડીલ બાસપ્પાની ડાબી પાંસળીમાં ફ્રેક્ચર અને બાઈક અકસ્માતને કારણે થયેલી ઈજાઓમાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** આપણા ચર્ચના વડીલ બાસપ્પાએ પેશાબની નળીમાંથી પથરી દૂર કરવા માટે સર્જરી કરાવી હતી, તેમના ઝડપી સાજાપણા માટે. ઘણીવાર બિમાર રહેતી સુધાની સલામત પ્રસૂતિ માટે, હવે સ્વાસ્થ્ય સમસ્યાઓને કારણે તેણીએ નોકરી છોડી દીધી છે. પ્રમોદને નોકરી મળે, તેમજ તેના સ્વાસ્થ્ય માટે. નિર્મલાને લાંબા સમયથી બાળક નથી, ઈશ્વરપિતા તેણીને બાળકરૂપી આશીર્વાદ આપે એ માટે. રેવ. વિનયરાજને તેમની લાંબી સારવારમાંથી ચમત્કારિક સાજાપણા માટે. આપણો મિશનરી પુત્ર સેમ્યુઅલ એમબીબીએસ કરવા માટે સીએમસી કોલેજમાં પ્રવેશ મેળવી શકે એ માટે.

# આંધ્રપ્રદેશ

## નલ્લામાડા :

### દિનેશ મરૈયા અને મેરી મુર્મુ

**સ્તુતિ :** ૭ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી અને નવા ૮૫૧ લોકોએ સુવાર્તા સાંભળી હતી. રામાપુરમની રુથામાં જે હેતુ વગર આમતેમ ફરતી હતી તેને માનસિક અસ્વસ્થતામાંથી સાજાપણું મળ્યું હતું, પરંતુ તેણીના પરિવારના સભ્યોએ તેણીને પ્રભુમંદિરની સંગતમાં ભાગ લેતા અટકાવી હતી, તેઓએ પસ્તાવો કરવો જોઈએ. ૩ વર્ષથી માથાના દુઃખાવાથી પીડાતા લક્ષ્મીદેવમ્માને સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** સાધકો માટે લક્ષ્મી દેવી, ભગૈયામાં, હર્ષા, હરિસિતા, ગંગાલોમા, નરશીમુડુ, અંજીનાઈલુ, રાવણમાં, નરશીમુડુ, અમુરુથા શ્રી, લોકેશ, વિસુનુ, અનુદેપા ચંદિરિકા, સુનીતા, લક્ષ્મી દેવી, જયમા અને સિંધુ પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરે એ માટે. જયમાક્કા વાજબી દરે કોઈપણ પ્રકારની ગૂંચવણ વિના પોતાની જમીન વેચી શકે એ માટે. તબીથા અસ્થમાની બિમારીમાંથી સાજી થાય એ માટે.

## રોડ્ડામ :

### દેબાદત્ત લિમા અને સોનિયા

**સ્તુતિ :** બંધપલ્લી ગામમાં પ્રભુમંદિરના વડીલ માટે તાલીમી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લગભગ ૧૮ લોકોએ આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. કમ્બલાપલ્લી, સાહપુરમ, કોગીરા, એલજીબી નગર, કાલુકુંટે અને નાલુરુ ગામોમાં ત્રણ સુવાર્તા પ્રચારના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. ફિલ્મ સેવાકાર્ય નાલુરુ, તાડંગીપલ્લી, બાંદપલ્લી અને સાનીપલ્લી ગામમાં કરવામાં આવ્યું હતું જેના દ્વારા ૧૨૦ લોકોએ સુવાર્તા પ્રાપ્ત કરી હતી.

**પ્રાર્થના :** વેંકેતાપુરમ અને કામ્બલાપલ્લી ગામોમાં આરાધના સંગત શરૂ થઈ શકે એ માટે. ગૌરવમ્માને દુષ્ટ આત્માથી મુક્તિ મળે એ માટે. ગોવિંદપ્પાને બીજા

**MAY 30**
**ગુરૂવાર**

## *Happy Birthday*

શ્રી રેઉબેન રવિ એમ.
શ્રી મેરલીન જેનેટ ફ્રેન્કલીન
શ્રીમતી ગ્લેડી બેઉલાહ સેમ્યુલ જેબાકુમાર
શ્રી ઈસરાયેલ નાથાનિયેલ એડવર્ડ એસ.
શ્રી વાવચન એમ.પી., શ્રીમતી ઉષા યેશુબાબુ
શ્રીમતી અંજલી દેવી બન્ટુમિલ્લી અગ્ગીબાડા

સ્ટેજના બ્લડ કેન્સર અને મુથિયાલાપાને અલ્સરની ગંભીર સમસ્યામાંથી સાજાપણું મળે એ માટે.

### પેનુકોંડા :

### કોંકા ગિરીબાબુ અનો લોર્ડુ મેરી

**સ્તુતિ :** ૨ વ્યક્તિઓએ પ્રભુ ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા અને પ્રભુ ઈસુના વાડામાં જોડાયા હતા. ભૂમિકા એક ટ્રાન્સજેન્ડર વિશ્વાસી છે, જેણે આરાધના સંગતમાં આવવાનું બંધ કરી દીધું હતું, તે આ દિવસોમાં નિયમિતપણે હાજરી આપે છે. લેન્ટના દિવસોની બધી પ્રાર્થનાઓ, ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરની સંગતો કોઈપણ સમસ્યા વિના સારી રીતે ચાલી હતી.

**પ્રાર્થના :** રશેલ અને યાકૂબને બાળકોરૂપી આશીર્વાદ મળે એ માટે. અમ્મુવરીપલ્લીના નારાયણમ્માને નર્વસની સમસ્યામાંથી અને રામપુરમ ગામના પ્રેમાકુમારીને લકવાની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

### પાલમનેર :

### પોલ કુપ્પુસ્વામી અને શાયલા કે.

**સ્તુતિ :** થલ્લાપલ્લી પ્રભુમંદિરમાં આયોજીત વડીલોની તાલીમમાં ૧૯ સભ્યોએ ભાગ લીધો હતો અને આશીર્વાદ મેળવ્યા હતા. ૨ લોકોએ પ્રભુ ઈસુને પોતાના તારણહાર તરીકે સ્વીકાર્યા હતા. ચંગમ્માના પગમાંની ગાંઠને સફળતાપૂર્વક દૂર કરવામાં આવી હતી અને બાયોપ્સી રિપોર્ટ સારો આવ્યો હતો.

**પ્રાર્થના :** આગામી મુખ્ય આગેવાનોની તાલીમ, નવા વિશ્વાસીઓની તાલીમ અને મહિલાઓની તાલીમ આશીર્વાદિત થાય. અપ્પીનાપલ્લી વિસ્તારમાં ગુરુની પ્રેરણાને કારણે લોકો સેવાકાર્યની વિરુદ્ધ બાબતો કરી રહ્યા છે, તેઓ ખ્રિસ્તને જાણી શકે એ માટે. સુરકુંતલા ગામના આપણા નવા વિશ્વાસી રામનપ્પાના ૪ ઘેટાંઓને એક કૂતરાએ કરડ્યું હતું તેની કિંમત તેમને લગભગ રૂા. ૭૦,૦૦૦ પડી હતી, ઈશ્વરપિતા તેને મજબૂત બનાવે એ માટે. ઈશ્વરપિતા રેડપ્પા, ગંગાધર, જેમ્સ, આનંદ અને બાલકૃષ્ણનને દારૂ પીવાના વ્યસનમાંથી મુક્ત કરે એ માટે. વિશ્વાસમાં નબળા પડેલા ગજ્જલવરીપલ્લીના વિશ્વાસીઓ વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય અને પ્રભુમંદિરમાં નિયમિત હાજરી આપે એ માટે. હેમલતાની સલામત અને સામાન્ય પ્રસૂતિ માટે. આપણા મિશનરી પોલ કુપ્પુસ્વામીના પુત્ર પ્રણિતના સારા સ્વાસ્થ્ય માટે, કારણ કે તે ઓછી રોગપ્રતિકારક શક્તિને કારણે ઘણી વાર બિમારીનો ભોગ બને છે. ગંભીર ટીબીમાંથી વેંકટરામન, પગમાં ગાંઠમાંથી એસ્થેરમ્મા, હૃદયની બિમારીમાંથી નાગરથ્ના અને જોયસ મેરીએ તાજેતરમાં ગર્ભાશયનું ઓપરેશન કરાવ્યું હતુ, તેઓના સાજાપણા માટે.

## તમિલનાડુ

### સ્થળાંતર સેવાકાર્ય :

### દેવદોસ (રિટા.) અને અસનાથ

**સ્તુતિ :** યુપી અને નેપાળના ૨ લોકો ખ્રિસ્તના વાડામાં ઉમેરાયા હતા. હિન્દીમાં શેરી પ્રચાર અને

**MAY**
**31**
**શુક્રવાર**

## *Happy Birthday*

શ્રી ચંદ્રન કે.વી.
શ્રી વિજયન ટી., શ્રી અરુલ અસીર ડી.
શ્રીમતી શાંતિ બર્ધન મનોજ કુમાર પાની
શ્રીમતી સ્વાતી શર્મા જગમોહન સિંગ

ફિલ્મ શૉ દ્વારા પુલિયામંગલમ ખાતે સુવાર્તાપ્રચાર સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. ગુડફ્રાઈડેની સંગત વધસ્તંભ પરથી પ્રભુ ઈસુએ ઉચ્ચારેલી સાત વાણીમાંથી છ વાણી અંગે ઉપદેશ નવા વિશ્વાસીઓ દ્વારા જ કરવામાં આવ્યો હતો. ઈસ્ટરની રવિવારની સેવા કોરાટ્ટર અને થંડલમ ખાતે હાથ ધરવામાં આવી હતી. ૨૦૦૦ થી વધુ હિન્દી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** રાજની પારિવારિક સમસ્યા હલ થાય અને તેઓ સાથે રહે એ માટે. ૯ મી જૂન રવિવારના રોજ રેલ્વે વિભાગમાં શ્રી જોસેફ સુબ્રમણ્યમની આગેવાની હેઠળ એક વિશેષ સુવાર્તા પ્રચારના કાર્યક્રમ દ્વારા સમગ્ર તમિલનાડુમાં ૧૫૦૦૦૦ હિન્દી પત્રિકાઓનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રભુ તે વિશ્વાસીઓના પ્રયત્નોને આશીર્વાદ આપે એ માટે, જેઓ ઉત્તર ભારતમાં તેમના પોતાના ગામોમાં - બિહારમાં પ્રભાકર, ઓરિસ્સામાં બાબુલાલ અને બિહારમાં અવદેશ - તેમના પોતાના લોકને સુવાર્તા પ્રગટ કરવા ગયા છે એમના માટે.

## પ્રામાણિક ન્યાયાધીશ !

ઝારખંડના જગનાથપુરમાં બબીથા નામની એક વિશ્વાસી રહેતી હતી. તેણી પાંચ મહિનાની ગર્ભવતી હતી જયારે તેનો પતિ ગુજરાતમાં પરપ્રાંતિય મજૂર તરીકે કામ કરતો હતો. ઈશ્વરપિતામાં વિશ્વાસનો ત્યાગ કરવાના તેણીના સંબંધીઓના દબાણનો સામનો કરીને, તેણીએ જમીન અંગેના વિવાદો અને તેના જીવન માટેના જોખમો સહન કર્યા. જીવનમાં ઉથલપાથલ હોવા છતાં, બબીથા પ્રાર્થનામાં અડગ રહી, શાંતિથી તેના વિરોધીઓ માટે મધ્યસ્થી કરી. અચાનક, તેના પ્રતિસ્પર્ધીના સંબંધીઓમાંના એકને જીવલેણ અકસ્માત થયો. જેના કારણે બબીથાએ તેમની પ્રાર્થના દ્વારા તેમને શાપ આપ્યો હોવાનો આક્ષેપ કર્યો. વાટાઘાટોના પ્રયાસો છતાં, તેના સંબંધીઓ અવિશ્વસનીય રહ્યા. તેમ છતાં, બબીથાની પ્રાર્થનાનો જવાબ આપવામાં આવ્યો, જેનાથી તેના જીવનમાં શાંતિ આવી. આવો આપણે પ્રાર્થના કરીએ કે તેણી શાંતિપૂર્ણ જીવન જીવે અને અન્ય લોકો માટે શક્તિશાળી સાક્ષી બને.

## પરમેશ્વરે જીવનનો શ્વાસ ફૂંક્યો !

હરિયાણાના દિનેશપુરના તેજાપુરા ગામમાં વિક્કી કેલાર નામની એક વિશ્વાસી રહેતી હતી, જેને પ્રસૂતિ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ડોક્ટરોએ જાહેર કર્યું કે તેણીને જન્મેલ બાળક મૃત્યુ પામેલ છે. વિકટ પરિસ્થિતિ હોવા છતાં, તેણીએ બાળકના જીવન માટે આપણા મિશનરીઓ અને તેના પરિવાર સાથે ખંતપૂર્વક પ્રાર્થના કરવાનું શરૂ કર્યું. થોડા કલાકો પછી, દરેકના આશ્ચર્ય વચ્ચે, બાળકે શ્વાસ લેવાનું શરૂ કર્યું. હાલેલુયા !

## ૩૯૪
### મિશનરી જીવનચરિત્ર

ભાઈ ઈમ્મેન્યુએલનો જન્મ તેમના માતા-પિતા શ્રી સૂસાઈ મણિકમ અને શ્રીમતી રાજેશ્વરીના સૌથી નાના બાળક તરીકે ૨૮-૦૬-૧૯૮૯ ના રોજ અરુપુકોટ્ટાઈમાં થયો હતો પરંતુ તેઓ વિરુધુનગર જીલ્લાના કરિયાપટ્ટીમાં રહેતા હતા. તેમનો એક મોટો ભાઈ અને એક મોટી બહેન છે. તેમના જન્મ પહેલા તેમના પરિવારે રોમન કેથોલિક પૃષ્ઠભૂમિના લેમેન્સ ઈવેન્જલિકલ ફેલોશિપ ચર્ચ દ્વારા ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો. તે વચનનું બાળક હતું અને ઈશ્વરપિતાએ તેમના રાજ્યના વિસ્તરણ માટે તેનો ઉપયોગ કરવાનું વચન આપ્યું હતું. ઈમેન્યુએલનો જન્મ ઈશ્વરની બીક રાખતા માતાપિતાને ઘરે થયો હોવા છતાં, તેમણે શરૂઆતમાં ખ્રિસ્તને સ્વીકાર્યા ન હતા પરંતુ પાપી જીવનમાં પ્રવેશ કર્યો. તેમણે B.Sc પૂર્ણ કર્યું. અમેરિકન કોલેજ, મદુરાઈ ખાતે કમ્પ્યુટર સાયન્સ, અને એક વર્ષ માટે એમનેટ સિસ્ટમ્સ, ટિનામ્પેટ, ચેન્નાઈ ખાતે વેબપેજ ડેવલપર તરીકે કામ કર્યું. તેમને અછબડા અને ફાસ્ટ ફુડના સેવનને કારણે આંતરડામાં ચાંદા પડવાનું અને આંતરડાને ગંભીર નુકસાન થયાનું નિદાન થયું હતું. પ્રભુએ તેમના માતાપિતા અને ભાઈ-બહેનોની પ્રાર્થના સાંભળી અને તેમને સાજાપણું આપ્યું. ત્યારબાદ, તેમણે સાઈરામ ઈન્સ્ટિટ્યુટ, મદુરાઈ ખાતે મિકેનિકલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમાંનો અભ્યાસ પૂર્ણ કર્યો અને મહિન્દ્રા વર્લ્ડ સિટી, સુંદરમ ફાસ્ટનર્સ લિમિટેડમાં કામ કર્યું. તેમની માતાની પ્રાર્થના અનુસાર, તેમણે ૨૫ વર્ષની ઉંમરે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો. ૨૦૧૪ માં તેમના ચર્ચ મલ્લંકીનારુ, વિરુધુનગરમાં વી.બી.એસ.ના સેવાકાર્યમાં સામેલ થયા હતાં, ત્યારે તેમને તારણ પ્રાપ્ત થયું હતું. ત્યાર બાદ ઈશ્વરે તેમને પૂર્ણ સમયના મિશનરી તરીકે સેવા આપવા તેડુ આપ્યું. આ તેડાને પગલે, તેમણે નોકરીમાંથી રાજીનામું આપ્યું અને ૨૦૧૫ માં FMPB માં જોડાયા.

ઈશ્વરે તેમને ૧૨ એપ્રિલ, ૨૦૧૫ ના રોજ હિમાચલમાં લોકો વચ્ચે કામ કરવાનું દર્શન આપ્યું અને તેમણે ૨ વર્ષ સુધી હિમાચલમાં સેવાકાર્ય કર્યું.

બહેન સંગીતાનો જન્મ તેમના માતા-પિતા શ્રી ઈસરાવેલ વેલ્લાદુરાઈ અને શ્રીમતી અન્નપુષ્પમની બીજી પુત્રી તરીકે ૧૭-૧૨-૧૯૯૩ ના રોજ શિવસૈલાનૂર, તેનકસીમાં થયો હતો. તેને એક મોટી બહેન અને બે નાની બહેનો છે. તેના પિતા ઈંટના ભઠ્ઠામાં કામ કરે છે અને FMPB ના પ્રાર્થના જૂથના આગેવાન તરીકે સેવા આપતા પાર્ટ-ટાઈમના સેવાકાર્ય સાથે સંકળાયેલા હતા. તેણીના માતા-પિતાએ તેમની ચાર પુત્રીઓમાંથી એક મિશનરી બનવા માટે પ્રાર્થના કરી હતી. તેણીએ સારાહ ટકર શિક્ષક તાલીમ, તિરુનેલવેલી ખાતે તેણીનું ડી.ટી.એડ. પૂર્ણ કર્યું અને ૪ વર્ષ સુધી ઝારખંડના પાંડેનીમાં સેન્ટ થોમસ શાળામાં સ્વયંસેવક શિક્ષક તરીકે કામ કર્યું. દરમિયાન, ઈશ્વરે તેણીને પૂર્ણ સમયની મિશનરી બનવા માટે તેડુ આપ્યું. પરંતુ તેણે શરૂઆતમાં ના પાડી. તેણી ડેન્ગ્યુ અને મેલેરિયા બંનેથી પ્રભાવિત હતી, તેની પ્લેટલેટ્સની સંખ્યા ઘટીને ૧૭,૦૦૦ થઈ ગઈ હતી. જો કે, જ્યારે તેણીએ મિશનરી બનવાનું તેણીનું તેડું સ્વીકાર્યું, ત્યારે બીજા દિવસે તેણીની પ્લેટલેટની સંખ્યા વધીને ૧ લાખ થઈ ગઈ. આમ, તે ઝારખંડની શાળામાં પાછી ફરી.

૨૦૧૭ માં, તેણીના પિતા એક ચર્ચની સમર્પણ વિધી માટે ગયા હતા જે તેમણે પ્રાયોજીત કર્યું હતું. ત્યાં, તેઓ શ્રી ઈમ્મેન્યુએલને મળ્યા, પ્રાર્થના કરી અને તેમની પુત્રીના લગ્ન ૭ મે, ૨૦૧૮ ના રોજ ઈમેન્યુએલ સાથે ગોઠવ્યા. NIM ખાતે સંગીતાએ તાલીમ લીધા બાદ, તેઓ એક કુટુંબ તરીકે હિમાચલ ગયા અને ૨ જુલાઈ, ૨૦૧૯ ના રોજ તેમને અગ્રણી મિશનરી તરીકે મોકલવામાં આવ્યા. નેરવા ક્ષેત્ર, જ્યાં તેમને ઘણા વિરોધનો સામનો કરવો પડ્યો. તેમ છતાં, ઈશ્વરે આ યુગલ દ્વારા નેરવામાં અજાયબ અને અદ્ભુત બાબતો કરી. પ્રાર્થના કરો કે ઈશ્વરપિતા તેમની ઈચ્છા મુજબ તેમને બાળકોનો આશીર્વાદ આપે.



**શ્રી ઈમ્મેન્યુએલ જેબારાજ અને શ્રીમતી સંગીતા પરિવાર**

# સુરત ખાતેની વાર્ષિક સભા

ઈશ્વરપિતાની કૃપાથી અમે ૨૩મી માર્ચ ૨૦૨૪ના રોજ સુરત મુકામે અમારા દાતામિત્રો, પ્રાર્થના મિત્રો તેમજ શુભેચ્છકો માટે વાર્ષિક સભાનું આયોજન કરી શક્યા. આ સભા CNI ચર્ચ, મુગલીસરા, સુરત ખાતે રાખવામાં આવી હતી.



સભામાં લગભગ ૯૫ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. તેમાંથી મોટા ભાગના FMPB ના દાતામિત્રો હતા અને કેટલાક અન્ય લોકો પણ ત્યાં હતા. CNI ચર્ચ મુગલીસરા—સુરતના પાળક રેવ. ડેનિસ અમીન સાહેબે શરૂઆતની પ્રાર્થના કરાવી હતી અને સભાને ખુલ્લી મુકી હતી. વકતા તરીકે એફએમપીબી- ખાનદેશ(મહારાષ્ટ્ર)ના રિજનલ સેક્રેટરી રેવ. જુબરાજ બર્ધન દ્વારા પસંદ કરેલ મદ્રાલેખ ફિલિપી ૩:૧૨ના આધારે ‘‘આગળ ધપો’’ પર મનનિય સંદેશ આપ્યો હતો.

રેવ.દેવુભાઈ અને પરિવાર દ્વારા ખેરવાડા- રાજસ્થાનના મિશન ક્ષેત્ર વિષે વિગતે માહિતી આપી હતી.



સંદેશ અને મિશન ક્ષેત્રની માહિતી ખૂબજ પડકારજનક અને ઉત્સાહપૂર્ણ હતી. સૌથી વરિષ્ઠ અને નિવૃત્ત પાળકોમાના એક એવા રેવ. સિસિલ ડેવિડ સાહેબ, અને વડીલ ફ્રાન્સિસભાઈએ FMPB દ્વારા થતી ઈશ્વરની સેવાની પ્રશંસા કરી અને FMPB સાથેના તેમના ભૂતકાળના અનુભવ દ્વારા સહભાગીઓને પડકાર આપ્યો હતો.

૧૦ વર્ષથી વધુના અંતરાલ પછી આવી મીટીંગ યોજવામાં આવી હોવા છતાં, ઘણા મુખ્ય દાતામિત્રો અને પ્રાર્થના જૂથના આગેવાનો અમારી સાથે ઉભા હતા અને મીટિંગના આશીર્વાદ માટે કામ કર્યું હતું.

અમે મીટીંગની સફળતા માટે આયોજન મીટીંગ અને ખાસ પ્રાર્થના દિવસ રાખ્યો હતો, સાથે, લોકોને લાવવા માટે અમે સારો એવો પ્રયાસ પણ કર્યો હતો જેને ઈશ્વરે દરેક વસ્તુનું સન્માન કર્યું અને સભાને આશીર્વાદિત બનાવી. પ્રભુના નામને મહિમા હો...

**આલેખન : શ્રીમતી પ્રભા ડેવિડ**
**સુરત.**